
હરિઃૐ



# જીવનસ્મરણસાધના

- પૂજ્ય શ્રીમોટા

પૂજ્ય શ્રીમોટા
હરિઃૐ
હરિઃૐ આશ્રમ-સુરત

॥ હરિઃૐ ॥

પૂજ્ય શ્રીમોટા
વિરચિત

# જીવનસ્મરણસાધના

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, (સ્થાપના વર્ષ ૧૯૫૬)
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪ / ૨૭૭૧૦૪૬
Email : hariommota1@gmail.com
Website : www.hariommota.org

© હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ.

❑

| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|
| પ્રથમ | ૧૯૭૩ | ૧૨૫૦ |
| બીજી | ૨૦૦૮ | ૫૦૦ |
| ત્રીજી | ૨૦૧૮ | ૫૦૦ |

❑ પૃષ્ઠ : ૩૬ + ૩૩૨ = ૩૬૮

❑ કિંમત : **રૂ.** ૩૦/-

❑ **પ્રાપ્તિસ્થાન :**
હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની,** મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટૅક્સ, અમદાવાદ-૧૪, મો. : ૯૩૨૭૦૩૬૪૧૪

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

**(ત્રીજી આવૃત્તિ)**

હરિઃૐ આશ્રમ, સુરતને જેઓ મૌનભાવે
હંમેશાં મદદરૂપ થતા રહ્યાં છે,
તેવાં સુરત નિવાસી
**શ્રી કૃતિકા ડી. પટેલને**
પૂ. શ્રીમોટા વિરચિત સાધનાના ઈતિહાસની
કડી સમાન પદ્ય પુસ્તક
**'જીવન સ્મરણ સાધના'**ની
આ ત્રીજી આવૃત્તિનું પ્રકાશન આનંદપૂર્વક
સમર્પણ કરતાં અમો આભારની
ભાવના વ્યક્ત કરીએ છીએ.

તા. ૨૭-૭-૨૦૧૮
ગુરુપૂર્ણિમા, સં. ૨૦૭૪

**ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

**શ્રીમતી જ્યોતિબહેન**

**તથા**

**શ્રી સુરેશભાઈ પટેલને**

**ચરણકમળે**

# સમર્પણાંજલિ

**(પ્રથમ આવૃત્તિ)**

(અનુષ્ટુપ)

જ્યોતિર્મયી, રૂપે જ્યોતિઃ
    પ્રતિષ્ઠિત થયેલ જે,
ફેલાયાં શો જવાનો છે
    સ્વભાવ જ્યોતિનો બધે !
થવાતાંમાં જ સંપૂર્ણ
    **સુરેશ**, જ્યોતિ સાંપડે,
ધરું તે યુગ્મને ભાવે
    સમર્પણાંજલિ પદે.

તા. ૨૬-૧૦-૧૯૭૨ **-મોટા**

હરિઃૐ આશ્રમ, નડિયાદ

। હરિઃૐ ॥

# સંપાદકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાએ તેમની જીવન સાધનાની શરૂઆત નામસ્મરણથી કરેલી, એથી જ એમની ગઝલોના દરેક સંગ્રહમાં સ્મરણને તેમણે પ્રથમ સ્થાન આપ્યું છે.

ઈશ્વરનો મહિમા અપાર છે અને એને સમજવો હોય તો ભગવાનના નામસ્મરણ દ્વારા જ તેની કંઈક ઝાંખી આપણને થઈ શકે. સંસારવહેવારમાં રચ્યાપચ્યા રહેતા સામાન્ય માણસને આ જ ઉપાય માફક આવે એવો છે, અને તે તદ્દન સરળ અને નિર્દોષ હોઈને નુકસાનકર્તા નથી. તેથી, દરેક સંતમહાત્માઓ પણ ભગવાનનું નામ લેવાનો જ આદેશ આપતા હોય છે.

પરંતુ ભગવાનના માત્ર નામસ્મરણથી જ ઈશ્વરની અકળ લીલા સમજાઈ જાય છે એવું નથી. નામસ્મરણ તો ભગવાનને સમજવાનું પ્રવેશદ્વાર જ માત્ર છે, અને એક વખત તેમાં પ્રવેશ કર્યા પછી ઈશ્વરની અકળ લીલાને પામવા માટે શું શું કરવું તેની ગડમથલ થતાં જો શ્રેયાર્થી સાચી રીતે મથતો થશે, તો તેને બીજી બાબતો સમજાયા જશે અને તે તે પ્રમાણે આગળ વર્તવાનું પણ થશે જ.

સ્મરણ દ્વારા પૂજ્ય શ્રીમોટાએ તેમની સાધના કેવી રીતે કરી અને નામસ્મરણ કરતાં કરતાં તેમને કયા કયા પ્રકારની મુશ્કેલીઓ આવી અને તેનું નિરાકરણ પણ કેવી રીતે થયું તેની બધી વાત તેમણે **'જીવન સ્મરણ સાધના'**માં ગાઈ છે.

પૂજ્ય શ્રીમોટાનાં અત્યાર સુધીમાં પ્રસિદ્ધ થયેલાં સ્વાનુભવ શ્રેણીની ગઝલોનાં પુસ્તકોમાં સ્મરણ ઉપર થોડી થોડી ગઝલો આપવામાં આવી છે. જ્યારે આ પુસ્તક આખું માત્ર સ્મરણની

ગઝલોનું છે. એટલે જેમને સાધનામાં રસ છે તેમને સ્મરણનું મહત્ત્વ અને એનાં જાણવાં જેવાં બધાં પાસાંઓનું દર્શન થશે અને એ રીતે જેઓ સ્મરણ કરતાં હશે તેમને માર્ગદર્શન પણ મળશે.

સાધનાની કેડી જ્યાં સુધી આપણને હાથ આવી નથી ત્યાં સુધી આપણે એમાં અટવાઈ પણ જવાનાં અને કોઈ વાર ગોથાં ખાવાનું પણ બનવાનું. એવે સમયે પૂજ્ય શ્રીમોટાએ લખેલી ગઝલો જ આપણને એક અનુભવીની ગરજ સારશે અને ઓથ આપશે. તે રીતે, પૂજ્ય શ્રીમોટાએ આ રીતે વ્યક્ત થઈને આપણને હૂંફ આપી છે, તે માટે આપણે તેમના ઘણા ઘણા આભારી છીએ.

પૂજ્ય શ્રીમોટાની આ **'જીવન સ્મરણ સાધના'**ની ગઝલો છપાવવામાં અમે નિમિત્ત થયા છીએ, તેને અમે અમારું સદ્‌ભાગ્ય માનીએ છીએ. તેમના ઉપદેશ અને આદેશ અનુસાર અમારાથી વર્તવાનું બનો એ જ અભિલાષા.

તા. ૨૬-૧૦-૧૯૭૨ **જ્યોતિબહેન રોહિતભાઈ ગાંધી**
ગુરુવાર

॥ હરિઃૐ ॥

# લેખકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

**'જીવન અનુભવગીત'**થી અત્યાર સુધીમાં પ્રસિદ્ધ થયેલાં મારી ગઝલોનાં પુસ્તકોમાં લખાયેલા 'લેખકના બે બોલ'માં સ્મરણ વિશે જે લખવામાં આવેલું છે, તે વાચકોની જાણ માટે નીચે આપ્યું છે. આ ઉપરથી તે તે કાળે મારા દિલમાં સ્મરણ વિશેની કેવી ઊર્મિ હતી, તે સૌને જાણવા મળશે અને તેની સાથે સાથે સ્મરણ વિશેની સળંગસૂત્રતાનો પણ કંઈક ખ્યાલ આવશે.

### 'જીવન ઝલક'માંથી

**'જીવન અનુભવ ગીત', 'જીવન લહરિ'** અને **'જીવન ઝલક'** એ ત્રણે પુસ્તકોમાં સ્મરણને મેં જે રીતે દોહરાવ્યું છે, તે જોતાં **આ જીવે** સ્મરણ સાધનને જે ભાવે અને જે હેતુની સભાનતાથી લીધા કરેલું છે, તેનો સળંગ ઈતિહાસ તો નહિ, પરંતુ તેનો કંઈક ઈશારો તો મળી શકે તેવું છે.

જે રીતે જે ભાવે શ્રીભગવાનને મારાથી ભજવાનું થયેલું છે, તે જ મેં સ્વજનોને ગાઈ બતાવ્યું છે, અને સ્વજનોને પણ પોતાને શ્રેયાર્થી થવાની ઉત્કટ ઝંખના હોય તો તેવાએ પણ કેવું કેવું થવું જોઈએ તે પણ શ્રીપ્રભુકૃપાથી દર્શાવેલું છે.

### 'જીવન લહરિ'માંથી

સ્મરણને **આ** લેખકે જે રીતે દોહરાવ્યું છે, તે વાંચીને સહૃદયી વાચકને હૃદયમાં લાગ્યા વિના નહિ જ રહે કે લેખકે સ્મરણને કેવા ભાવે અને કેવી રીતે પોતે ઝોડની પેઠે ભાવથી સ્મરણને વળગેલા હતા અને સ્મરણથી તેમનો જીવનવિકાસ કેવાં કેવાં વલણોમાંથી પસાર થતાં થતાં કેવો કેવો થયા કર્યો તેની પણ કથની તેવી તેવી ગઝલોમાં વ્યક્ત થયેલી છે.

## 'જીવન રસાયણ'માંથી

શ્રીભગવાન પરત્વેની જીવનવિકાસની ગતિ પ્રગટાવવામાં સર્વશ્રેષ્ઠ, સહજમાં સહજ, તદ્દન સ્વાભાવિક અને સરળમાં સરળ જો કોઈ સાધન હોય, તો તે શ્રીભગવાનની સ્મરણભક્તિ છે. એવા શ્રીભગવાનના નામસ્મરણથી **આ જીવ**ની **શ્રીહરિ** પરત્વેની અંતર્મુખતા અને અભિમુખતા જીવતી જાગતી કેવી બઢ્યા કરેલી છે, તેનો મને પ્રત્યક્ષ અનુભવ છે. હાલના કાળમાં કેટલાક પ્રતિષ્ઠિત એવા વિચારકો આવા સ્મરણને કંઈક થોડેઘણે અંશે એને અવગણતા હોય એવું કંઈક લાગ્યું છે. વળી, કોઈક તો એને L.S.D.ની સાથે પણ સરખાવી દે છે. શ્રીભગવાનનું નામ લઈ લઈને અનેક સંત-ભક્તો આપણા દેશમાં થઈ ગયા છે અને સંસાર તરી ગયા છે. એવા ભક્ત પ્રત્યેક દેશમાં થયેલા છે અને એવાં નામો કાલ્પનિક પણ નથી. ઇતિહાસમાં એવા ભક્તો પ્રભુભક્તિથી રંગાયેલા અને પ્રતિષ્ઠિત થયેલા છે. શ્રીભગવાનના નામસ્મરણની ભક્તિમાં જેમણે જેમણે ઊંડામાં ઊંડું અવગાહન કરેલું છે અને પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક સર્વ રીતે અને સર્વ ભાવે જીવનને સમર્પણ કરી દઈને **શ્રીહરિ**-ભક્તિમાં પ્રયોગાત્મક રીતે એકધારા સતત અનુભવ મગ્ન થયેલા છે, તેઓને દિલ સ્મરણ એ એક સાંસારિક-મોહકલિલ ભૂમિકામાંથી જીવનને ઊંચે તારવનારું એક મોટામાં મોટું અમોઘ સાધન છે.

**આ** શરીરને ફેફરાનો રોગ થયેલો. તે રોગને મટાડવાને કારણે કોઈ એક સાધુમહાત્માએ શ્રીનર્મદામૈયાના મોખડીના ઘાટની ઉપરવાસ આવેલા શ્રીરણછોડજીના મંદિરના પ્રાંગણમાં તે રોગને મટાડવાને માટે મને **હરિઃૐ** જપવાનું કહેલું. ત્યારે નામસ્મરણ ઉપર શ્રદ્ધા કે વિશ્વાસ મુદ્દલે ન હતાં. મહાત્મા ગાંધીને આ અંગે મેં એક કાગળ પણ લખ્યો હતો. તેઓશ્રીએ તો જણાવ્યું કે શ્રીભગવાનના નામસ્મરણથી પ્રત્યેક રોગ મટી શકે છે. મહાત્મા ગાંધીજીની ઉપર

**આ જીવ**નો અનંત ચેતનાત્મક વિશ્વાસ એટલે આમ શરીરના ફેફરાના રોગને મટાડવાની ગરજે નામસ્મરણને ગ્રહણ કરવાનું બનેલું હતું.

તે રોગ મટ્યો પણ ખરો. તે પછી નામસ્મરણ લેતાં લેતાં જીવનમાં જે પ્રકારનો ઉત્સાહ, ઉમંગ, ખંત, ઉદ્યમ વગેરે વગેરે શ્રીપ્રભુકૃપાથી મને વર્તાવા લાગ્યા અને તે જ કારણથી નામસ્મરણ વધુ ને વધુ લેવાયા કરાયું. અને પછીથી તો એ નામસ્મરણ લેવાતાં લેવાતાં જીવનના ધ્યેયની આછીપાતળી રૂપરેખા **શ્રીહરિ**કૃપાથી **આ જીવ**ના હૃદયમાં પ્રગટવા માંડી. તે સમજણે જીવનના ધ્યેમાં નિશ્ચિત મંડાણ થયું. જીવનના હેતુનો પણ સભાનતાપૂર્વક ઊંડો ઊંડો પ્રેરણાત્મક ખ્યાલ જાગ્યો. પછી તો **શ્રીહરિ** સ્મરણમાં ધ્યેયનું અને હેતુનું શરૂ શરૂમાં તો આછુંપાતળું ધ્યાન રહ્યા કરવાને હૃદયમંથન ચાલ્યા કરતું. જેમ જેમ જીવવાનું ધ્યેય અને તે પરત્વેના હેતુનું જ્ઞાનભાન વધારે ને વધારે સ્પષ્ટ, ચોક્કસ, દિલમાં દિલથી અંકિત થતું ગયું, તેમ તેમ તે નામસ્મરણમાં કંઈક ઑર રંગ જામવા લાગ્યો. હૃદયમાં કંઈક ભાવ પણ પ્રગટવા લાગ્યો. અને એ ભાવ પ્રગટતાં પ્રગટતાં પ્રત્યેક સ્ફુરતાં વિચાર, વૃત્તિ, વલણ, દૃષ્ટિ અને થતાં જતાં કર્મમાં પણ શરૂ શરૂમાં આછીપાતળી તટસ્થતા કેળવાવા લાગી. આજે પણ મને તે તે ભૂમિકાનું સ્પષ્ટ અનુભવદર્શન છે. જેમ જેમ સ્મરણમાં હૃદયની ભક્તિ ગાઢ થતી ગઈ તેમ તેમ એકાગ્રતા પ્રગટવા માંડી અને એની એકાગ્રતા ઉત્તરોત્તર ગાઢ થતાં થતાં તે મનાદિકરણમાં પણ પ્રગટવા માંડી. ભૂમિકાની એવી દશા થતાં જે એક પ્રકારની કળા અને તેમ છતાં તેવું તેવું બધું થતું રહેતું હોવા છતાં-તે સાથે, નોખા રહેવાથી એક પ્રકારની દશાની સહજ ગતિશીલતા જીવનમાં પ્રગટતી અનુભવવા મંડાઈ અને આવી ભૂમિકા પણ આગળ જતાં **શ્રીહરિ**કૃપાથી વિકસતી ગઈ. આમ જોતાં સ્મરણમાંથી તટસ્થતા, વિવેક જાગીને વલણ, વૃત્તિ આદિનું જીવનવિકાસની દૃષ્ટિએ કેવું

ઝીણામાં ઝીણું પૃથક્કરણ થતું રહે છે, તેનો **આ જીવ**ને પ્રત્યક્ષ જીવતોજાગતો અનુભવ છે.

સ્મરણમાં ભક્તિનો ભાવ પ્રગટતાં તેમાં એક પ્રકારનો ચેતનાત્મક નશો જરૂર છે. કોઈ સ્થૂળ પ્રકારનો નશો તેને ઉત્તેજિત કદાચ કરે ખરો અને બુદ્ધિમાં પણ ચમકારો લાવે, તેમ છતાં મનાદિકરણમાં સ્થૂળ નશાથી પ્રગટેલા એવા ચમકારા જીવનની ઊર્ધ્વમાં ઊર્ધ્વ ભૂમિકામાં જીવનની પ્રાકૃતિક ભૂમિકાથી મુક્ત એવા કોઈ અગોચર, અગમ્ય, અવર્ણનીય, દિવ્ય દેશમાં અનુભવગમ્ય એવી ઉત્તરોત્તર ઊર્ધ્વગમ ભૂમિકામાં લઈ જવા માટે મુદ્દલે કામિયાબ નથી તે નિશ્ચિત હકીકત છે. **શ્રીહરિ**કૃપાથી **આ જીવે** એવા નામસ્મરણનો **આ** જીવનમાં પ્રયોગ કરેલો છે અને એ અનુભવાત્મક પ્રયોગના ફળરૂપે આ **'જીવન રસાયણ'**માં તથા એવી પ્રકાશન પામેલી બીજી ચોપડીઓમાં સ્મરણ ઉપર **શ્રીહરિ**કૃપાથી મેં મસ્તીથી લખ્યું છે. સ્મરણને મેં હૃદયના ઉલ્લાસ, આહ્‌લાદ અને મસ્તીભર્યા ઉત્સાહથી વિધવિધ રીતે દોહરાવ્યું છે અને લહેરાવ્યું છે. તે સ્મરણ ઉપરનાં લખાયેલાં ભજનોમાં શ્રીપ્રભુકૃપાથી વ્યક્ત થયેલું છે.

સ્મરણની પણ જુદી જુદી ભૂમિકાઓ છે. અને તેનાં જુદાં જુદાં પાસાં પણ છે. તે બધાંનું સ્પષ્ટ વર્ણન અને હકીકત તે તે ભજનોમાં મેં ઉમળકાથી ગાઈ છે. આ ભજનો માત્ર લહેકા નથી, પરંતુ મારી હૃદયની સમજણથી જીવનવિકાસના પંથના અનુભવોનો પ્રત્યક્ષ રણકાર છે.

મારા શ્રીસદ્‌ગુરુ મહારાજનો મને હુકમ છે કે જીવનના કોઈ અનુભવ પ્રદેશના હકીકતની કશી પણ અતિશયોક્તિભરી હકીકત ભૂલેચૂકે પણ વ્યક્ત થવા દેવી નહિ. જે તે બધું એની સમતોલ દશામાં હોય એ જ યોગ્ય, બાકીનું બધું જ અયોગ્ય. હાલના મારા જીવનમાં પણ મારા શ્રીસદ્‌ગુરુ મહારાજનો એવો જીવતોજાગતો અને પ્રત્યક્ષ અનુભવમાં વર્તાતો દંડ મારી સામે રહ્યા જ કરે છે. તે એક એમની

મારા ઉપરની મહેરબાનીનું સૂચક લક્ષણ છે. જરા પણ આડુંઅવળું થવાતાં અને **જીવ**દશાની ભૂમિકામાં પણ કોઈક વાર બહેકાઈ જવાનું બનતાં, તે દંડનું મને અનુભવદર્શન શ્રીસદ્‌ગુરુ મહારાજની કૃપાથી બનેલું છે અને આજે પણ એ દર્શન છે. તેથી, જીવનનું સમતોલપણું યથાયોગ્ય રીતનું, જ્ઞાનભક્તિપૂર્વકનું **એ**ની કૃપાથી જીવંત રહ્યા કરે છે. એટલે આ જે તે બધું લખાયું છે તે તે બધું તે તે પ્રદેશની તેવી તેવી ભૂમિકાનું યથાયોગ્ય વાસ્તવિક સહજ દર્શન છે.

સ્મરણ એ તો જીવનને અનુભવના ઊર્ધ્વ પ્રદેશોમાં લઈ જનારું સાધન છે, જ્યારે સ્થૂળ નશો પ્રગટ કરનારી વસ્તુ એ ભલે નશો તો ચડાવે કે પ્રેરાવે અને નશાના સમયે તેનાથી કરીને ઉત્તેજના પણ પ્રગટાવી શકે છે, પરંતુ તે બધું પત્યા પછી તો તેવો જીવ નર્યો તામસમાં જ પડે તે પણ નિર્વિવાદ હકીકત છે, જ્યારે સ્મરણમાં તેવું નથી.

જીવનમાં સ્મરણની અખંડાકાર ભાવના પ્રવર્તતાં **જીવ**ની દશા કેવી કેવી થાય છે, તે હકીકત પણ કોઈક કોઈક ભજનમાં વ્યક્ત થયેલી છે.

સ્મરણની ભાવના બઢતાં બઢતાં અને તે સ્મરણમાં જીવંત ભાવ પ્રગટતાં, જીવનના તેવા પ્રયોગવીરને ચરણરજનીયે રજ થયા વિના તે જીવનવિકાસના માર્ગમાં આગળ પ્રગટી શકતો નથી. તેવું તેને પ્રત્યક્ષ દિલમાં દિલથી સમજાય છે અને ત્યારે એને છેક નમ્રમાં નમ્ર થવાની ગરજપૂર્વકની સભાનતા જાગે છે. એવી ખરેખરી ઉત્કટ ગરજની સભાનતા જીવનવિકાસના શ્રેયાર્થીને નમ્રમાં નમ્ર થવાની એના હૃદયમાં તાલાવેલી જગાડે છે, ચેતનાત્મક તત્પરતા પ્રગટાવે છે, અને તેવું નમ્રમાં નમ્ર થવાને માટે તેના દિલની જે નર્તતી અને ચેતનાત્મક સભાનતા જે જ્ઞાનભક્તિપૂર્વક એનામાં જીવંતપણે પ્રગટેલી છે, તે એના જીવનમાં ચરણરજનીયે રજ જ્યારે થાય છે, ત્યારે એના જીવનમાં કોઈ દિવ્ય, રમ્ય અને ભવ્ય જે એક બલિહારી પ્રગટે છે, તેવી વ્યક્ત થયેલી તેના જીવનમાંની બલિહારી અને તેવા

જીવનના ઊર્ધ્વ પ્રદેશના અનુભવમાંથી પ્રગટેલી જે સૌરભ તે એનાથી વ્યક્ત થયા વિના રહી શકતી નથી.

## ‘જીવન આહ્‌લાદ’માંથી

**આ** શરીરને ફેફરાનો રોગ થયો હતો, તે કાજે શ્રીનર્મદામૈયાનાં ચરણકમળમાં નર્યા એકાંતનો લાભ લેવા શ્રીપ્રભુકૃપાથી મારે જવાનું થયું હતું. ત્યાં એક સાધુમહાત્માએ શરીરને ફેફરું આવતું હતું તે દશ્ય અનેક વાર નિહાળ્યું. તેમના દિલમાં મારા પરત્વેની કરુણાની ભાવનાનો ફુવારો ઊછળ્યો, અને તેથી તેમનું દિલ પ્લાવિત થઈને મારા ઉપર કૃપા કરીને તેઓશ્રીએ મને સૂચવ્યું, ‘ભાઈ, તું ભગવાનનું સ્મરણ કર. **‘હરિઃૐ, હરિઃૐ’** એમ જપ્યા કર. જો એમ કરશે તો પ્રભુકૃપાથી તારા શરીરનો રોગ મટી જશે.’

પણ ખરું પૂછો તો તે કાળે મને એવું ભગવાનનું સ્મરણ કરવાથી શરીરના ફેફરાનો રોગ મટી જાય એવો દિલમાં મુદ્દલે વિશ્વાસ ન હતો. મહાત્મા ગાંધીજી ભગવાનનું સ્મરણ કરતા હતા અને નિત્ય પોતાની પાસે માળા રાખતા હતા, તે હકીકતની મને પૂરેપૂરી ખબર હતી. તેથી, મેં પૂજ્ય શ્રી ગાંધીજીને એક કાગળ લખ્યો. તેમાં ઉપરની બધી હકીકત જણાવી.

પૂજ્ય શ્રી ગાંધીજીએ મને તરત કાગળનો જવાબ વાળ્યો કે ભગવાનનું સ્મરણ કરવાથી, તો રોગમાત્ર મટી જાય. તેમના વચનમાં મને સંપૂર્ણ ભરોંસો. તે પછીથી મેં ભગવાનનું સ્મરણ લેવા માંડ્યું. એટલું જ નહિ, પરંતુ દૃઢ મક્કમ નિશ્ચય કર્યો અને વ્રત લીધું કે રોજનું અઢી કલાક તો સ્મરણ કરવું, કરવું ને કરવું જ. ન થાય તો તે દિવસે મુદ્દલે જમવું નહિ. આમ હું તો કરવા લાગ્યો.

સ્મરણ અઢી કલાકથી પણ વધારે થતું. એક તો રોગ મટાડવાની ગરજ. વળી, સ્મરણ લેતાં લેતાં કદી પણ મને કંટાળો આવ્યો ન હતો. પંદર દિવસ પછીથી પાંચ-દસ મિનિટ ઉમેરતો જતો હતો. એમ

ત્રણ માસમાં રોજનું ચાર કલાક ઉપરાંત ભગવાનનું સ્મરણ થવા લાગ્યું, અને ભગવાનનું કરવું કે તેટલામાં શરીરનો ફેફરાનો રોગ મટ્યો.

આ ગાળામાં ભગવાનનું સ્મરણ લેતાં લેતાં જીવનમાં મને ઉત્સાહ, ઉમંગ, ખંત, ઉદ્યમ વગેરે વગેરે મળતું જતું લાગતું હતું. મારે દિલ તે બધું સંપૂર્ણ વાસ્તવિકપણે હતું. એક તો રોગ મટ્યો અને બીજું ગુણો વધવાનો અનુભવ મળ્યો. તેથી, દિલમાં દિલથી બેવડો પ્રોત્સાહિત થઈને **શ્રીહરિ**નું સ્મરણ વધારતો ગયો. સ્વપ્રયત્ને અને દિલના આનંદ, ઉમંગ અને ઉત્સાહથી સ્મરણનો સમય ચૌદ કલાક સુધી તો પાંગર્યો. તે શ્રીપ્રભુકૃપાથી દિલમાં દિલથી જીવનના ધ્યેયનું ભાન જાગી ગયું હતું. જીવનમાં હવે આ એક જ કર્મ શ્રીપ્રભુપ્રીત્યર્થે જ કરવાનું છે, એવી તે કાળની સભાનતા મારા દિલમાં પ્રવર્તી ગયેલી હતી.

પછીથી તો ખેડા જિલ્લાના બોરસદ તાલુકાના બોદાલ ગામે એકાંતમાં એક ખેતરમાં ઝાડની નીચે હું સૂતો હતો. પડખે જ એક બાજુ સદ્‌ગત શ્રી ઠક્કરબાપા અને બીજી બાજુએ શ્રી શ્રીકાંત શેઠ સૂતા હતા. ત્યાં સાપ કરડ્યો અને તે વેળાએ જ વીજળીના ઝબકારાની પેઠે મારા દિલમાં થયું કે જીવનધ્યેય હજી સંપૂર્ણ સધાયું નથી, ત્યાં સુધી મૃત્યુને વરવું નથી. સ્મરણની સાધના રોજની ચૌદ કલાકની થયેલી હોવાથી, એક એવો ટકોરાબંધ જીવતોજાગતો ચેતનાત્મક નિશ્ચય જીવનમાં પ્રગટી ચૂક્યો હતો જ. એ નિશ્ચય સાપના ઝેરનો ભયંકર સામનો કરવાને મારા દિલને (નિશ્ચયે) ખૂબ મક્કમ કરાવ્યો. એક બાજુથી સાપનું ઝેર તદ્દન બેભાન બનાવી દઈને (ભયંકર તીવ્ર, ઉત્કટમાં ઉત્કટ વેદના પ્રગટાવીને) શરીરને મૃત્યુમય બનાવવાને પ્રયત્ન કર્યા કરતું હતું અને બીજી બાજુથી જીવનનું ધ્યેય પ્રાપ્ત થયું નથી, ત્યાં સુધી મૃત્યુને ન વરવાનો દૃઢ મક્કમ જીવંત નિશ્ચય, તેનો ભારે સામનો કર્યા કરતો હતો. આવો તુમુલ સંગ્રામ રચાયો. ત્યારે હરિજન સંઘના બધા જ કાર્યકર્તાઓ પણ ત્યાં હાજર હતા. જેમાંના

આજે પણ ઘણાખરા હજી જીવે છે. મોટેથી હું તો **હરિ**સ્મરણ કર્યા જ કરતો હતો. કેટલાયે બધા મને પૂછ્યા કરતા, પણ કોઈને કશો ઉત્તર દેવાતો ન હતો. બસ એકમાત્ર **હરિ**સ્મરણની ધૂન લાગી હતી. આવો પ્રસંગ કે જે ભયંકરમાં ભયંકર અને જેની કસોટીમાંથી, પરીક્ષામાંથી, પાર ઊતરવું મહા મુશ્કેલમાં મુશ્કેલ હતું. શ્રીભગવાનની કૃપાથી તેમાંથી પાર ઊતરી શકાયું અને તેમાંથી સ્મરણની અખંડતા પ્રગટી. આ છે સ્મરણની સાધનાનો નાનકડો ઈતિહાસ.

**'જીવન તપ'માંથી**

આ શરીરને ફેફરાનો રોગ થયેલો અને તે રોગ ભગવાનના સ્મરણથી મટી જશે તેવું એક સાધુમહાત્માએ મને સૂચવ્યું. શ્રીનર્મદા-મૈયાના મોખડીના ઘાટની પેલી પાર થોડેક આઘે શ્રીરણછોડજીનું મંદિર છે. ત્યાં **આ જીવ** આરામ માટે રહ્યો હતો. ત્યાં એક મહાત્માએ મને **'હરિઃૐ'** એવું રટવાનું કહ્યું અને રોગને મટાડવાની ગરજે સ્મરણ ચાલુ કર્યું અને ત્રણ મહિનામાં રોગ મટ્યો. અને એમાંથી મને સ્મરણની લત પડી ગઈ.

'સ્મરણની લત પડંતાં દિલ, સ્મરણમાં ધ્યાન લાગ્યું છે,
સ્મરણના ધ્યાનમાંથી શો સ્મરણનો સંગ સ્ફુર્યો છે.
હૃદય તે સંગમાં ઊંડું રમ્યા કરવાનું જાગીને,
હૃદય તેમાંથી હેતુનું પ્રવર્ત્યું ધ્યાન ઝગમગીને.'
હૃદયના ભાનથી તેવા ફળવવા હેતુને દિલમાં,
હૃદય અગ્નિ ભભૂકીને મને હોમાવી દીધો ત્યાં.
જીવનના ધ્યેયના ધ્યાને મનન ચિંતવન સતત ઊંડે
-થયાં જઈને, વિષયમાં દિલ શું એકાકાર ! શરણે જે.'

શ્રીભગવાનની કૃપાથી શી રીતે સ્મરણ **આ જીવે** કર્યું છે, તેના જુદા જુદા તબક્કાનું વર્ણન આ ગીતમાં છે. સ્મરણને જીવતુંજાગતું ચેતનાત્મક અખંડાકાર થવા માટે શ્રીપ્રભુકૃપાથી ભારે તપશ્ચર્યા થયેલી

છે. ચૌદ સાડાચૌદ કલાક સુધી તો (શ્રીભગવાનની કૃપાથી) નામસ્મરણ મારાથી લઈ જઈ શકાયું હતું, પરંતુ તે પછીથી ગમે તેટલો પુરુષાર્થ થયો તોપણ તે અખંડ થતું ન હતું. તે શ્રીભગવાનના કૃપારૂપી સર્પદંશથી અખંડ થઈ શક્યું. સ્મરણથી જીવનમાં કેવા કેવા ફેરફારો થઈ શકે છે, તે પણ આ કવિતાઓમાં બહુ જ સ્પષ્ટતાથી જણાવવામાં આવ્યું છે. સ્મરણના પણ જુદા જુદા તબક્કા છે, જુદી જુદી ભૂમિકાઓ છે અને તેમાં સ્મરણ પણ જુદા જુદા પ્રકારનું હોય છે. સ્મરણની અખંડતા પ્રગટ્યા પછીથી જ ભાવનાનો પ્રદેશ શરૂ થાય છે, અને ભાવનાની અખંડતા પ્રગટે છે અને તે ભાવના તેના સર્વોત્તમ શિખરની ગાઢતામાં પ્રવેશે છે ત્યારે જ રૂપાંતરની જીવતીજાગતી ચેતનાત્મક પ્રક્રિયાની શરૂઆત થઈ જતી હોય છે. અને ભગવાનના અનુભવ પ્રદેશનો કિનારો ત્યાંથી શરૂ થાય છે. ચેતનના જુદા જુદા પ્રકારના અનુભવો પણ તેવી દશામાં જ થાય છે.

સ્મરણ એ તો મારા જીવનનો નક્કર પાયો છે. સ્મરણથી જ **आ जीव** હંમેશાં ટટારી અનુભવી રહ્યો છે. સ્મરણથી જ મને ખબરદારી મળેલી. સ્મરણમાંથી જ મને જીવનના હેતુનું ભાન જાગ્યું. જીવનવિકાસના માર્ગમાં માત્ર ઉપરછલ્લી બૌદ્ધિક સમજણ મુદ્દલે કામ આપી શકતી નથી. હૃદયની એકાગ્રતાના ઊંડાણમાંથી જે ભાવનો સૂર પ્રગટે છે, તે જ જીવનને ઘડી શકે છે. ઘડવાને માટે તે જ માત્ર યોગ્ય હથિયાર છે. ભાવ પ્રગટ્યા વિના અને તે જીવંત અખંડ થયા વિના જીવન કદી ઘડાઈ શકતું નથી.

સ્મરણ કરતાં અને સ્મરણ લેતાં લેતાં અને એ સ્મરણ ભાવનાપૂર્વક, ભક્તિપૂર્વક લેવાય છે, ત્યારે તેમાંથી જે આત્મશ્રદ્ધા પ્રગટે છે, ત્યારે એવી આત્મશ્રદ્ધા જીવનનો નક્કર આધાર બની જાય છે. જીવનવિકાસના માર્ગે જો પળવું જ હોય, તો શ્રદ્ધા અનિવાર્ય છે, અને તે શ્રદ્ધા જ્યારે તપશ્ચર્યામાંથી ઊગે છે, કોઈ સાધનના નિરંતરના

અભ્યાસમાંથી કે તેવા પ્રકારની સાધનામાંથી જે શ્રદ્ધા નીતરે છે, તેવી શ્રદ્ધા જ જીવનને ઘડવામાં ઉપયોગી નીવડે છે. એવી શ્રદ્ધા મને સ્મરણના અભ્યાસમાંથી શ્રીપ્રભુકૃપાથી મળી છે. સ્મરણના સેવનમાંથી જીવનને ઘડવાને માટે ઉપયોગી એવા ગુણો પણ મને મળેલા. ભાવ તો ખરો જ. આત્મવિશ્વાસ પણ સાથે સાથે હોય જ. હિંમત, મર્દાનગી, સાહસ, ધીરજ આદિ ગુણો પણ તેમાંથી જ ઊપસ્યા છે. મર્દાનગીનેય પડકાર કરે એવાં કોઈ પ્રકારનાં સાધનો શ્રીભગવાનની કૃપાથી હૃદયની સ્ફુરેલી પ્રેરણામાંથી જે મળ્યાં, તે **एनी** કૃપાથી સાધી શકવાને માટે ઉપર વર્ણવ્યા તેવા ગુણોની આવશ્યકતા તો ખરી જ, પરંતુ એકલા તેવા ગુણોથી જ ચાલી શકતું નથી. શ્રીભગવાન ઉપરનો પોતાના હૃદયથી નિરંતર જીવંત સેવાયેલો સક્રિય ચેતનાત્મક વિશ્વાસ તે પણ સાથે સાથે તેટલો જ જરૂરનો, અને આવી રીતે સ્મરણમાંથી તે સ્મરણને મેં કેવી કેવી રીતે, કેવી સમજણથી, કેવા હેતુની સભાનતાથી ઉપયોગમાં લીધું, અને તેમાંથી કયાં કયાં પગલાં ફળ્યાં અને શું શું પરિણામ નીપજતું ગયું, તે તે બધું ગાયું છે.

આ સ્મરણ જ્યારે નિરંતરનું જીવતુંજાગતું ચેતનાત્મક પ્રગટ્યું ત્યારે જ **हरि**લીલાની રમતની જરાતરા કંઈક સમજણ પડવા લાગી હતી. આ ખંડનાં ગીતોમાં શ્રીભગવાનની કૃપાથી સાધના પરિપક્વ થતી જતી હતી. ભાવનામાંથી જીવન કેવું પુષ્પ સ્વરૂપે વિકસિત થતું જતું હોય છે, તેનો કંઈક યત્કિંચિત્ ચિતાર આપવાનું બની શક્યું છે.

'**हरि,** તુજ શક્તિ આધારે સળેકડું પહાડ ચઢતું છે,
સમુદ્રો સાત પણ કેવા તરીને પાર કરતું જે !'

શ્રીભગવાનની કૃપાશક્તિથી **आ जीव**થી શું શું અને કેવું કેવું થઈ શક્યું છે, તે દર્શાવવાનું આ સ્થળ નથી. સ્મરણના એકધારા લગાતાર અભ્યાસમાંથી ભક્તિ જાગે છે અને ભક્તિના નિરંતરના હૃદયસેવનથી ભાવની જે સર્વોત્કૃષ્ટ ગાઢતા પ્રગટે છે અને તેના

આધારથી મનાદિકરણો **હરિ**લીલાને અનુભવવાની પાત્રતા પામે છે અને તે ભૂમિકાનો જે આવો અનુભવ તે વાણીથી જોકે વર્ણવી શકાય તેવો નથી, છતાં મારા જેવા બુડથલનો તેમાં નહિ જેવો ચંચુપાત છે.

'સમર્થોનેય ચઢી જાય સમર્થ શ્રેષ્ઠ એવો છે,
**હરિ** સમ કોઈ ચઢિયાતું સકળ બ્રહ્માંડમાં ના છે.'

**હરિ**ના ભક્તને એવો પ્રત્યક્ષ જીવનમાં અનુભવ થાય છે અને **હરિ**ના રસમાં જ બધાંનું મૂળ સમાયેલું છે, તેવો તેનો જીવતોજાગતો પ્રત્યક્ષ અનુભવ પણ છે. હૃદયનો ધડકાર પણ **હરિ**, નયનનો ચમકાર પણ **હરિ**, જીવનનો પ્રેમદરબાર પણ **હરિ**, સર્વત્ર **હરિ**નાં ચરણની વિસ્તારલીલા અને પાછો કેંદ્રમાં પણ પોતે અને કેંદ્રના મધ્યબિંદુમાં પણ તે જ. આવી બધી **હરિ**લીલા અનુભવવામાં તેના ભક્તને છોળો ઉપર છોળો ઊડે છે અને તેવા ભાવથી શ્રીપ્રભુકૃપાથી પ્રેરાઈ આ **હરિ**લીલા ઉપર કેટલાંક ગીતો મારાથી લખાયાં છે.

'અણુ ફૂટ્યા વિના શક્તિ અનુભવ આવતી ના તે,
અણુને ફોડવાની રીત ખરેખર સાધના શી તે !'

સાધના એટલે શું ? તેની સમજણ ઉપરની કડીમાં એની સમગ્રતામાં સમાઈ જાય છે. જેમ અણુને ફોડ્યા વિના અણુની શક્તિ અનુભવાતી નથી અને એ શક્તિ જ્યારે અણુને ફોડ્યા પછી મળે છે, ત્યારે તે શક્તિની મદદ વડે જ અશક્ય લાગે તેવાં મોટામાં મોટાં કર્મ થઈ શકે છે. નવા પ્રકારનાં મૌલિક સર્જનો પણ તેના આધારે જ થાય છે અને આવા પ્રકારની સાધના **આ જીવ**થી શ્રીપ્રભુકૃપાથી થઈ છે, તેના વિશેનાં પણ કંઈક થોડાં ભજન લખાયાં છે.

'ભૂમિકા ભાવની જ્યારે હૃદય સંપૂર્ણ પ્રગટે છે,
શરીરનાયે શું પલટાતા બધા ગુણધર્મ જે તે છે !'

એવી થતી જતી સાધનાના ભાવમાંથી જ્યારે ખરેખરો રસ પ્રગટે છે, ત્યારે એ પ્રકારનો રસ તે રસના પ્રકારના જીવનમાં સર્વ કોઈને

જિવાડતો હોય છે. જીવવાના મૂળમાં આવો કોઈ ને કોઈ પ્રકારનો રસ તો રહેલો હોય છે. રસના પણ જુદા જુદા પ્રકાર છે. જુદી જુદી ભૂમિકાઓ છે, એના દિવ્ય દેશો પણ છે. આ બધા અનુભવની સમજણ સાધનામાંથી પ્રગટતા ભાવ અને રસને કારણે મને જાગી છે.

'અણુને ફોડવું સહેલું નથી કોઈ પ્રકારે તે,
પ્રક્રિયા કેટલીમાંથી પસાર ત્યાં થવાનું છે !'

અને આવા પ્રકારનું મારા જીવનમાં બનેલું છે, અને એ શક્તિને પ્રાપ્ત કરીને તેનો અનુભવ થવા માટે સંકટો, વિઘ્નો, ગૂંચો, મુશ્કેલીઓ, વિમાસણો, અથડામણો, એવા અનેક પ્રકારના અવરોધની ભૂમિકા જ્યારે જીવનમાં પ્રગટી હતી ત્યારે શ્રીપ્રભુકૃપાથી તેનો સામનો કરવા માટે દિલમાં કેટલો જીવંત તલસાટ, તત્પરતા, તાલાવેલી, તમન્ના વગેરે હતાં, તેનો પણ ક્યાંક ક્યાંક ઉલ્લેખ આ સાધનાનાં ગીતોમાં છે ખરો. શ્રીભગવાનની કૃપાથી સાધનામાર્ગમાં કેવી રીતે મથવાનું બન્યું છે, તેનો પણ કોઈક ઠેકાણે ઉલ્લેખ છે ખરો. સાધનામાંથી કેવાં કેવાં પરિણામ નીપજે છે, તે પણ લખ્યું છે. કશું મેં અદબદ રહેવા દીધું નથી. બધું સ્પષ્ટ ફોડ પાડીને લખ્યું છે.

## 'જીવન સ્પંદન'માંથી

**આ જીવ** જીવદશામાં હતો ત્યારે એને ગરજને કારણે સ્મરણ લેવાનું નિમિત્ત જાગ્યું હતું. એ સ્મરણનો ગાળો કેમ કરીને વધ્યા કરે તેની પણ યોજના કરી હતી. રોજ અઢી કલાક તો સ્મરણ લેવું, લેવું ને લેવું જ રહ્યું. ન લેવાય તો જમવાનું બંધ. એમ પંદર દિવસના આંતરા પછી તેમાં રોજ સમય વધારતો ગયો. જ્યારે શ્રીભગવાનની કૃપાથી દસ કલાક સુધી પહોંચી શકાયું ત્યારે તેમાં કંઈ થોડીઘણી ઉત્સાહની લહરી પણ પ્રગટી અને કંઈક ભાવ પણ અનુભવાયો. એ સ્મરણને મહેનત કરી કરીને શ્રીપ્રભુકૃપાથી પંદર કલાક સુધી તો લઈ જવાયું. તે પછીથી ગમે તેટલા જબરજસ્ત પ્રયત્નો થયા તોપણ આગળ

વધી શકાતું ન હતું. એ તો ભગવાનની કેટલી જબરજસ્ત કૃપાપ્રસાદી થઈ કે **તેણે આ** શરીરના **જીવ**ને મધરાતે સાપ કરડાવ્યો. બોરસદ તાલુકાના બોદાલ ગામની સીમમાં ત્યારે એક પડખે શ્રી ઠક્કરબાપા સૂતા હતા અને બીજી બાજુએ શ્રી શ્રીકાંત શેઠ. શ્રીકાંત શેઠ હજી પોતે હયાત છે. જ્યારે સાપ કરડ્યો ત્યારે **આ જીવ**ને લાગ્યું કે હજી ધ્યેય તો સાંપડ્યું નથી, અને ધ્યેયની પ્રાપ્તિ વિના શરીર પડી જાય તે પોસાય તેવું નથી. તેથી, **આ** શરીર-**જીવ**ને તેવો મરણિયો સજ્જડ નિર્ધાર પ્રગટ્યો. એવા નિર્ધારને કારણે એક પ્રકારનું પ્રચંડ, ભયંકર યુદ્ધ પ્રગટ્યું. એક બાજુ ઝેર શરીરને સંપૂર્ણ બેભાન બનાવી દેવાના પ્રયત્નમાં અને તેની સાથે **આ જીવ**નો સતત એકધારો જીવતોજાગતો જીવવાની સભાનતાવાળો પ્રચંડ પ્રયત્ન. આવા ભીષણ કારમા સંગ્રામમાં એકધારું અટક્યા વિનાનું ૭૬ કલાક સુધી સ્મરણ ચાલ્યું. ખાધાપીધા વિના કે કંઈ પણ કશું લીધા વિના. સાપનું ઝેર મંત્રથી ઉતારવા મારા શરીરને બેત્રણ ગામડે લઈ ગયા હતા. તે પછી શ્રી ઠક્કરબાપાએ બોરસદ ગામથી મોટર મંગાવી અને આણંદના ડૉ. કૂકની હૉસ્પિટલમાં લઈ ગયેલા. ત્યારે તો **આ જીવ** શ્રીભગવાનનું નામ મોટેથી લીધા જ કરતો હતો અને તે પણ એકધારું અને સતત. શ્રી ઠક્કરબાપાએ બધી હકીકત સમજાવી. સાપ કરડ્યાને ઘણો વખત થઈ ગયો હોવાથી ડૉક્ટર સાહેબે આંતરડાં ધોઈને સાફ કર્યાં. અને પેટ પણ ધોઈને સાફ કર્યું. આંતરડાં અને પેટમાંથી જે નીકળેલું તેનું પેથૉલોજિકલ એનેલિસિસ કર્યું ત્યારે તેમાંથી ‘ભારે ઝેર છે’ એમ નિદાન થયું. ખ્રિસ્તી મિશનમાં કામ કરનારા ડૉક્ટરો પણ ભગવાનમાં ભક્તિ રાખનારા હોય છે, એટલે ડૉક્ટરે તો કહ્યું, ‘આ છોકરો ભગવાનના સ્મરણને લીધે જીવ્યો !’ એવા જીવસટોસટના ભીષણ સંગ્રામમાંથી જ શ્રીભગવાનના નામની ગંગધારા સતત અખંડપણે વહેવી શરૂ થઈ.

સ્મરણ જ્યારે નિરંતર અખંડાકાર જીવનમાં જીવતુંજાગતું પ્રવર્તતું થઈ જાય છે, ત્યાર પછી જ ભાવનાનું ક્ષેત્ર અંતરમાં ખુલ્લું થતું જાય છે. એ ભાવના જ્યારે તેના અખંડપણામાં નિરંતર જીવતીજાગતી પ્રજ્વલે છે, ત્યારે જ મનાદિકરણનું રૂપાંતર થયા જતું હોય છે, ત્યારે તેમાં પ્રયત્ન હોતો નથી.

આ સ્મરણનો પ્રયોગ ભગવાનની કૃપાથી મેં પ્રયોગાત્મક રીતે પણ ચલાવ્યો છે. આધ્યાત્મિક માર્ગના વિકાસને માટે બીજાં એવાં સાધનોમાં ચિત્તશુદ્ધિ, પ્રાણશુદ્ધિ અને અહંશુદ્ધિ–આ બધું જોઈએ. એવી શુદ્ધિનું પ્રગટીકરણ થયા વિના યોગ તો થઈ શકે નહિ. યોગને માટે શુદ્ધિ અનિવાર્ય. જ્ઞાનમાર્ગને માટે પણ. પાપીમાં પાપી અને અધમાધમ એવા છેક નિમ્નમાં નિમ્ન ગતિના **જીવ** ભગવાનનું સ્મરણ કરીને આ ભવસાગરમાંથી તરી ગયા છે. એવા ઐતિહાસિક દાખલા પણ છે. આ કાળમાં (જેને હું પ્રપંચકાળ કહું છું) ભગવાનનું સ્મરણ એ જ એક ઉત્તમમાં ઉત્તમ તરવાનું સાધન છે. અને એ સાધન પ્રયોગ દ્વારા શ્રીભગવાનની કૃપાથી **આ જીવ**થી સિદ્ધ થયેલું છે. રસ્તે જતાંઆવતાં ભગવાનનું સ્મરણ, ભજન, કીર્તન, ધ્યાન, ત્રાટક આદિ સાધનો **આ જીવ** કર્યા કરતો હતો. અને તે પણ ગુજરાતના સેવાક્ષેત્રમાં તે તે પ્રકારનું સેવાકાર્ય પ્રભુપ્રીત્યર્થે કર્યા કરતાં, કર્યા કરતાં. આ હકીકત ઘણાંની જાણમાં છે.

લાખોગણી સાબિતી ભલેને આપો, પરંતુ જ્યાં સુધી જે **જીવ**ને ભગવાન પરત્વેની ગતિશીલ, ક્રિયાશીલ એવી અદમ્ય જ્વાળામુખીના અગ્નિસમી હૃદયમાં હૃદયથી જિજ્ઞાસા પ્રગટેલી નથી હોતી તેવો **જીવ** કશું કરી શકે નહિ, અને આગળ વધી પણ ના શકે. થોડીઘણી પણ જેનામાં જિજ્ઞાસા છે, એવો **જીવ** તેની પ્રકૃતિ અને સ્વભાવને સાનુકૂળ પડે તેવું કોઈ સાધન લઈ, તેને સતત એકધારું વળગ્યા કરીને તેમાં જ મચેલો, મંડેલો અને મથ્યા કરતો રહે, તો તેવા

**જીવ**માં **પ્રાણ** પ્રગટી શકે છે. મંડ્યા કરાયા વિના **આ** માર્ગમાં કે બીજા કોઈ માર્ગમાં વિકાસનું કામ થઈ શકવાનું નથી.

'જીવન અનુભવ ગીત', 'જીવન લહરિ', 'જીવન ઝલક', 'જીવન સ્મરણ' વગેરે અને આ છપાતી ચોપડીમાં શ્રીભગવાનની કૃપાથી સ્મરણને **આ જીવે** બહુ રીતે દોહરાવ્યું છે. વિચારી વિચારીને **આ જીવ**ને લખવાની કદી આદત નથી. આ જે બધી ચોપડીઓ છપાઈ છે, તે માત્ર થોડાક દિવસોમાં જ લખાઈ ગયેલી છે. અને આ સ્મરણને કેટકેટલાં પાસાંઓથી, જુદાં જુદાં પાસાંઓમાં, જુદી જુદી રીતે અને જુદી જુદી ભૂમિકામાં સ્મરણને કેવી રીતે શ્રીપ્રભુકૃપાથી લીધા કરેલું છે, તેનો જો કોઈ વાચક ખરા દિલથી અભ્યાસ કરે, તો તેને નરી આંખે સમજણ પડે તેવું છે.

સ્મરણનું વિજ્ઞાન આપણી બુદ્ધિ સ્વીકારી શકે અને આપણી સમજણમાં ઊતરી શકે તેવી રીતે એને વિજ્ઞાનપૂર્વક **'જીવન સ્મરણ'**માં સમજાવવાનું થયેલું છે. જેનું દિલ થાય તે તેમાંથી વાંચી લે.

### 'જીવન કથની'માંથી

**'જીવન અનુભવ ગીત'**માંની શ્રીપ્રભુકૃપાથી લખાયેલી ગઝલો પછી નિમિત્તયોગે ગઝલો રચાતી ચાલી, એ મારે મન પ્રભુકૃપાનો એક જીવતોજાગતો ચેતનવંતો અનુભવ છે. **આ જીવે** કશું કંઈ, કશા પણ હેતુ વિના લખ્યું કર્યું નથી. **આ** ગઝલો લખવાનું જે કોઈ સ્વજન નિમિત્ત બને છે, એનુંય મહત્ત્વ મારા દિલમાં ઓછું નથી, પણ ગઝલ લખવાની આ પ્રવૃત્તિથી **આ** શરીરનાં દર્દોની અપાર અને અસહ્ય વેદનામાંથી કેવું તરી શકાય છે, એની બીજા કોઈને કલ્પના આવવી મુશ્કેલ છે. એથી કરીને **આ** ગઝલો એ મારે મન તો ભજનકીર્તન છે. **આ** શરીરના અસાધ્ય રોગોની વેદના વચ્ચે યજ્ઞકર્મ કરાવતાં કરાવતાં પણ **આ** ગઝલો પ્રભુભાવમાં રચ્યોપચ્યો રખાવે છે.

શ્રીપ્રભુના ભાવમાં પ્રવેશાવીને સ્થિર અને સક્રિય રખાવનાર સાધનાની પરંપરાનો ગૂઢ અને અનોખો ઈતિહાસ પણ **આ** ગઝલો દ્વારા ક્યાંક ક્યાંક કથાયો છે ખરો. એનું ઇંગિત **આ** માર્ગનો કોઈક જિજ્ઞાસુ શ્રેયાર્થી કળી શકે ખરો, પણ શ્રીપ્રભુકૃપાથી **આ જીવે**ને જે સાધન લાધેલું એનું સ્તવન કરતાં કદી થકાતું નથી. સર્વ સાધનોમાં સ્મરણ એ જ ઉત્તમ સાધન છે. એમાં નિરંતરતા અને અખંડતા પ્રગટાવવા માટે કેવું કેવું મથાયું છે, અને એવી રીતની મથામણાનાં કેટકેટલાં પાસાં છે કે, એ ગાતાં પાર ન આવે. એથી કરીને જે નિમિત્તે કરીને **આ** ગઝલો રચાઈ છે, એમાં સ્મરણ વિશેની ગઝલોનું પ્રમાણ સૌથી વધારે છે, કેમ કે **આ જીવ**ને જેની લગની લાગી છે, એનું વારંવાર કથન થાય તોય ખૂટે નહિ એવું જ એને તો લાગે.

'હૃદય લાગે લગની જેની સતત કથતાં થકાયે ના,
વિષય છો એકનો એક શું વિસ્તરતાં, ખૂટે તે ના !'

વળી,

'સ્મરણ આ વાસ્તવિકતાની ભૂમિકાથી ગવાયું છે,
ગગનમાં કલ્પના પાંખે ચઢી મેં કંઈ ન ગાયું છે.'

જીવનની વાસ્તવિકતાની આ હકીકતનું મૂલ્ય એ તો મારા દિલની મોટી મિરાત છે. કોઈને કદાચ સ્મરણ વિશેની **આ** ગઝલોમાં પુનરાવર્તન લાગે ખરું, પણ ઝીણવટથી અને જીવનવિકાસના ભાવ સાથે એ વાંચવા-વિચારવાથી એ વિષયની પ્રત્યેક ગઝલમાં કશુંક ને કશુંક નવું પાસું જડવાનો સંભવ રહેલો છે.

વળી, જીવનવિકાસને માર્ગે સ્મરણાદિ સાધનો સાધતાં સાધતાં કેવા કેવા પ્રકારના સંગ્રામો ખેલવા પડે છે, એનો અણસાર પણ આ પ્રકારની ગઝલોમાં પ્રભુકૃપાથી થઈ શક્યો છે.

'બધુંયે ખુલ્લું અને સ્પષ્ટ કરી દેવા ન હુકમ છે.'

એમ જે ગાયું છે તે યથાર્થ છે. ગઝલના **આ** પુસ્તકમાં જીવનની

અવિચ્છિન્નતાને સમજાવતી ઘણી બધી ગઝલો છે. શ્રેયાર્થીને જીવનના સ્વરૂપનો એ આછો પરિચય પણ આપી રહેશે.

## 'જીવન સ્મરણ'માંથી

જેમ $H_2O$ હકીકતને સર્વ કોઈ પ્રયોગસિદ્ધ હકીકત તરીકે સ્વીકારે છે, તેવી જ રીતે અનેક દેશના, અનેક સમાજના, અનેક ધર્મના, અનેક જુદી જુદી સંસ્કૃતિનાં જુદાં જુદાં માનવીઓએ પ્રયોગ કરી યાહોમ ભાવનાથી ઝંપલાવી, સર્વ રીતે અને સર્વ ભાવે સંપૂર્ણ સમર્પણમાં તદાકાર થઈ જઈ જે સત્યને અનુભવ્યું અને જીવનમાં વણી લીધું અને તેના શક્તિબળ વડે જીવ્યા, તે સમાજના ઇતરજનોને પણ તેવી તેમની અસરથી પ્રભાવિત કરી, જીવનનો નવો રાહ બતાવવામાં અને નવા રાહે ચલાવવામાં તેઓ પ્રત્યક્ષ ક્રિયાશીલ, સર્જનશીલ બનેલા છે, તે પણ એક ઐતિહાસિક હકીકત છે. તે તો આવા મહાનુભાવોના જીવનના તે તે કાળે તેમના જીવનના તેવા પ્રેમભક્તિ જ્ઞાનપૂર્વકના સમર્પણના પ્રયોગો પણ સંપૂર્ણ વૈજ્ઞાનિક નથી શું ? વિજ્ઞાને જે પ્રયોગો કરી કરી, સિદ્ધ કરી જગતને પ્રત્યક્ષ તેવું તેવું સત્ય પુરવાર કરી આપ્યું છે, તેવી જ રીતે જીવનનું નવનીત તારવી તારવી સમાજને એવા મહાનુભાવોએ પોતાના જીવનના તેવા પ્રત્યક્ષ સમર્પણના પ્રયોગો વડે કરીને જગતને અને સમાજને તેમાં પ્રત્યક્ષ દર્શન-અનુભવ કરાવેલાં છે. એવાં પ્રત્યક્ષ જ્ઞાનભક્તિભાવે પ્રગટેલાં જીવન એ શું પ્રયોગો નથી ?

એવા લોક પોતે તો જીવનમાં જીવનથી બદલાયા છે, એ તો પ્રત્યક્ષ હકીકત છે, એટલું જ નહિ પરંતુ તેવા લોકની જીવનની અસરથી બીજા લોકોના જીવનને બદલાવાપણાની અસર પણ તેમણે ઉપજાવી છે. અનેક નકારાત્મક વલણવાળા જીવનને પણ તેવા આત્માઓએ નવો પલટો પ્રગટાવવામાં અનેરો વેગ પ્રગટાવ્યો છે, તે પણ ઐતિહાસિક છે.

શ્રીપ્રભુનું સ્મરણ એટલે ભાવનાત્મક જપ દ્વારા જીવનને પલટાવવાની એક પ્રકારની સૂક્ષ્મ પ્રક્રિયા. એમાં શ્રદ્ધાની જરૂર છે ખરી, પણ જેનામાં તે ન હોય તેનામાં પણ જન્માવી શકે છે.

કોઈકને તર્ક ઊઠે કે જપથી વળી કામક્રોધાદિ કેમ કરીને મોળા પાડી શકાય ? એનો જવાબ તો એ જ કે જે કોઈ તેમાં યાહોમ કરીને ઝંપલાવે અને જપને પ્રેમભક્તિની નિષ્ઠામાં જો જીવંત પ્રગટાવી શકે તો તેવાને તેની ખબર પડી જ શકે, તેવી હકીકત કેટલીય વાર પ્રવચનોમાં જણાવેલી છે. તે નીચે મુજબ છે :–

પાંચ તત્ત્વ છે-આકાશ, વાયુ, તેજ, જળ અને પૃથ્વી. પ્રત્યેક તત્ત્વની તન્માત્રા નીચે મુજબ છે :

આકાશ-શબ્દ, વાયુ-સ્પર્શ, તેજ-રૂપ, જળ-રસ, પૃથ્વી-સુવાસ.

હવે, આ પાંચ તત્ત્વોને ત્રણ ગુણની સાથે સંબંધ છે. સત્ત્વને આકાશ સાથે, રજસને વાયુ અને તેજ સાથે, તમસને જળ અને પૃથ્વી સાથે. શબ્દ અને આકાશ પરસ્પર સંપૂર્ણપણે સંકળાયેલા છે. તે પરસ્પર જુદા હોવા છતાં એક જ છે. જેમ પ્રકાશ અને સૂર્ય, ગરમી અને અગ્નિ એ પ્રમાણે.

શબ્દ આદિ અનાદિથી છે, એવા ચેતનના પ્રતીક શબ્દમાં જ્યારે જીવંત નિરંતરતા, અખંડતા, સળંગતા પ્રગટે છે, ત્યારે અંધારામાં આકાશતત્ત્વ ખીલે છે, મોખરે આવે છે. હવે આકાશતત્ત્વને અને સત્ત્વને પરસ્પર સંબંધ હોવાથી જ્યારે આકાશતત્ત્વ ખીલે છે અને મોખરે પ્રગટે છે, ત્યારે આકાશના ખીલવાના સાથે સાથે સત્ત્વગુણ પણ ખીલવા માંડે છે, અને સત્ત્વગુણ ખીલવા માંડતાં અને સત્ત્વગુણ મોખરે જીવતો થતાં રજસ, તમસ ગૌણ બનતા જાય છે. કામક્રોધાદિક વિષયો તો રજસ અને તમસ ગુણને આધારે હોય છે. એટલે જ્યારે રજસ, તમસ ગુણ મોળા પડે ત્યારે આપમેળે કામક્રોધાદિ મોળા પડે છે. આમ, ચેતનાત્મક ભાવવાચક શબ્દમાં જ્યારે જીવંત સહજ

નિરંતરતા, અખંડતા અને સળંગતા પ્રગટે છે, ત્યારે કામક્રોધાદિક, રાગદ્વેષને મોળા પાડવાનું કે પડી જવાનું શ્રેયસાધકને કશું ઝાઝું મુશ્કેલ પડતું નથી. એનું મૂળ કારણ તો એ છે કે એવા ચેતનવાચક શબ્દમાં જ્યારે જીવંત સહજ અખંડતા પ્રગટે છે, ત્યારે સમગ્ર આધારમાં એક એવા પ્રકારની A distinct kind of awareness-એક વિશિષ્ટ જીવંત સહજ સભાનતા પ્રગટે છે. એના વડે કરી તેને પોતાના ધ્યેય પરત્વેનો વિવેક એટલો બધો સજીવ પ્રગટી જાય છે કે જેથી તે સત-અસતનો પાકો નિર્ણય કરી શકે છે, એટલું જ નહિ, પરંતુ ધ્યેયથી વિરોધનું જે જે કંઈક હોય તેનાથી નોખા થતાં તેને વાર લાગતી નથી. એવી વેળાનો તેનો વિવેક એ તો પૂરેપૂરો ધ્યેય પરત્વેનાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણવાળો, જીવંત, ગતિશીલ, ક્રિયાશીલ અને સર્જનશીલ, અખંડપણે સભાનતાયુક્ત, સદાય ચેતનવંતો, પળેપળનો સહજ જાગ્રત રહ્યા કરે છે. એવો જીવંત, સહજ, ક્રિયાશીલ, ગતિશીલ અને સર્જનશીલ વિવેક પ્રગટતાં શ્રેયસાધકનાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણ એકધારાં સહજપણે સદાય પળેપળ ધ્યેય પરત્વે જ વર્તેલાં, પ્રગટેલાં થઈ જતાં હોય છે.

મંત્ર શબ્દમાં એવી જીવંત સહજ સભાનતા જાગ્રત થતાં એમાંથી એક એવા પ્રકારની ભાવપ્રેરક સંનિષ્ઠા જન્મે છે કે એવી સહજ જીવંત સંનિષ્ઠામાંથી અનંતગણા ગુણ અને શક્તિ પ્રગટ્યાં કરે છે. ત્યારે ગુણને કેળવવાની જરૂર હોતી નથી. એવી ઉપરોક્ત સંનિષ્ઠાનું તો ગુણ અને શક્તિ પરિણામ હોય છે.

શ્રેયસાધકના આધારમાં એવી સંનિષ્ઠા જ્યાં સુધી પ્રગટેલી નથી, ત્યાં સુધી તેવા સાધકે ગુણ અને શક્તિ કેળવવાની પણ તેટલી જ જરૂર હોય છે.

પ્રભુનું સ્મરણ થાય, પરંતુ જો રાગદ્વેષાદિક મોળા ન પડી શક્યા હોય, તો તેવા સ્મરણનો ઉઠાવ થઈ શકતો નથી તે પણ એટલું

જ સાચું છે. સામાન્ય **જીવ** અખંડ, જીવંત, સળંગપણે પ્રભુસ્મરણમાં લાગી જઈ શકે એવું તો બની શકવું શક્ય હોતું નથી. એ તો **જીવ**ને volcanic aspiration જાગે છે, એવી જે જ્વાળામુખીના જેવી ઉત્કટ ધ્યેય પરત્વેની તમન્ના જાગે છે, તેવા **જીવ** જ શબ્દની નિરંતરતામાં પ્રગટી શકવાના છે, અને આવા **જીવો** તો અત્યંત લઘુતમ સર્જક લઘુમતીમાં જ (Microscopic Creative Minority) હોવાના. આમ, સામાન્ય **જીવ** માટે તો નામસ્મરણ કે જપ તેના જીવનવિકાસ માટે ઉત્તમમાં ઉત્તમ, સરળ, નિર્દોષ, નિર્મળ સાધન હોવા છતાં એવા જપની સાથે સાથે એણે એમાં ચેતનપ્રાણ પ્રગટી શકે તે માટે રાગદ્વેષાદિક મોળા પાડવા કાજે મથવાપણું રહેવાનું જ. તે તેમ કરી શકે તો જપમાં ઉઠાવ આવી શકે છે.

કોઈ પણ વિષયનું હાર્દ પામવું હોય તો તેમાં તેણે યાહોમ કરીને સંપૂર્ણપણે ઝંપલાવવાનું રહે છે. સંપૂર્ણ રીતે, સંપૂર્ણ ભાવે તેના સમર્પણભાવમાં લીન થયા વિના તેનું હાર્દ પામવું કદી શક્ય નથી.

જીવન શેને માટે, જીવનનો મૂળ હેતુ શો ? આવા અંતર્ગત પ્રશ્ન જેના દિલમાં જ્યાં સુધી જીવંતપણે પ્રગટેલા નથી, એવા **જીવો**ને **જપ**માં ચેતનપ્રાણ પ્રગટી શકવાની શક્યતા બહુ ઓછી ગણાય.

શબ્દમાં જ્યારે ચેતનપ્રાણ અને ભાવપ્રેરક જીવંત સહજ સંનિષ્ઠા પ્રગટે છે, ત્યારે તેનાં કરણો-મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્ વિશેષ ને વિશેષ તેજસ્વી અને સૂક્ષ્મ બનતા જતા હોય છે. તેમના તેમના વિહારનો પ્રદેશ ધ્યેય પ્રતિ લઈ જતો કોઈ નિરાળો જ હોય છે. એવી સંનિષ્ઠામાંથી જે ચેતનપ્રેરક શક્તિ પ્રગટે છે, તેવી શક્તિ વડે પછી તો શ્રેયસાધક દૈવાસુર સંગ્રામને ખાંડાની ધારે પૂરેપૂરી સભાનતાથી અને મર્દાનગીથી ખેલી શકતો હોય છે. આવા પ્રકારનો શ્રેયસાધક પછીથી તો સંગ્રામવીર બને છે. એની ભાવના તો પછી પ્રચંડ શક્તિ બની ગયેલી હોય છે. એવી ભાવના જ્યારે આધારમાં પ્રગટે છે,

ત્યારે એવી જીવંત સહજ ભાવનામાંથી ગુણ શક્તિ તો પ્રગટ્યાં જ કરે, એટલું જ નહિ પરંતુ કળા, સૌંદર્ય, વ્યવસ્થિતિ વગેરે વગેરે જેવાં જીવનનાં પ્રધાન aspects સ્વરૂપો પરત્વે પણ તેની સભાનતા ખીલતી જતી હોય છે, અને આમ તે સત્યમ્, શિવમ્, સુંદરમ્ પરત્વેની દિશામાં અનુભવની ભૂમિકામાં પ્રગટતી થઈ શકે છે.

પ્રભુસ્મરણમાં કે તેવા પ્રકારના જપમાં જ્યારે સહજનિરંતરતા અને સળંગ સાતત્ય પ્રગટી ઊગે છે, ત્યાર પછીથી જ આધારના પ્રત્યેક કરણમાં ઊર્ધ્વીકરણની એક સાહજિક સર્જક અને ક્રિયાશીલ સતત જીવંત પ્રક્રિયાનો પ્રારંભ થાય છે.

(A Spontaneous Creative, dynamic and Continuous process of Sublimation begins.)

ભાવના પ્રગટેલી હોય છે તેનાં પણ પ્રત્યક્ષ લક્ષણો છે. એ પારખી પણ શકાય. ભાવના પ્રગટતાં હૈયાસૂઝ, પ્રત્યેક કર્મનું વિવેકજ્ઞાન વગેરે બધું એનામાં પ્રગટ્યા વિના રહી શકતું નથી. ભાવના એ તો સર્વ પરત્વે પ્રકાશ પાડનાર, તેના તેના સ્વરૂપને ઓળખાવનાર અને તેના તેના મર્મનું દર્શન કરાવનાર પ્રચંડ શક્તિ છે. એવી ભાવના જે જે સત્કારવાનું, સ્વીકારવાનું હોય છે, તેને તેને પ્રેમથી સત્કારે અને સ્વીકારે છે. એવી ભાવના તો શ્રેયસાધકનાં જ્ઞાનનાં ચક્ષુ હોય છે. એવી જીવંત સહજભાવનામાં જ્ઞાન, કર્મ અને ભક્તિનો સમન્વય અને સુમેળ જન્મતો હોય છે. ભાવના જેમ ભક્તિપ્રેરક છે, તેમ તે જ્ઞાનપ્રેરક પણ છે, અને કર્મથી જ્ઞાન અને ભક્તિને તે સાકાર પમાડે છે.

ભાવનાયુક્ત શબ્દની સાધનાથી હૃદયની સંપૂર્ણ એકાગ્રતા ઊગે છે. હૃદયની સંપૂર્ણ એકાગ્રતા પ્રાપ્ત થયા વિના ધ્યેયનું હાર્દ પકડી શકાતું નથી. એકાગ્રતા કેંદ્રિત થવાથી વસ્તુની સાથેનું હૃદયપૂર્વકનું તાદાત્મ્ય સાધી શકાય છે.

જપની Technique (ટેક્નિક) (પદ્ધતિ અને ગુણમાપ) :

જપ ટૂંકામાં ટૂંકો હોવો જોઈએ.

જપમાં અઘોષ (Hard) અક્ષરો ન હોવા જોઈએ. જે જપ બોલવામાં ઘણો ઘણો સરળ હોય તે ઉત્તમ.

શબ્દના ત્રણ સ્થળ : નાભી, કંઠ અને મૂર્ધન્ય. એ ત્રણેને સ્પર્શે અને ભેદે એવા અક્ષરો જે જપના શબ્દમાં હોય તે શ્રેષ્ઠ.

શ્વાસોશ્વાસ સાથે અથવા નાડીના ધબકારા સાથે જપમંત્ર બોલાવો જોઈએ.

જપના મંત્રમાં ગંગાના પ્રવાહ જેવી સતત એકધારી જીવંત સહજ નિરંતરતા પ્રગટે, ત્યારે જ અંતઃકરણ અને આંતરિક કરણોને યોગ્ય ધ્યેય પરત્વેના માર્ગે વાળવામાં તે સાચો મદદગાર થઈ પડે છે.

જપમાં નિરંતરતા પ્રગટે તે અત્યંત જરૂરનું છે. તે પ્રગટે તો તો ચેતનદ્યોતક ભાવ ઊગવાનો જ.

જપ જેટલો ઊર્મિથી, લાગણીથી અને ભાવનાથી લેવાય તેટલો ઉત્તમ.

માનસિક જપ ઉત્તમ એ વાત ખરી, પરંતુ શરૂઆતમાં સામાન્યતઃ કોઈ પણ મનમાં તો જપ ન કરી શકે, કારણ કે મન તો સંકલ્પ વિકલ્પ જ કરી શકે-દ્વંદ્વ અને ગુણની ભૂમિકાવાળું મનનું (Functioning) કાર્ય તો સંકલ્પ વિકલ્પનું હોય. તે વિના તે બીજું ના કરી શકે. જ્યારે જપ તો સતત દૃઢ અનુરાગભર્યો જીવતો ચેતનવંતો અભ્યાસ પ્રગટી જાય, અને એમાં એકધારી સહજતા અને નિરંતરતા પ્રગટે ત્યારે જ મનમાં જપની ધારણા ઊગે છે.

અનેક પ્રકારના આઘાત પ્રત્યાઘાતને લીધે આપણા શરીરના જ્ઞાનતંતુઓમાં કંપ પેદા થાય છે, એવા કંપના પ્રકાર પણ જુદા જુદા હોય છે. જુદા જુદા પ્રકારના કંપથી શરીરમાં જુદું જુદું સંવેદન ઉદ્‌ભવતું હોય છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, અહં

વગેરેના ઉત્કટપણાથી અમુક પ્રકારના આવેશ અને આવેગ પ્રગટે છે. અને તેના આઘાત પ્રત્યાઘાતોથી જ્ઞાનતંતુમાં જુદા જુદા પ્રકારના કંપ પ્રગટે છે. આધારમાં એક પ્રકારની સમતાથી સમતોલપણું હોય છે, તેમાં આવા પ્રકારના કંપ ગેરવ્યવસ્થા પ્રગટાવે છે, અશાંતિ, અસમાનતા ઉપજાવે છે અને તેથી કરીને જ્ઞાનતંતુની સરળતાયુક્ત વ્યવસ્થિતિનો ભંગ થયા કરવાથી જ્ઞાનતંતુની કાર્યક્ષમતા ઘટતી જાય છે, અને તેમની ધારણાશક્તિ ઘટતી જાય છે, સમત્વ તૂટે છે, સમતોલપણું ઘટે છે અને તેથી કરી રોગાદિ થાય છે. જપ કે મંત્ર એકધારો નિરંતરતાપૂર્વકનો હૃદયથી લેવાયા કરાતો હોય તો તેવા મંત્રની ધારણાથી જ્ઞાનતંતુઓ પ્રાણવાન (Toned Up) બને છે. તેનાથી જ્ઞાનતંતુઓમાં સમત્વ, શાંતિ, સમતોલપણું આદિ પ્રગટે છે. એવી શાંતિ, સમતોલપણું અને સમતા જ્ઞાનતંતુમાં પ્રગટી એની ટોચ ઉપર પહોંચે છે, ત્યારે શરીરના રોગ પણ તે નિવારી શકવાની શક્યતામાં પ્રગટી શકે છે. જપમાં એટલા માટે ગંગાના પુનિત પ્રવાહના જેવી સતત એકધારી, સળંગ નિરંતરતા પ્રગટવી એ ઘણી જરૂરની હકીકત છે. જ્યારે જપમાં એવી ભાવાત્મક નિરંતરતા ઊગે છે, ત્યારે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહંનાં પ્રાકૃતિક વલણોને યોગ્ય મઠારવામાં પ્રેરણાત્મક અને કાર્યસાધક બને છે, મનના સંકલ્પ વિકલ્પો ઘટી જાય છે. ચિત્તનો સાત્ત્વિક પ્રકારનો સંસ્કાર જન્મે છે. પ્રાણની કામક્રોધાદિક વિષયોની સ્ફુરણામાં આપોઆપ ઘણી ઘણી મંદતા પ્રગટે એવી સ્વાભાવિક ભૂમિકા પ્રગટે છે. બુદ્ધિમાં સમત્વ પ્રગટીને તેની ધારણા તેને અખંડપણે રહે છે, અને અહં જે પહેલાં જીવદશામાં દ્વંદ્વાદિક અને ગુણાદિક વિષયોમાં રોકાયેલું રહ્યા કરતું હોય છે, તે હવે તેમાંથી અટકીને ચેતન પરત્વેના જ્ઞાનપ્રેરક અભ્યાસમાં ગતિ કરવાને પ્રેરાયેલું રહ્યા કરે છે.

જપમાં શ્રદ્ધા જરૂરી ખરી, પરંતુ એમ તો પ્રત્યેક કંઈક કશું

સાકાર કરવાને તે વિષયના કર્મને પરિપૂર્ણપણે પાર ઉતારવાને માટે તે કર્મ પરત્વેની શ્રદ્ધા અનિવાર્ય છે. તેવી શ્રદ્ધા વિના તેવું થઈ શકતું હોતું નથી.

જપમાંથી જન્મેલી શ્રદ્ધાના પ્રાણથી જે લાગ્યું, તેને અક્ષરદેહમાં મૂક્યું છે. એ વાંચતાં વાંચતાં એ પરત્વે કેટલો ઊંડો અભ્યાસ થયો છે, તે સમજાય છે. આ જપ ઉપરનું લખાણ અભ્યાસપૂર્ણ અને જ્ઞાનયુક્ત પણ છે. જપને બધાં પાસાંથી વિચારવાનું કર્યું છે. એવું બધું જો જપની ભાવનામાં પ્રવર્તેલો ન હોત, તો કદાચ ન બની શક્યું હોત.

જપ એક અમોઘ દૈવીશક્તિ છે, એ તો એના પ્રયોગોમાં જેમણે યાહોમ કરીને ઝંપલાવ્યું હોય અને એમાં સર્વ રીતે, સર્વ ભાવે સમર્પણ કરેલું છે, એવા પ્રયોગવીરને પણ સમાજ ભાગ્યે જ સમજી શકે તો અનુભવી તો શકે જ કેમ ?

હરિઃૐ આશ્રમ, નડિયાદ **—મોટા**

તા. ૨૬-૧૦-૧૯૭૨

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પહેલી આવૃત્તિ)

**'જીવન અનુભવ ગીત'**થી શરૂ થયેલી પૂજ્ય શ્રીમોટાની સ્વાનુભવ શ્રેણીની ગઝલોનાં પુસ્તકોમાં અત્યાર સુધીમાં એક જ વિષયને આવરી લેતું કોઈ પુસ્તક હજી સુધી પ્રસિદ્ધ થયેલું નથી. આ પહેલાં પ્રસિદ્ધ થયેલાં પુસ્તકોમાં તેમણે સ્મરણ, હુકમ, ગરજ, ચરણ, સાધનાવિકાસના અનુભવો, **હરિ**લીલા, સ્વજનોને આદિ ખંડોમાં વહેંચાઈને દરેક પુસ્તક પ્રસિદ્ધ થયેલું છે.

આ **'જીવન સ્મરણ સાધના'**માં પહેલી જ વાર તેમણે સ્મરણ ઉપર લખેલી બધી ગઝલો પ્રસિદ્ધ થાય છે. જે જિજ્ઞાસુએ તેમનાં આ પહેલાંનાં પુસ્તકોમાંથી સ્મરણ વિશે લખેલી ગઝલો વાંચી હશે તેમને તેના અનુસંધાનમાં આ પુસ્તકમાં છપાયેલી ગઝલો કોઈક વિશિષ્ટ આનંદ આપશે અને તેમનો સ્મરણરસ જાગ્રત કરવામાં પ્રેરણારૂપ થશે, તો આ પુસ્તક પ્રસિદ્ધ થયાનું સાર્થક થશે.

આ **'જીવન સ્મરણ સાધના'**ની ગઝલોને ખંડવાર વહેંચણી કરી તેની સુવાચ્ય અક્ષરોમાં નકલ ઉતારવાનું તથા દરેક ગઝલ ઉપર તે તે ગઝલને અનુરૂપ મથાળાં કરવાનું કામ વડોદરાવાળા ભાઈશ્રી નાગજીભાઈ પટેલે જે પ્રેમ, ઉત્સાહ, કાળજી અને ચીવટથી કર્યું છે, તેની નોંધ લીધા વિના રહી શકતા નથી. આ પુસ્તકની પ્રેસકોપી તૈયાર કરવાનું કામ ભાઈ સોમાભાઈ ભાવસારે કર્યું છે. ભાઈશ્રી નાગજીભાઈ અને ભાઈશ્રી સોમાભાઈ આશ્રમનાં એટલાં નજીકનાં સ્વજનો છે કે તેમનો આભાર માનવો અસ્થાને ગણાશે. તેમ છતાં તેમના ભાવની અમે કદર કરીએ છીએ.

આ પુસ્તક છપાવવાનો તમામ ખર્ચ એક સજ્જને આપ્યો છે. તેમનું નામ પ્રસિદ્ધ કરવાની તેમણે ના પાડેલી હોઈને તે પ્રસિદ્ધ કરતા નથી. આવા પરમાર્થનાં કાર્યમાં પણ આવા અનામી સજ્જનો પણ મળી આવે છે, તે ઉપરથી સમાજમાં ભગવાન પરત્વેની ભાવના જીવતીજાગતી છે, તે જોઈને અમારા દિલમાં ઘણી ખુશી થાય છે. સમાજમાં પરમાર્થનાં કાર્યો કરવામાં સૌના દિલમાં ઉન્નત ભાવના જાગો અને દેશ ઉન્નતિમાં સ્વઉન્નતિ માનીને તે પાર પાડવા માટે સૌને પ્રેરણા મળો એ જ પ્રાર્થના !

પૂજ્ય શ્રીમોટા, તેમનાં પુસ્તકોમાંથી થતી આવક પરમાર્થનાં કાર્યોમાં જ વાપરતા હોય છે, તે જોતાં જે કોઈ ભાઈબહેનો તેમનાં પુસ્તકો વેચી આપવામાં મદદરૂપ થશે તેમણે પરમાર્થને મદદ કરી ગણાશે અને ભગવાનની ભાવના ફેલાવવામાં નિમિત્ત બનશે.

મેસર્સ લાઈટ પબ્લિકેશન્સ લિમિટેડે આ પુસ્તક ધાર્યા કરતાં પણ ટૂંક સમયમાં ભાવપૂર્વક ચીવટથી છાપી અમારા કાર્યમાં જે સહાય આપી છે, તેનો ખાસ ઉલ્લેખ કરીને તેમનો ઘણો આભાર માનીએ છીએ.

તા. ૧૫-૧૦-૧૯૭૨ — **નંદુભાઈ**

ગુરુવાર — મૅનેજિંગ ટ્રસ્ટી,

હરિઃૐ આશ્રમ, નડિયાદ

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (ત્રીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાએ પોતાની દેહહયાતીના અંતિમ તબક્કાનાં વર્ષોમાં અનેક ગઝલોની રચનાઓ કરી હતી અને સ્વજનોએ તે સાહિત્ય પુસ્તકરૂપે પ્રકાશિત કરેલ છે. સને ૧૯૭૩માં જેની પ્રથમ આવૃત્તિ પ્રકાશિત થઈ હતી, તે **'જીવન સ્મરણ સાધના'**ની દીર્ઘકાળ પછી બીજી આવૃત્તિ સને ૨૦૦૮માં છપાવી હતી. હાલ આ પુસ્તક અપ્રાપ્ય હોવાથી ૧૦ વર્ષે તેની ત્રીજી આવૃત્તિ સ્વજનોને પ્રાપ્ત કરાવતાં અમો ધન્યતાની ભાવના અનુભવીએ છીએ.

હમણાં હમણાંથી પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો પ્રત્યે સ્વજનોની અને સમાજની રુચિ વધતી જતી હોવાનું અનુભવાયું છે. જેથી, આવાં અપ્રાપ્ય પુસ્તકોની નવી આવૃત્તિ પ્રકાશિત કરવાનું અમોએ સ્વીકાર્યું છે.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્‌ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ. શ્રી શ્રેયસભાઈ પંડ્યાના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

આશા છે કે સ્વજનો આ પ્રકાશનને આવકારશે.

તા. ૨૭-૭-૨૦૧૮ **ટ્રસ્ટીમંડળ,**
ગુરુપૂર્ણિમા, સં. ૨૦૭૪ હરિઃૐ આશ્રમ, સુરત

# અનુક્રમણિકા


| ખંડ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | **‘સ્મરણગાથા’** જીવનવસ્ત્રે,<br>વણાઈ દૃઢ ગયેલી છે | ૧-૬૨ |
| ૨ | સ્મરણ-**‘સાધન’**થી માંડીને,<br>થતી કંઈ **‘સાધના’** રહેતી | ૬૩-૮૮ |
| ૩ | **‘હૃદય’**માં પ્રેરણા જીવતી,<br>ભરી **‘મન’** ભાવથી દીધું ! | ૮૯-૧૫૦ |
| ૪ | સ્મરણની મસ્ત **‘ભક્તિ’**થી,<br>હૃદયનાં **‘ભાવના’** **‘ગુણ’** | ૧૫૧-૧૯૦ |
| ૫ | **હરિ**ની **‘ધારણા’** હૃદયે,<br>જીવનના ધ્યેયનો **‘નિશ્ચય’** | ૧૯૧-૨૧૨ |
| ૬ | જીવનસાફલ્યનો મહિમા,<br>**‘જીવનકથની’** શી એવી છે ! | ૨૧૩-૨૪૬ |
| ૭ | સ્મરણ-લહાવો **‘કૃપા’**થી તુજ,<br>જીવનમાં જે મળ્યો મુજને | ૨૪૭-૨૭૨ |
| ૮ | **‘હરિની સભાનતા’** હૃદયે,<br>સ્મરણ અભ્યાસથી શી તે | ૨૭૩-૩૦૪ |
| ૯ | **‘અનુભવ’** દિલ તુજ ઝાંખી,<br>**‘અનુભવી’** શો નિરાળો છે ! | ૩૦૫-૩૨૪ |


❑

# જીવનસ્મરણસાધના

❑

પૂજ્ય શ્રીમોટા

**‘હું સર્વત્ર વિદ્યમાન છું.’**


‘જીવનદર્શન’, ૧૧મી આ., પૃ. ૪૩૧

**- શ્રીમોટા**

હરિઃૐ

## ખંડ - ૧

# 'સ્મરણગાથા'
# જીવનવસ્ત્રો વણાઈ દૃઢ ગયેલી છે



સ્મરણ મુજ આદ્યશક્તિ છે, સ્મરણથી બળ મળેલું છે,
સ્મરણથી ભક્તિ લાધી છે, સ્મરણથી શક્તિ ખીલી છે.

હરિઃૐ

## સ્મરણ જીવનમાં તરવાનું

સ્મરણની ભાવગંગાનું જીવનઝરણું વહેતું છે,
વહેવા માંડીને કેવું બધું ભીનું કરી દે છે !

પતિતની પાવની ગંગા સ્મરણ અદ્ભુત બનેલું છે,
સ્મરણ માત્ર સ્મરણ ના તે, **હરિ**ની યાદગીરી છે.

**હરિ**ની ભાવછાયાનું પ્રતિબિંબ સ્મરણ તે છે,
સ્મરણમાં ભાવ પ્રગટંતાં, સ્મરણ શક્તિ બને પોતે.

જીવનમાં ડૂબતા જનનું ઊગરવાનું જ સાધન તે,
સ્મરણ જીવનમાં તરવાનું ખરું ઉપયોગી સાધન છે.

હરિઃૐ

## સ્મરણ મુજને મળેલું છે !

જીવનમાં કેવું ઓચિંતું સ્મરણ મુજને મળેલું છે !
શરીરના રોગથી બચવા સ્મરણ મેં તો લીધેલું છે.

ધીરે ધીરે સ્મરણકેરો પડેલો મહાવરો દિલ છે,
સ્મરણનો મહાવરો પાછો શું ઝડપીલો બનેલો છે !

ઘડીકમાં તે ભુલાતું છે, ઘડીક પાછું શું ચાલે છે !
વળી પાછું હું લેવાને સ્મરણને દિલ મથેલો જે.

સ્મરણને જીવતું કરવા હૃદય શો મંડી મંડીને !
જીવનનો યજ્ઞ તે એવો કૃપાએ તો ચલાવ્યો છે.

હરિ:ૐ

## સ્મરણઔષધ જીવનમાં તેં

સ્મરણઔષધ જીવનમાં તેં મને અર્પી, કર્યો શો તે
-મહત ઉપકાર મુજ પર તો, કરુણાળો **हरि** શો છે !

સ્મરણ ભજતાં, સ્મરણ ભજતાં **हरि** અસ્તિત્વનું હૃદયે
-મને જે ભાન જાગ્યું છે, મને એણે જગાડ્યો છે.

સ્મરણ વિના હવે ચેન જ હૃદય ના ક્યાંય પડતું છે,
વ્યસન ઘેલું સ્મરણનું તે જીવન લાગી ગયેલું છે.

બધે હરતાં જ ફરતાં ને થતાં સૌ કર્મને વિશે
-સ્મરણની ઘેલછાયુક્ત હૃદય શી મસ્તી સ્ફુરી છે !

હરિઃૐ

## સ્મરણની તત્ત્વ સમજણથી

સ્મરણ **આ** તણખલા જેવું બધાં સાધનમાં લાગે છે,
છતાં વિકાસની ગતિમાં સ્મરણ પ્રેરાવનારું છે.

સ્મરણના ભાનથી કેવું સ્મરણનું તત્ત્વ ઊગ્યું છે !
સ્મરણની તત્ત્વ સમજણથી જીવન તે કેળવાયું છે.

જીવનવિકાસની સમજણ જવા ઊંડી જહીં લાગી,
જીવનની ઊર્ધ્વ ભૂમિકાતણાં દર્શન થયાં *ચિત્‌થી.

નૂતન, નૂતન હૃદય ભાવ શું એક એકથી ચઢિયાતો,
અનુભવમાં છતો થઈને નવા મૌલિકમાં પ્રેરે શો.

* ચિત્‌થી-consciousness = વસ્તુની વસ્તુલક્ષી દર્શનની સભાનતા.

હરિ:ૐ

## સ્મરણ પાસ જતાં ઊર્ધ્વે

જુદી જુદી ભુમિકાઓ સ્મરણની ન્યારી ન્યારી છે,
શી પ્રત્યેક ભૂમિકાનું સ્મરણ તે જુદું જુદું છે !

શી પ્રત્યેક ભૂમિકાના સ્મરણનો પાસ જુદો છે !
સ્મરણ પાસ જતાં ઊર્ધ્વે **હરિ**નો ભાવ બનતો તે.

સ્મરણની પાસ ભક્તિથી ચરણ આસક્ત જીવન છે,
વ્યસન તેથી જીવન મુજને હૃદયમાં ઊંડું લાગ્યું છે.

વ્યસનની લત પડી કેવું જીવન મશગૂલ તેમાં છે !
**હરિ**રસ ભાવમાં જીવન નર્યું તરતું થયેલું છે.

હરિઃૐ

## સ્મરણગાથા જીવનવસ્ત્રે

સ્મરણમાં ને સ્મરણમાં દિલ પરોવી રાખવા નિત્યે,
હૃદય ઉદ્યમ બહુ ખંતે મથી તેમ જ સ્મરાયું છે.

અખંડ તે થવા હૃદયે સ્મરણની લગની લાગી જે,
સતત શી તેની તે લગનીમહીં દિલને પરોવ્યું છે.

સ્મરણની જે કથા મારે જીવનમાં તો રચાઈ છે,
વણાઈ જે રીતે રહી તે, કૃપાથી વ્યક્ત શી થઈ છે.

સ્મરણગાથા જીવનવસ્ત્રો વણાઈ દૃઢ ગયેલી છે
-**હરિ**ની મહેરબાનીથી, **હરિ**ચરણે સમર્પી છે.

હરિઃૐ

## સ્મરણવિકાસ સાધ્યો છે

સ્મરણની કામગીરીથી જીવન ઉકેલીને ઊર્ધ્વે
-નવા કોઈ રમ્ય દેશે જ્યાં જીવનને સ્થાપવાનું છે.

જીવનની સ્થાપના તેવી થતાંમાં ને થતાંમાં તે,
ભૂમિકાઓ કંઈક એવી ગૂંચોવાળી શી જાગી છે !

હૃદય સાધનના અભ્યાસે મતિ જે સૂક્ષ્મ થતી ગઈ છે,
મને એણે વિચારાવી જીવન ગૂંચો ઉકેલી છે.

સ્મરણમાં લક્ષ્યનું ભાન, સ્મરણમાં હેતુનું જ્ઞાન,
સ્મરણમાં ઊંડું ધરી લક્ષ, સ્મરણવિકાસ સાધ્યો છે.

હરિઃૐ

# સ્મરણ શ્રીસદ્‌ગુરુ પોતે

સ્મરણ પર ઓળઘોળ જ શો હૃદય મનથી થયેલો છું,
સ્મરણ શ્રીસદ્‌ગુરુ પોતે જીવનનો તો બનેલું શું !

સ્મરણથી જે જે ઊગવાનું જીવનમાં ઊગી નીકળ્યું છે,
સ્મરણથી જે ઊગ્યાં સાધન સધાયાથી ફળ્યું સૌ છે.

સ્મરણથી દિલ તપાયું છે, નવા જન્મતણી આશા
-જીવનમાં ઊગી, ભભકીને નવી રોશન જલાવી ત્યાં.

જીવન જાહોજલાલીને સ્મરણ આધાર શિક્ષણથી
-જીવન જન્માવીને કેવો નવો શો ફાલ ફૂટ્યો છે !

હરિ:ૐ

## સ્મરણનો આશરો લીધો

સમુદ્રો સાત તરવાને સ્મરણનું નાવ લીધું છે,
ભયંકર ભરતી મોજાંની વિશે સપડાઈ ગયેલું તે.

ખરેખર હમણાં જાણે તે થશે ભૂકો પૂરેપૂરો,
તહીં સંભાળી લેવાને સ્મરણનો આશરો લીધો.

ઉપર નીચે શું પછડાતું ! ઊલટપાલટ કદી થાતું,
ઊંધું વળવાતણા ટાણે **हरि**ને દિલ ઝંખ્યો શું !

સમુદ્રો ખૂંદનારો શો **हरि** ખેલાડી નિપુણ છે !
સુકાન જ નાવનું એના સુરક્ષક હાથ સોંપ્યું છે.

હરિઃૐ

# સ્મરણને દિલમાં સેવ્યાં

સ્મરણને દિલમાં સેવ્યાં હૃદયભાવે કરેલું છે,
સ્મરણમાં ને સ્મરણમાં દિલ પરોવાયાં ગયેલું છે.

સ્મરણની જેમ જ્યમ માત્રા શી ઉત્તરોત્તર વધેલી છે ,
સ્મરણની તે પછી કક્ષા બઢતી ઊર્ધ્વે થયેલી છે.

સ્મરણની માટીથી ઊગી, જીવનના વૃક્ષને ફળવા
-બીજું જે જે જરૂરી તે કૃપાથી તે કર્યું આપ્યા.

જીવનવૃક્ષ લીલુંછમ છે, ગગનમાં મસ્ત ફાલ્યું છે,
ફૂલો, ફળથી લદાયું છે, નર્યા સૌંદર્યે ભરપૂર તે.

હરિઃૐ

## સ્મરણથી જીવવાનું તે

સ્મરણ લેતાં, સ્મરણ કરતાં સ્મરણથી જીવવાનું તે
-કૃપાથી શું થતાં ! દિલમાં સુખદ શી તાજગી સ્ફુરી છે !

જીવનમાં સાહસો, જોખમ ભયંકરમાં ભયંકર જે
-હૃદય મર્દાનગીથી તે શું ખેલાયાં કૃપાથી છે !

નીચું માથું કદી ઘાલી ન બેસી 'હું' રહેલો છું,
દઈને હાથ લમણે કંઈ ઉદાસીન ના થયેલો 'હું'

પડ્યો કળણે કદીક તોયે જહેમત ત્યાંથી નીકળવા
-ઘણી ઘણી કારમી કરીને કૂદ્યો છું બહાર હું તો ત્યાં.

હરિઃૐ

# સ્મરણમાં રંગથી પૂર્ણ

સ્મરણનું માત્ર સાધન તો શરૂ શરૂમાં હતું મુજને,
છતાં તેવાય સાધનથી જીવનનું કામ ચાલ્યું છે.

સ્મરણનું પૂછડું પકડ્યું, હૃદય પકડી જ રાખ્યું છે,
સ્મરણ લીધા જવાયાથી જગતથી અવગણાયો જે.

સ્મરણમાં રંગથી પૂર્ણ હૃદય રંગાઈ ગયું દિલ છે,
સ્મરણની તે ભૂમિકાની હકીકત કોઈ જુદી છે.

સ્મરણની દિલ સંપૂર્ણ બધી રંગત ખીલેલી છે,
**हरि** જોવાય, સંભળાય, હૃદય સ્વાદ પમાય તે.

હરિ:ૐ

# સ્મરણથી શક્તિ ખીલી છે

જીવનનો નિત્યનો લાગ્યો સ્મરણ ખોરાક ઉત્તમ છે,
પછી જઈને જીવનકેરી જીવનની શક્તિ અર્પે છે.

સ્મરણની ભાવશક્તિ જે જીવનને રમરમાવે છે,
જીવનને નિમ્ન ગતિમાંથી ઉગારી કેવું તે લે છે !

સ્મરણ મુજ આદ્યશક્તિ છે, સ્મરણથી બળ મળેલું છે,
સ્મરણથી ભક્તિ લાધી છે, સ્મરણથી શક્તિ ખીલી છે.

સ્મરણ જીવનની નૌકા છે, જીવન તરવાનું સાધન તે,
**હરિ**ની પત્રિકા ઓળખ સ્મરણથી તો મળેલી છે.

હરિઃૐ

# સ્મરણમાં પડતું નાખ્યું છે

જીવન આટોપવું ધારી સ્મરણ સાધન ગ્રહેલું છે,
સ્મરણને દિલમાં જીવતું થવા, અભ્યાસ પાડ્યો છે.

સ્મરણમાં ઝૂકી ઝૂકીને લગાવી ડૂબકી મેં છે,
સ્મરણ પર મુગ્ધ થઈ દિલમાં સ્મરણમાં પડતું નાખ્યું છે.

'શું નોધારાનો આધાર સ્મરણ પોતે બનેલું છે !',
લખાયું તે નથી ફોગટ અનુભવ તેની પાછળ છે.

હતો હું ક્યાંનો ક્યાં તેને શિખર કેવા પરે મુજને
-ઊંચે ઊંચે ચઢાવીને, ગગનમાં પણ ઉરાડ્યો છે.

હરિ:ૐ

## સ્મરણ લીધા વિના મુજને

લઈ લઈને સ્મરણ હૃદયે રીઢો હું થઈ ગયેલો જે,
સ્મરણ લીધા જવાયાથી સ્મરણમાં આસ્થા લાગી છે.

સ્મરણ લેવાયા કરવાનું વ્યસન દિલમાં શું લાગ્યું છે,
સ્મરણ લીધા વિના મુજને હૃદય ના જંપ વળતો છે.

સ્મરણનો મહાવરો ઊંડો ઊંડે ઊતરી જ અંતર તે
-ધનુષ્ય રામના જેવી અસર ઉપજાવતું રહે છે.

સ્મરણને ના ગમે તેમ કદી લેવાનું રાખ્યું છે,
વ્યવસ્થિત ને વ્યવસ્થાથી યથાસ્થિતિમાં કરેલું છે.

હરિઃૐ

## સ્મરણના પાસથી ગુણો

સ્મરણમાં કાળ, ઊંડાણ વધેલાં જેમ જેમ જ તે,
સ્મરણના પાસથી ગુણો જીવનમાં તો ખીલેલા છે.

સ્મરણથી પ્રેમ, ઉલ્લાસ, હૃદય ઉત્સાહ વ્યાપ્યા છે,
ધીરજ, હિંમત, ઉમંગ, ખંત અને ઉધમ વધેલાં છે.

ન કોરી કલ્પનાથી કે ન અડસટ્ટે લખેલું છે,
અસર આ સૌ ગુણોની તે જીવન પ્રત્યક્ષ મહાલી છે.

સ્મરણ જ્યારે નિરંતરનું જીવનમાં તે થતું ત્યારે,
સ્મરણના રંગની ભક્તિ ઊછળતી ઠેકડા દે તે !

હરિઃૐ

# નિરંતરનું સ્મરણ બનતાં

બધું જે જે પરખવાનું પ્રગટતાં લક્ષણોથી તે,
કદી ના લક્ષણો છાનાં રહી શકતાં કશાનાંયે.

ઊપજતી વૃત્તિનાં લક્ષણ જણાયાં તે વિના ના રહે,
જીવનમાં વૃત્તિ સાકાર થવા પ્રત્યક્ષ વર્તે છે.

સ્મરણનો ભાવ તે રીતે થતો પ્રત્યક્ષ શો રહે છે !
નિરંતરનું સ્મરણ બનતાં સ્મરણનો ભાવ ન્યારો તે.

**હરિ**નું સ્મરણ જીવનમાં અખંડતા વિશે જન્મે,
સ્મરણ જીવન હૃદય ત્યારે **હરિ**શક્તિ બનેલું છે.

હરિઃૐ

## સ્મરણના ભક્તને સાચો

શું ઉલ્કાપાત જીવનમાં સ્મરણથી ભક્તિ પ્રગટંતાં !
-થતા કેવા રહે છે તે, કળ્યામાં પણ ન આવે ત્યાં.

સ્મરણ ચેતનવંતું જે છે, સ્મરણથી ભાવ પ્રગટે જે,
સ્મરણથી શક્તિ જાગે જે, જીવન પલટાવી નાખે છે.

સ્મરણના ભક્તને સાચો સ્મરણ મહિમા ઊગે દિલ જે,
અજાણ્યાં જે બીજાં તેને ન કંઈ સમજાય તે વિશે.

અજબની શક્તિ જીવનમાં સ્મરણમાંથી શી ઊગતી જે,
કરાવે કર્મ અમર્યાદિત ભૂમિકાનાં ગજબની તે.

હરિઃૐ

## સ્મરણનો મેં ઊંડી રીતે

સ્મરણ લેતાં, સ્મરણ સ્મરતાં, સ્મરણથી ભક્તિ જન્મે છે,
જીવનમાં કૈં ઠરીઠામ કદી પણ તે ન રહેવા દે.

કશીક શક્તિ જીવંતી તે જરા વધતાં, જણાયે છે,
પછી શક્તિ જ અંતરની બઢંતાં, કેમ છાની રહે ?

સ્મરણને સાવ મામૂલી ભલે છો લોક ગણતા તે,
પરંતુ તે પ્રયોગાત્મક અનુભવમાં ન તેવું છે.

સ્મરણનો મેં ઊંડી રીતે પૂરો અભ્યાસ કીધો છે,
હૃદય સંપૂર્ણ ઊતર્યા તે, પછી કહું છાતી ઠોકીને.

હરિઃૐ

## સ્મરણમાં ભાવ દિલનો છે

સ્મરણમાં ભાવ દિલનો છે, સ્મરણના ભાવને લીધે
–સ્મરણના શબ્દનો અર્થ હૃદય શો સ્પષ્ટ બનતો છે !

સ્મરણના શબ્દની સાથે હૃદય તદ્રૂપ બનતું છે,
બને જે પ્રક્રિયા તેવી હૃદયનો ભાવ કારણ તે.

બને તે માત્ર તદ્રૂપ ના, શું એકાકાર બનતું છે !
સ્મરણમાં ભાવ પ્રગટે જે નિરંતર, તે **હરિ**રૂપ છે.

સ્મરણની આગવી શક્તિ સ્મરણના ભાવ લીધે છે,
સ્મરણ જે ભાવ વિનાનું સ્મરણ તે કામનું ના છે.

હરિઃૐ

## સ્મરણ લેવાયા કરવાથી

સ્મરણ લેવાયા કરવાથી, સ્મરણમાં ચિત્ત ચોંટ્યાથી,
સ્મરણમાં ભાવ લાગ્યાથી શું અંતર્મુખ થવાયું છે !

મનાદિ તેથી અંતરમાં વળેલાં આપ તે રહે છે,
ઊંડું ઊંડું મનન ચિંતવન, સહજ ચાલ્યા કરે શું તે !

ધીરે ધીરે કરી તેથી વિષયનું હાર્દ લાધે છે,
**હરિ**માં ચોંટી રહેવાઈ **હરિ**ની પ્રીત લાગે છે.

**હરિ**માં ને **હરિ**માં દિલ પછીથી લાગી ઉન્મત્ત છે,
બધું આગળનું, પાછળનું શું આલોકિત થતું રહે છે !

હરિઃૐ

# સ્મરણમાં આત્મવિશ્વાસ

સ્મરણને રોગ મટવાના ખરા સાધન તરીકે મેં
-સ્વીકારીને ગ્રહેલું જે, ખરા ખપનું જ લાગ્યું તે.

સ્મરણને જેમ દિલમાં મેં દિવસના બહુ સમયમાં તે
-લીધા કરવાથી, ફાવટ જે ખરી દિલ આવી શી ગઈ છે !

સ્મરણ બઢતાં, સ્મરણ બઢતાં સ્મરણ અભ્યાસથી કરીને,
સ્મરણમાં દિલ રહ્યા કરીને, સ્મરણ જીવન બનેલું છે.

સ્મરણથી આંતરિક શક્તિ જીવનમાં ખીલતી ગઈ છે,
સ્મરણમાં આત્મવિશ્વાસ અનુભવથી બઢેલો છે.

હરિઃૐ

## સ્મરણને મેં પ્રયોગાત્મક

જીવનમાં જીવવાવારો સ્મરણથી તો મળેલો છે,
કમાયા તો છીએ જીવન સ્મરણથી કેવું કેવું તે !

સ્મરણને કોઈક તો કેવો લવારો માત્ર માને છે !
સ્મરણ અજમાવી જોવાને નિમંત્રું હું પુકારીને.

સ્મરણને મેં પ્રયોગાત્મક અનુભવીને જીવનમાં તે
-રળાયું છે, સ્મરણથી તે હાવાં ચરણે મૂકી દઉં જે.

સ્મરણ ના ઘેલછા માત્ર, સ્મરણ ના ગાંડપણ માત્ર,
**હરિ**માં મહાલવા માટે સ્મરણ સાધન ખરું પાત્ર.

હરિઃૐ

## સ્મરણ નોધારા જીવનનો

સ્મરણને ઊછળી ઊછળી ઊછળતા દિલ ઉમળકાએ
-હૃદય ધસમસતા શા વેગે અમે લીધા કરેલું છે !

સ્મરણ દિલમાં જચેલું છે, સ્મરણ જીવન પચેલું છે,
સ્મરણમાં દિલ મચેલું છે, સ્મરણ એવું જીવન અમ છે.

સ્મરણ નોધારા જીવનનો ખરો ટેકો શું આશ્રય છે !
સ્મરણ લેવાયા કરવાથી જીવનમાં બળ મળેલું છે.

સ્મરણ તેથી જીવન મુજને પૂરું ઉપયોગી લાગ્યું છે,
સ્મરણની ભાવનાથી શી સ્મરણની શક્તિ જાગી છે !

હરિ:ૐ

## સ્મરણનો યજ્ઞ જીવનમાં

સ્મરણનો યજ્ઞ જીવનમાં અમે ચલવ્યા કરેલો છે,
કદીક ભંગ થતાં કેવો ઊકળી દિલમાં ઊઠેલો જે !

થતાંમાં આડુંઅવળું કંઈ નિરુત્સાહ હૃદયમાં તે,
કદી પણ ના થયેલો હું, કૃપાની શી કરામત જે !

સ્મરણ લીધા જ કરવામાં હૃદય શી મસ્તી લાગી છે !
સ્મરણમાં ને સ્મરણથી તો કમાવાનું સૂઝેલું છે.

ભૂલેલાંનો, તણાતાંનો, ડૂબંતાંનો સ્મરણ તો છે
-જીવનમાં માત્ર આધાર, અનુભવ્યું તે જીવનમાં છે.

હરિઃૐ

## સ્મરણની ભાવના અંતર

દટાઈ હું ગયેલો છું સ્મરણના તે જીવન વિશે,
જુદા જુદા પ્રદેશો પણ જીવનના તે નિહાળ્યા છે.

શું પ્રત્યેક પ્રદેશે છે, શી વાસ્તવિકતા જ મૌલિક છે !
અનુભવીને હૃદય તેમાં ભર્યું ગુલતાન, મશગૂલ છે.

સ્મરણની ભાવના અંતર સતત જીવંત અભ્યાસે
-ઊગી નીકળી, ફૂટે કેવી જીવનમાં કૂંળી કૂંપળ તે !

ભર્યું ને ભાદર્યું જીવન લીલુંછમ કેવું સૌંદર્યે
-કળા નૌતમથી શોભીતું, થયું નૂતન **હરિ**ભાવે.

હરિઃૐ

## સ્મરણથી કેટલા મોટા

સ્મરણને ખાલી ખાલી મેં વળી તે એમનું એમ
-કદી ના ગાયું છે અમથું, બધું તે નાણી ગાયું છે.

સ્મરણના તે પ્રયોગોથી જીવન ઉપકૃત થયેલું છે,
જીવનમાં ફળ મળેલાથી, જીવન સંસ્કૃત થયેલું છે.

સ્મરણથી કેટલા મોટા પ્રતિષ્ઠિત ભક્ત નામાંકિત
-થયેલા છે, બધાંની તે ખરેખર જાણમાં નિશ્ચિત.

સ્મરણની ભવ્ય ઈમારત જીવનમાં તો ચણાઈ છે,
પરંતુ કાજ તે, કરવાં પડેલાં તપ બહુ ભારે.

હરિઃૐ

# સ્મરણની ધૂનની મસ્તી

સ્મરણ લલકારતાં કેવો જીવનમાંથી બધી રીતે
-બધો સંકોચ ક્યાંનો ક્યાં જરૂર ભાગી ગયેલો છે !

શરમ પણ કોઈનીયે કંઈ અને કોઈ પ્રકારે જે
-ભજન લલકારવાની તે પડી ટેવે, છૂટી ગઈ છે.

સ્મરણની ધૂનની મસ્તી જીવનમાં લાગી જ્યાં ગઈ છે,
પછીથી કોઈની શેહમાં તણાવાનું રહ્યું ના છે.

કશામાં ગણતરી સહેજે ન મારી કોઈ ગણતું છે,
**હરિ**ની ગણતરીમાં જો અમે તો, સર્વ સુતરું છે.

હરિઃૐ

## *સ્મરણ તારું અખંડ જ તે

**हरि** તુજ નામ લેવામાં અભિરુચિ કૃપાથી જે
-હૃદય લાગી હતી જેથી સ્મરણ તારું થયેલું છે.

સ્મરણ સ્મરતાં, સ્મરણ સ્મરતાં સ્મરણમાં દિલ લાગ્યું છે,
અને તેનાથી રસ, લગની, ગરજ ને સ્વાર્થ ઊગ્યાં છે.

ગરજ, રસ, લગની ને સ્વાર્થ હૃદય જેના વિશે લાગે,
મનાદિ આપમેળે ત્યાં વળેલાં મગ્ન શાં રહે છે !

સ્મરણ* તારું અખંડ જ તે ગરજ ઉત્કટથી પ્રગટ્યું છે,
શું તેથી ભક્તિરસ તારા પરત્વેનો ભભૂક્યો છે !

---

* તા. ૧૧-૬-૧૯૭૨ના રોજ 'સમર્પણ' કોલોનીમાંથી ચૌહાણ સાહેબને ત્યાં સવારે, અમદાવાદ.

હરિઃૐ

# સ્મરણની શક્તિના જોશ

સ્મરણ સ્મરતાં, **हरि** ભજતાં સ્મરણ લેતો થયેલો જે,
સ્મરણ એવી રીતે લેતાં, હૃદયમાં ભાવ જાગ્યો છે.

હૃદય તે ભાવને લીધે સ્મરણ સાધન વિશે મુજને
-કંઈક પડવા જ રસ લાગ્યો, ટકાયું તેમાં તેથી જે.

સ્મરણમાં કેવો ઊછળતો ઉમળકો તેથી તો હૃદયે
-ઉછાળો મારતો જાગી, સ્મરણ પાછળ પડાયું છે.

સ્મરણની શક્તિના જોશતણું પૂર તો ચઢેલું છે,
કિનારા બેઉ છલકાવી બધે જ્યાં ત્યાં જ પ્રસર્યું છે.

હરિઃૐ

## સ્મરણમાંથી જીવનધ્યેય

જીવનમાં શક્તિને કેવું સ્મરણ તો પ્રેરનારું છે,
અનુભવથી પ્રમાણીને પ્રયોગે સિદ્ધ કીધું છે.

શરૂમાં યદ્વાતદ્વા તો સ્મરણ લીધા કરેલું છે,
અનુરાગ જ થતાં તેમાં સ્મરણમાં **પ્રાણ** જાગ્યા છે.

સ્મરણમાં તે પછી કેવો અદ્વિતીય, અનુપમ જે
-હૃદય રસ પ્રગટી પ્રગટીને સ્મરણ ભાવી ગયેલું છે.

સ્મરણમાંથી જીવન ધ્યેયતણી પાકી ગરજવાળી
-સમજ સક્રિય વેગીલી રસીલી જન્મી છે કેવી !

હરિઃૐ

# સ્મરણથી શાંતિ, આનંદ

સ્મરણ મુજ જિંદગાનીનું બધું રળતર કમાણીનું
-ધીરે ધીરે થઈ ભેગું, થયો ઢગલો ગજબનો શો !

સ્મરણ દિલને બહેલાવા જીવનમાં તો મળેલું છે,
સ્મરણથી શાંતિ, આનંદ, હૃદય મળતાં રહેલાં છે.

જીવનનું સાચું મૂળમાંનું બધું તારતમ્ય ગૂઢ જે છે !
સ્મરણમાં ભાવ ઊભરાતાં હૃદય ગમ તેની ઊગી છે.

સ્મરણ મુજને જીવનના તે સમુદ્રે નાવ તરવાને
-કૃપાથી બક્ષી, તે તારી અમીદૃષ્ટિની લીલા છે.

હરિ:ૐ

# મળી શક્તિ સ્મરણથી જે

પતિતજનને જીવનમાં **આ** સ્મરણ સાધન કૃપાથી **તેં**,
કૃપા અઢળક કરી મુજને હૃદય બક્ષિસ દીધું છે.

ગરીબનું ચીંથરે બાંધ્યું જીવનનું માત્ર શું ધન તે !
જતન કરી સાચવીને, તે સ્મરણ ધન મેં વધાર્યું છે.

થવા જીવનનું સંશોધન મળી શક્તિ સ્મરણથી જે,
અને તે શક્તિને પાછી બધી ઉપયોગવાળી છે.

**हरि**માં ને **हरि**માં દિલ પછીથી કેવું લાગ્યું છે !
હવે એ તો જીવનમૂળની બધી શક્તિનું કારણ છે.

હરિ:ૐ

## સ્મરણ કેવા ચમત્કાર

ઊંધુંચતું જીવનમાનું બધું ઠેકાણે પાડ્યું છે,
પ્રતાપ ને પ્રભાવ જ શા બધા એ તો સ્મરણના છે.

સ્મરણ એકવાર જીવનમાં ખરેખરું લઈ જુઓ દિલથી,
અખંડ તે થતાં, જો જો પરિણામ જ ખરું મનથી.

સ્મરણમાં તે પછીથી શી લહેરો તો ઊડે જીવને !
અનુભવથી જ સાબિતી મળી રહેવાની ત્યારે છે.

ઊલટ, ઉમંગ, ઉત્સાહે સ્મરણ લેવાતું શું રહે છે !
સ્મરણ કેવા ચમત્કાર જીવનમાં આપ સર્જે છે.

હરિ:ૐ

# સ્મરણની બોલબાલાથી

કૃપાથી શો સ્મરણકેરો સુયોગ સાંપડેલો જે,
સ્મરણની ભક્તિએ કેવા જીવનપલટા કરાવ્યા છે.

સ્મરણ બોલાતું છો લાગે ભલે હો શબ્દ તે માત્ર,
પરંતુ કેટલી કેવી સ્મરણની શક્તિ તાકાત !

સ્મરણની શક્તિ જીવનમાં અનુભવવા મળેલી જે,
સ્મરણગાથા જીવનમાંના થયા વર્તનની ભાખું તે.

અનોખો ભવ્ય ઈતિહાસ સ્મરણની સાધનાનો છે,
સ્મરણની બોલબાલાથી રણકતો મસ્તીથી આજે.

હરિઃૐ

# સ્મરણની શી અજબ દુનિયા

સ્મરણથી ઊર્મિલું જીવન ભર્યું ભરપૂર કેવું છે !
હવા દિલખુશ સ્મરણની શી જીવનમાં મહાલી જાણી છે !

જીવન પરમાણુનો પાકો સ્મરણ પરખંદો કેવો તે
-સ્મરણના ચેતનાત્મક તે પ્રયોગે સિદ્ધ કીધું છે.

સ્મરણની શી અજબ દુનિયા ગજબનો એનો પરચો છે,
વળી દે આભને ઠેલાં સ્મરણની શક્તિ એવી છે.

અઘાટ, ઘાટ જીવનના સ્મરણથી હચમચી જઈને
-થયા સંપૂર્ણ તે દૂર જ, પ્રતાપેથી સ્મરણના તે.

હરિઃૐ

# સ્મરણથી આગનો તણખો

સ્મરણમાં ને સ્મરણમાં તો દિવસ ને રાત્રિ ગાળ્યાં છે,
સ્મરણની ધૂનની મસ્તી જીવન લાગી ગયેલી છે.

સ્મરણથી આગનો તણખો જીવનમાં જે પડેલો છે,
જીવન એણે જ ચેતાવી જલાવી કેવું મૂકયું છે !

જીવનને બાળી બાળીને, પુનર્જીવન પમાડ્યું છે,
હૃદય સૌભાગ્યવંતો શો સ્મરણથી હું થયેલો જે !

જીવનની આગવી શક્તિતણું તે ભાન દિલ મુજને
-સ્મરણ ભક્તિથી જાગીને, હૃદય ચેતાવ્યું નવજીવને.

હરિ:ૐ

# સ્મરણ મુજ આદ્યગુરુ છે

સ્મરણથી તો જીવનનો શો ખરેખર રંગ રાખ્યો છે,
સ્મરણનો મેં જીવનમાં તો ખરેખર રંગ ચાખ્યો છે.

સ્મરણનો મેં કદાપિ દિલ થવા ના ભંગ દીધો છે,
સ્મરણ લીધે જીવન મારું કદી તંગ થયું ના છે.

સ્મરણમાં મહાલી મહાલીને હું રંગેચંગે નાહ્યો છું,
સ્મરણ મુજ આદ્યગુરુ છે, સ્મરણથી હું ભણેલો છું.

સ્મરણને ચાવી ચાવીને સ્મરણને દિલ પચાવ્યું છે,
સ્મરણનું હાર્દ પરખીને, સ્મરણ અમૃત ચાખ્યું છે.

હરિઃૐ

# સ્મરણાતીત તે થઈ

સ્મરણથી જીવતાં, જીવતાં, અનુભવી દિલ લીધું કે
‘ખરેખરી શબ્દમાં પણ તે છુપાયેલી શી શક્તિ છે !’

શબ્દમાં ભાવ સ્ફુરી જ્યાં નિરંતરતા હૃદે જાગે,
શબ્દની શક્તિનો ત્યારે શો આવિર્ભાવ થતો રહે છે !

શબ્દથી ભાવ તો વ્યક્ત થતો કેવો રહે છે તે !
છતાં શો ભાવ શબ્દાતીત ! સ્મરણ એવું નિરાળું છે.

સ્મરણના ભક્તને હૃદયે સ્મરણનું હાર્દ ફોરે છે,
સ્મરણાતીત તે થઈ જઈ જતો છે પાર શબ્દની તે.

હરિઃૐ

# સ્મરણથી છે બઢાયું તો

સ્મરણ રંગત જમાવીને, જીવનમાં શી વણાઈને !
સ્મરણમાં લીન, તદાકાર થવાતાં, પ્રાણ પ્રગટ્યા છે.

જીવનમાં ઊર્ધ્વમાં ઊર્ધ્વ ભૂમિકામાં પ્રવેશાવા
-સ્મરણ શરૂઆતનું સાધન ખરું ઉપયોગી નીવડવા.

સ્મરણ, માત્ર સ્મરણમાં તે કદી ચોંટાડી રાખે ના,
સ્મરણમાં ભાવ ઊગંતાં સ્મરણ કેવું ચઢાવે ત્યાં !

જીવનવિકાસના પથમાં જવા આગળ સ્મરણ સાચો
-ખરેખર ભોમિયો કેવો ! સ્મરણથી છે બઢાયું તો.

હરિઃૐ

# સ્મરી સ્મરીને હરિ, હરિ દિલ

જીવન વિકસાવવા યોગ્ય ખરું કર્તવ્ય, સ્મરણ તો છે,
હૃદયથી જ્ઞાનપૂર્વક તે સમજીને દિલ સ્વીકાર્યું છે.

જીવનનું યોગ્ય તે કર્મ ઢીલું પડવા ન દીધું છે,
ચહી ચહીને, રટી રટીને સ્મરણ દોહરાવ્યું છે.

સ્મરણ લલકારી, લલકારી હૃદય એકતાનતા શી જે
-ઊંડી વ્યાપી રહી ! તેથી જીવનવેપાર કીધો છે.

જીવનની મૂડી રળવાને સ્મરણ સાધન લીધેલું છે,
સ્મરી સ્મરીને **હરિ**, **હરિ** દિલ નિરંતર શું રટેલું છે !

હરિ:ૐ

## સ્મરણ લીધે હરિ દિલ છે

સ્મરણની મૂડી નાનકડી ભલે લાગે, છતાં પણ તે
-જીવનવેપાર કરવા શી શરૂમાં લાગી છે !

મૂડીમાંથી નફો મળતાં, નફાનોયે મૂડી ભેગો
-કરી ઉપયોગ, વેપાર વધાર્યા તે કરેલો શો !

બઢ્યાં એમ જતાં મૂડી થયું ભંડોળ ભેગું જે,
બહોળો તે પછીનો તો થતો વેપાર ન્યારો છે.

સ્મરણથી તો ધપાયું છે, સ્મરણથી તો જિવાયું છે,
સ્મરણથી તો રળાયું છે, સ્મરણ લીધે **હરિ** દિલ છે.

હરિઃૐ

## સ્મરણને દિલ અનુભવથી

જીવનના યોગ્ય ને મૌલિક ખરા તાત્ત્વિક વિચારક જે ,
સ્મરણને યોગ્ય કંઈ ન્યાય ન આપી તે શકેલા છે.

સ્મરણને દિલ અનુભવથી બધાં પાસાંથી પરખીને
-સ્મરણને નાણી જોયું છે, સ્મરણ ઉપયોગી સાધન છે.

જીવનના રોગને મૂળથી સ્મરણ મટાડનારું છે,
સ્મરણ ઔષધની તે ભસ્મ બધી ભસ્મોથી ન્યારી છે.

સ્મરણને લઈ જાણ્યું છે, સ્મરણને દિલ પરખ્યું છે,
સ્મરણને દિલ ઉતાર્યું છે, હવે મુજને વરેલું છે.

હરિ:ૐ

## સ્મરણના વ્યક્ત મહિમાને

સ્મરણ રાગી, વિરાગીનું ખરેખરું દિલ ચગવવાનું,
બધાંને એકસરખું પણ નર્યું તે યોગ્ય સાધન શું !

સ્મરણના તે રસાયણથી જીવનની પ્રાણશક્તિને
-ખિલવવાનો ખરો મોકો મળી કેવો ગયેલો છે !

સ્મરણના જાદુની લીલા જીવનમાં શી અનુભવીને !
જગતજનનાં ચરણ આગળ હાવાં હું તે ધરું નમીને.

સ્મરણના ભાવના રસિયા જીવનના જે ખરેખર છે,
સ્મરણના વ્યક્ત મહિમાને પૂરો તે ન્યાય દઈ શકશે.

હરિઃૐ

## સ્મરણથી ભાવના દરિયા

રહેલી શબ્દમાં શક્તિ સ્મરણ કારણથી જાણી છે,
સ્મરણના મૂળમાં શી તે છુપાયેલી લપાઈ છે !

ઉઘાડું દિલમાં કેવું ! જીવન ઘૂંઘટને ખોલીને
-નિરંતરના સ્મરણ કેડે હૃદય દર્શન થયેલું છે.

સ્મરણ સ્મરતાં, સ્મરણ ભજતાં સ્મરણ તે દિલ ચોંટ્યું છે,
સતત વળગી રહેવાતાં સ્મરણનું તત્ત્વ લાધ્યું છે.

સ્મરણથી ભાવના દરિયાતણાં મોજાં શું ઊછળ્યાં છે !
પલાળીને કિનારાની જતાં પાર જ રહેલાં તે.

હરિઃૐ

## સ્મરણનો મસ્ત આનંદ

**हरि, हरि** દિલમાં ઊંડું રટણ મસ્ત રણકતું છે,
સ્મરણનો મસ્ત આનંદ ઊછળતો ઑર શો વહે છે !

સ્મરણના ભાવ આનંદે જીવનનું પર્વ ઉત્સવ છે,
મહાસાગર હૃદયભાવ ઊછળી, ઊછળી જ સ્પર્શે છે.

જીવન અવતાર નૂતન છે, જીવન શૃંગાર નવલો છે,
જીવન બદલાયું જુદું તે, કૃતાર્થ તે થયેલું છે.

જીવન કૃતકૃત્ય કેવું છે ! જીવન **हरि**માં ભરેલું છે,
જીવન **हरि**થી રસીલું છે, રસે મસ્ત જ છલોછલ છે.

હરિઃૐ

## સ્મરણ કારણનું કારણ છે

જીવનનો ફેરબદલો શો સ્મરણથી તો થયેલો છે !
સ્મરણ કારણનું કારણ છે, સ્મરણથી મૂળ ગ્રહાયું છે.

જીવન સઘળું તળે ઉપર વલોવાયું સ્મરણથી છે,
સલામત સ્થિતિથી મુક્ત જ થવાનું સ્મરણે ઊગ્યું છે.

ઊંડામાં સાવ અંતરમાં, ઊંડામાં તેથી ઊંડેયે
-વધારે તેથીયે ઊંડે સ્મરણભાવે જવાયું છે.

અશાંતિ, ક્લેશ, સંઘર્ષણ વળી અથડામણો જીવને
-સ્મરણના ભાવથી શમીને જીવન સમતા સ્થપાઈ છે.

હરિઃૐ

## સ્મરણ આધાર શરૂથી છે

સ્મરી સ્મરીને બધું કરવું, જીવનનો નિત્યનો ક્રમ તે,
સ્મરણ શું શ્વાસોશ્વાસ જ છે ! સ્મરણ નૂર કીકીનું છે.

સ્મરણ છે હાર્દ **આ** તનનું, સ્મરણ અગ્નિ પચવવાને,
સ્મરણ છે લોહી જીવવાને, સ્મરણ શું આદ્યશક્તિ છે.

જીવનમાં મેં રમત માંડી, જીવન મૌલિક જીવવાને,
સ્મરણ આધાર શરૂથી છે, હવે પાયો જ ભક્તિ છે.

બધા ચણતરતણી ઈંટ **હરિ**ના નામની તે છે,
હવે તે મહેલમાં કેવી **હરિ**ની બાદશાહી છે !

હરિઃૐ

## સ્મરણહાર્દ જ ગ્રહાયું છે

સ્મરણમાં ભાવ જાગ્યાથી સ્મરણ એકાગ્રતા થઈને,
સ્મરણમાં મસ્તી લાગ્યાથી, સ્મરણહાર્દ જ ગ્રહાયું છે.

સ્મરણ તે શબ્દ ના માત્ર હવે મુજને રહેલો છે,
શું શબ્દ ઉપાસનાથી તો મળેલી શબ્દશક્તિ છે !

જીવન ઉપયોગમાં વર્તી નગદ નાણું મળેલું તે,
જીવન વ્યવહારમાં તેમ પ્રમાણ્યું વાપરીને છે.

**હરિ**ની શક્તિ નક્કર શી જીવનમાં વાસ્તવિક તે છે !
થતી સંકલ્પસિદ્ધિમાં ખરેખર વ્યક્ત કેવી તે !

હરિઃૐ

# સ્મરણની લગની જેને છે

સ્મરણમાં મસ્તી લાગ્યાથી હૃદયરણકો શું તેમાંથી
-જીવનમાં જાગીને જ્યાં ત્યાં પસારો તો થતો રહે છે.

સ્મરણમાંથી સ્ફુરેલો જે હૃદયભાવ જીવન તેણે
-ખિલવવાને જીવન ઊંચે ચઢવવા સહાય કીધી છે.

સ્મરણની શક્તિ કેવી છે ! સ્મરણ પાછળ પડેલો જે
-સ્મરણની લગની જેને છે, પૂરી તેવા પિછાને છે.

સ્મરણ લીધા જવાયાથી, હૃદયમાં આગ લાગી છે
-જીવનવિકાસને અર્થે, શું ભાવ તેથી ચેત્યો છે !

હરિઃૐ

## સ્મરણનો શો ચમત્કાર

સ્મરણથી ને સ્મરણમાં મન પૂરું પલાળવાને તે
-સ્મરણ લેવાનું દિલથી જે સતત ચાલુ થયેલું છે.

**हरि**ના નામનો શબ્દ હૃદયનો ભાવ જેમાં છે,
ખરેખર શક્તિ જીવંતી બધી તે નામમાં ફોરે.

**हरि**ના નામનું દિલથી સ્મરણ ચાલ્યા જતું જે છે,
સ્મરણનો શો ચમત્કાર સ્મરણ લેનાર જાણે છે.

સ્મરણ પાછળ પડી તેથી સ્મરણ લીધા કરેલું છે,
અખંડિત તે થતાં, જીવન શું રૂપાંતર થતું રહે છે !

હરિઃૐ

## સ્મરણનું હાર્દ પ્રીછ્યું છે

**હરિ**ના નામના મંત્રે હૃદય મોહિત થયેલું છે,
સ્મરણમાં દિલ આહ્‌લાદ શું લેતાં લેતાં ઊમટ્યો છે !

સ્મરણમાં ભાવ જેને છે, સ્મરણ તેને સ્મરણ ના છે,
સ્મરણ તો શક્તિરૂપે તે જીવનવર્તનમાં પ્રગટે છે.

સ્મરણમાં જે જીવે છે તે, સ્મરણ જેને જીવનરૂપ છે,
સ્મરણ તેને નવાજીને જીવનને ધન્ય કરતું છે.

સ્મરણને એમનું એમ કદી મેં તો ન ગાયું છે,
કરી અનુભવ પ્રયોગેથી સ્મરણનું હાર્દ પ્રીછ્યું છે.

હરિ:ૐ

## સ્મરણ અભ્યાસ દિલ ઊંડો

શરૂ શરૂમાં સ્મરણને મેં ન શક્તિરૂપ જાણ્યું તે,
લીધા કરવું જ સમજીને, સ્મરણ લીધા કરેલું છે.

સતત પરિચય થતાં એનો હૃદયમાં દૃઢ થયેલું છે,
થતાં દૃઢ ને જીવંતું તે, પછી તો શક્તિ પ્રીછી છે.

સ્મરણ અભ્યાસ દિલ ઊંડો નિરંતરનો થતાં જીવન,
સ્મરણના પાસની શક્તિ અનુપમ ઊગી તે દિલ.

પછીથી તો સ્મરણનો શો નશો મદમસ્ત જન્મ્યો છે !
નશામાં ને નશાબળથી જીવનરણકાર ન્યારો છે.

હરિઃૐ

## સ્મરણની ભક્તિથી મુજને

સ્મરણની ભક્તિથી મુજને જીવનભાથું મળેલું છે,
સ્મરણનું દિલ રસિયું તો ખરેખરનું બનેલું છે.

સ્મરણ અભ્યાસ જીવનમાં સ્મરણ લીધા જવાયાથી
-પરિપક્વ થયો કેવો રણકતો મસ્ત તે દિલથી !

સ્મરણ અભ્યાસનું દિલમાં ઊંડું સાતત્ય પ્રગટ્યું છે,
તહીં કેવાં કરણ સઘળાં પ્રકાશિત તો થયેલાં છે !

જીવનનો મૂળ આધાર સ્મરણ મુજને થયેલું છે,
સ્મરણભક્તિથી તો પાત્ર ભૂમિકા સૌ થયેલી છે.

હરિઃૐ

# સ્મરણ ભક્તિથી પ્રગટી છે

ગયેલો સાવ કચડાઈ, દબાઈ શો ગયેલો જે !
નર્યા મુડદાલ જેવાને, બનાવ્યો મર્દ સ્મરણે તે.

સ્મરણ ભક્તિથી પ્રગટી છે, હૃદય મર્દાનગી શી તે !
તપશ્ચર્યા શું છલકાતા પરાક્રમથી થયેલી છે !

પુરુષાર્થ ન મારો તે, કૃપાનું બળ હતું તે તે,
સ્મરણની ભક્તિનો સાચો પુરાવો, શી હકીકત તે !

થઈ શકતું ન જે કર્મ જગે સામાન્ય જનથી તે
-**હરિ**ની ભક્તિએ કેવું બધું મુજથી કરાવ્યું છે !

હરિઃૐ

# સ્મરણની ભક્તિની તોલે

'સ્મરણની ભક્તિની તોલે કશું કોઈ બળ ન આવે છે',
જીવનમાં તે જ, દૃઢ, મક્કમ હૃદય વિશ્વાસ એવો છે.

હૃદયમાં તેથી નિશ્ચિંત થયેલો હું બધી રીતે,
હવે ઉચાટ કંઈ પણ તે જરા સરખો રહ્યો ના છે.

**हरि** સંભાળ લેનારો ધણીધોરી જીવનનો છે,
સ્મરણની ભક્તિ લાગ્યાથી સમજ સક્રિય ઊગી તે.

સ્મરણ સ્મરતાં, હૃદય ભજતાં **हरि** પેસાડ્યો દિલમાં છે,
**हरि**ના ભાવમાં રમવાતણું સુખ દિલ ભરી દે છે.

હરિઃૐ

# સ્મરણની શક્તિ તાકાત

‘સ્મરણ સ્મરતાં, હૃદય સ્મરતાં, સ્મરણનો સ્વાદ ચાખ્યો છે,
પછીથી તો સ્મરણ કેવું હૃદયમાં પેસી ફૉર્યું છે.

સતત ખીલતું રહ્યું છે તે, સુવાસે મઘમઘી જીવન
-પ્રસરતું શું રહી પાછું, થતું કૃતાર્થ સૌ જીવન.

સ્મરણની શક્તિ તાકાત થતાં પરિણામથી જીવને,
જતું પલટાતું લાગ્યાથી સહજમેળે જણાયે તે.

સ્મરણ નાનકડું છો સાધન, છતાં અભ્યાસ જ્યાં જીવને
-ઊંડો એનો થતાં પક્વ, મહાસાગર બને છે તે.

હરિઃૐ

## જીવનમાં જ્યાં સ્મરણનિષ્ઠા

સ્મરણની ટેવ તે પડતાં, જીવન જીવવાનું દિલમાં તે
-ઊંડું વેધંતું જાગીને, ચરણમાં દિલ ઠરાવ્યું છે.

જીવનમાં જ્યાં સ્મરણનિષ્ઠા હૃદયથી વ્યાપી જે ગઈ છે,
જીવન **આ** તે જ શિક્ષણથી થતું ઉન્નત ગયેલું છે.

જીવનની ઊર્ધ્વ નિસરણીતણાં પગલાં નિરાળાં છે,
શું પ્રત્યેક પરસ્પરથી જુદાં જુદાં જ પોતે છે !

છતાં તે તે પરસ્પરથી જીવનમાં શાં સધાયાં છે !
પરસ્પર સંકળાયેલાં ખરેખર તાંતણે **એક** તે.

હરિઃૐ

## સ્મરણ પ્રત્યક્ષ શક્તિ છે

કટોકટીના, બરાબરીના, ખરાખરીના જીવનમાં તે
-પ્રસંગો કંઈક પ્રગટતાં જીવન આવી પડ્યું ખતરે.

વિપત્તિ આવતી જ્યારે, બધી દિશાથી આવે છે,
જીવન ગભરાવી મૂકવાને પવન ચોમેર વાયો છે.

ખમીર જીવનનું ત્યારે શું શૂરાતન જે જીવનનું તે
-ઝળકી ઊઠી જબરજસ્ત કરેલો સામનો ત્યારે.

સ્મરણની સાધનામાંથી મળેલું અંતરે બળ જે,
જીવનમાં ખપ ખરું લાગ્યું, સ્મરણ પ્રત્યક્ષ શક્તિ છે.

હરિઃૐ

## સ્મરણની શક્તિનો સ્પર્શ

સ્મરણની શક્તિનો સ્પર્શ થતો જ્યાં જ્યાં રહેલો છે,
વિકસિત શો થતો તે તે ! વળી ખીલી ઊઠે શો તે !

સ્મરણ સ્મરતાં, હૃદય ભજતાં હૃદય સાથે ભળ્યું જ્યાં છે,
સ્મરણના વેશ ને રંગ બધા બદલાઈ ગયેલા છે.

સ્મરણ ભક્તિની લગનીમાં તદાકાર જ થવાતાં જ્યાં,
બધાં 'રૂપ, રસ અને ગંધ, શું શબ્દ, સ્પર્શ' સૌ વામ્યાં !

**हरि**, હરિઃૐ લલકાર હૃદય ભણકાર, રણકાર
-સતત ચાલી રહેલો જે, હૃદય તેમાં જ ગુલતાન.

હરિઃૐ

# સ્મરણ કીમિયો કૃપાથી તે

શું ભય, કુળ, શીલ, અભિમાન, ઘૃણા, લજ્જા, વળી જાતિ
-અને માન, રીતે આઠ જ જીવન બંધાયેલું સહુથી.

પરંતુ જ્યારથી લાધ્યો સ્મરણ કીમિયો કૃપાથી તે,
સ્મરણમાં મગ્ન ને લગ્ન થવાતાં, સૌ હઠેલાં છે.


સ્મરણ ભક્તિથી જીવનનું **અહં** પણ પીગળેલું છે,
થવાતાં શૂન્યથી શૂન્ય પ્રવેશાયે **હરિ**માં તે.

અભય ને મૌન, એકાંત વળી તે નમ્રતાનેયે
-હૃદય સંપૂર્ણ સેવાતાં થવાનું જે, થવાયું છે.

હરિ:ૐ

## ખંડ - ૨

# સ્મરણ 'સાધનથી' માંડીને થતી કંઈ 'સાધના' રહેતી



સ્મરણની સાધનામાંથી જીવન ધપવાનું બળ મુજને,
સ્મરણ સાધનથી હું 'મોટો' ખરેખર થઈ શકેલો તે.

હરિઃૐ

## સ્મરણના માત્ર સાધનથી

જીવનને વાળીઝૂડીને યથાયોગ્ય બધી રીતે
-થવાને સ્વચ્છ, મારો ત્યાં કશો ગજ પણ ન ફાવ્યો છે.

સ્મરણ આશ્રય લઈ લઈને પવિત્ર તે સ્મરણ જળથી
-જીવનને શુદ્ધ કરવાનો કૃપાથી યજ્ઞ માંડ્યો છે.

હૃદય વિશ્વાસ પૂરતો છે ‘સ્મરણના માત્ર સાધનથી
-પવિત્ર સર્વ જીવન તે કરી શકવા સમર્થ જ છે’.

સ્મરણનું તેથી ઘેલું દિલ મને સંપૂર્ણ લાગ્યું છે,
સ્મરણમાં **પ્રાણ** રેડીને સ્મરણમાં રાચતું દિલ તે.

હરિઃૐ

## સ્મરણ સાધનથી માંડીને

થયું જે જે રીતે તે તે બધું તે વર્ણવેલું છે,
અતિશયોક્તિનો દોષ થવા ક્યાંયે ન દીધો છે.

જીવનમાં સાધના ઉગ્ર થયા જેવી કરેલી છે,
બધી હકીકત નરી સ્પષ્ટ રીતે આલેખી તે મેં છે.

થયાં શાં સ્થૂળ ને સૂક્ષ્મ બહુ રીતનાં જ સાધન તે,
રહસ્યોથી ભરેલાં ગૂઢ બધાં તે કલ્પનાતીત છે.

સ્મરણ સાધનથી માંડીને, સ્મરણ અભ્યાસથી ઊગ્યાં
-મહામુશ્કેલ ને દુષ્કર થયાં સાધન ગયાં તે શાં !

હરિઃૐ

# સ્મરણ એ મુખ્ય સાધન જે

સ્મરણને મહાણી મહાલીને જીવનવિકાસમાં એને
-ચઢવવા ઊર્ધ્વ નિસરણી, કૃપાથી ત્યાં મથાયું છે.

સ્મરણ એ મુખ્ય સાધન જે કૃપાથી તો મળેલું છે,
હૃદયની દક્ષતાથી તે **हरि** મદદે સધાયું છે.

છતાં પણ તે વિશે મુજને પડી લેવી જહેમત તે
-રસિક ઇતિહાસ ન્યારો શો ! તહીં પુરુષાર્થ **हरि**નો તે.

જગાડીને હૃદય બેઠો કરાવીને, દડાવ્યો છે,
**हरि**ની ભાવના એણે દઢાવી જીવતી કરી છે.

હરિઃૐ

## સ્મરણ સાધનથી હું 'મોટો'

સ્મરણથી તો જગાયું છે, સ્મરણથી દિલ શિખાયું છે,
સ્મરણથી ભાન જાગંતાં પ્રવેશાયું જીવનમાં છે.

સ્મરણનો આશરો મોટો થઈ કેવો પડેલો છે !
સ્મરણ સાધનથી હું 'મોટો' ખરેખર થઈ શકેલો તે.

સ્મરણ છો પા પા પગલી છે, પરંતુ ચાલવાનું તે
-જીવનનું શિખવાડીને, જીવનદર્શન કરાવે છે.

સ્મરણ વિકાસ પ્રગટ્યો જ્યાં જીવનના તે બગીચાનું
-સુભગ રળિયામણું દર્શન થયાં કેવું કરેલું શું !

હરિઃૐ

## સ્મરણ સાધનથી તો આશા

સ્મરણ સાધનથી તો આશા નવા જીવનની બંધાઈ,
નવા જીવનતણો ગર્ભ ગયો સર્જાઈ શો તેથી !

બધીયે કાળજી પૂરી, તકેદારી પૂરેપૂરી
-રખાઈ દિલ સમજણથી ખરેખરી ભાવનાથી શી !

બધા આચાર પાળ્યા છે, બહુ સંભાળ લીધી છે,
બધા સાચવવા તે ગર્ભ નિયમ જે યોગ્ય, પાળ્યા છે.

સમય પૂરો થતાં, અવધિ પૂરી જ્યાં આવી પૂગી છે,
નવા જીવનતણો જન્મ કૃપાથી શો થયેલો છે !

હરિઃૐ

## જીવનમાં પ્રાર્થના સાધન

જીવનમાં એક બાજુથી સતત અભ્યાસમાં જીવવા
-જહેમત જે થયા કરતી, વધે વેગ જ તમન્નામાં.

'તમન્ના જેટલી તીવ્ર પ્રકાશે અંતરે ઑર
-ખરો પુરુષાર્થ સાચો તે' સમજી લેવો ઘટે દિલ.

**हरि**નાં ચરણકમળે દિલ હૃદય ભાવે ધરી ધરીને
-**हरि**ને સૌ નિવેદીને જીવનનું સૌ સમર્પ્યું છે.

હૃદયથી પ્રાર્થનાકેરો સતત ધોધ વહાવ્યો છે,
જીવનમાં પ્રાર્થના સાધનતણો ઉપયોગ લીધો છે.

હરિઃૐ

# મનન ચિંતવન સતત જેનું

જીવન પરત્વેના પ્રશ્નો હૃદયમાં જે ઊઠેલા શા !
કરી વિચારતો મૂકી પરોવાયો ઊંડે તેમાં.

થયો સંપૂર્ણ સંતોષ જહીં સુધી ન દિલમાં તે,
મનન એનું એ એનું કર્યા કીધેલ મનમાં છે.

સતત રમમાણ તે પ્રશ્નતણા ઉકેલમાં કેવો
-રહી મશગૂલ કેંદ્રિત, મથ્યો ઉકેલવાને તો.

મનન ચિંતવન સતત જેનું થયા એકધારું કરતું છે
-કૃપાથી તેના સંપૂર્ણ ઊકલતા પ્રશ્ન સહેજે તે.

હરિઃૐ

# હૃદય મુજ કર્મમાં રાચી

જીવનના માત્ર વિચારે હૃદય મશગૂલ, ગરકાવ
-સદા ગુલતાન રહેવાથી ન એકલતા જ લાગી છે.

બધાં ભેળાં કુટુંબ સાથે હતો, તોય હું એકાકી
-સતત એકાંત, નિર્જનમાં સમય ગાળ્યો **हरि** તાકી.

ભજન કીર્તન કર્યાં કરીને બધે નિજ કર્મના યજ્ઞે
-**हरि**ને અંતરે ધારી **हरि**માં દિલ રાખ્યું છે.

કશી કોઈની જ સંગાથે ન ઝાઝી વાત કીધી છે,
હૃદય મુજ કર્મમાં રાચી **हरि**માં પ્રીત જોડી છે.

હરિઃૐ

# સ્મર્યા કરતો હું ગિરધારી

બધાં સાથે હું રહેતો'તો, બધાં સાથે હું જમતો'તો,
છતાં હું એકલો એકલો, સમય મુજ નિર્ગમન કરતો.

સદા એકાંત ને મૌન અભય ને નમ્રતા ધારી
-જીવનમાં કેળવી ગુણ તે, સ્મર્યા કરતો હું ગિરધારી.

ભજન ગાતો ફર્યા કરતો જતાં ને આવતાં રસ્તે,
હું અસ્તિત્વ પથે કોઈનું કદી ના ધારતો નજરે.

**હરિ**ને દિલમાં સ્મરવું, **હરિ**ને મુખથી ભજવું,
**હરિ**નું ગાન સાંભળવું, નિરંતરનો જ તે ક્રમ શું !

હરિઃૐ

## થયાં સાધન કરેલાં છે

જટિલ પ્રશ્ને મૂંઝવી ઊંડો જીવનમાં વ્યગ્ર કીધો છે,
પછી તો ભૂલ સમજાઈ, થયું ખોટું 'મૂંઝાયો તે'.

'રહેવાતાં પૂરું સ્વસ્થ બધો ઉકેલ આવે છે',
અનુભવ તે થતો રહેતાં જીવનમાં તે શિખાયું છે.

સ્મરણ, કીર્તન, ભજનભાવ, નિવેદન ને સમર્પણ જે
-હૃદય સન્મુખ આદિનાં, થયાં સાધન કરેલાં છે.

જીવનમાં તેથી સક્રિય તટસ્થતા પ્રવર્તી છે,
હવે તેથી જ પ્રશ્નોનો સહજ ઉકેલ લાધે છે.

હરિઃૐ

## સુધી અભ્યાસ જીવંતો

શરીરના રોગની પીડા ભયંકર કેટલી વેળા
-થતી કેવી શરીરને તે શરીર તે માત્ર જાણે ત્યાં.

શરીરને કેટલા રોગ, વળી પ્રત્યેક રોગની જે
-પીડા કેવી ! પછી સહુની મળીને તીવ્ર થતી શી તે !

શરીરમાં જ પરોવી દે મનાદિને બધાંને તે,
શરીરની એકલાની ત્યાં બધી સભાનતા દિલ છે.

પરંતુ જે સમય લાંબા સુધી અભ્યાસ જીવંતો
-પડેલો દિલ, તેથી જ રહી શકાયું **હરિ**માં તો.

હરિઃૐ

## સ્મરણ સાધનથી દિલ રમતાં

કર્યું ભટક્યાં, કર્યું ભટક્યાં, કીધું અફળાયા જ્યાં ત્યાંયે,
કશું ના હાથ આવ્યું છે, બહુ રોળાયા કીધું છે.

'જીવન કરવાનું શું' તેની કશી ના ભાળ લાગી છે,
સ્મરણ સદ્ભાગ્યથી મુજને જીવનમાં કેવું મળિયું તે !

સ્મરણ સાધનથી દિલ રમતાં હૃદય ગમ્મત પડેલી છે,
હૃદય ગમ્મતના આનંદે હિલોળે દિલ ચઢેલું છે.

સ્મરણ સાધનથી શો મુજને જીવનનો આરો લાધ્યો છે !
જીવન મુક્તામણિ શો તે સ્મરણ મારે જીવન તો છે !

હરિઃૐ

## સ્મરણ સાધન ગ્રહી લઈને

મહામોંઘામૂલું રત્ન જીવનનું પ્રાપ્ત કરવાને,
સ્મરણ સાધન ગ્રહી લઈને મથાયું શોધવાને તે.

સતત મથવાતણો દિલમાં હૃદય ઉત્સાહ ધગધગતો
-જીવનમાં પ્રગટીને તેણે મથાવ્યા દિલ કરેલું શું !

ભયંકર શા જબરજસ્ત છતાં અવરોધ જીવનમાં
-પ્રગટતાં, ખૂબ થડકારો ઊંડો લાગી ગયો દિલમાં.

છતાં જે પૂછડું પકડ્યું, કદી છોડી ન મેલ્યું છે,
ગમે તેવું થતાં તોયે રહ્યો સાધનમાં વળગી તે.

હરિઃૐ

# સ્મરણ સાધન તો ઉત્તમ છે

જીવનમાં જીવવા કાજે સ્મરણ સાધન તો ઉત્તમ છે,
સફળ નીવડ્યું મને કેવું ! સુફળ તેણે અપાવ્યું છે.

જીવનની ભુલભુલવણીમાં ભૂલું જ્યારે પડાતાંમાં,
સ્મરણથી ભાન જાગીને, વળાવ્યો યોગ્ય દિશામાં.

જીવનમાં ભોમિયો નહોતો જીવનપથનો જરા સરખો,
જીવનપથને ચિંધાવ્યો છે, મને સ્મરણે મથાવી શો !

સ્મરણ તે ના સ્મરણ ખાલી હાવાં મુજને રહેલું છે,
બિરાજેલા હૃદયમાંના **હરિ**નાં પાદ ચિહ્નો તે.

હરિઃૐ

# જીવન વિકસાવવા સાધન

સ્મરણમાંથી ફળ્યાં બીજાં જીવન વિકસાવવા સાધન,
ફળવવાની બધી રીતની **હરિ**થી દિલ પડી સમજણ.

ખરેખર કેટલાંક જ તો બહુયે અટપટાં લાગ્યાં,
હૃદય ના ગેડ પડતી'તી, કરી ત્યાં પ્રાર્થના દિલમાં.

હૃદયમાં ડૂબકી મારીને ઊગ્યો બુદ્ધિથી ઉપાય,
રીતે તે વર્તવાથી દિલ અનુકૂળતાથી થઈ ફાવટ.

**હરિએ** સૌ ઉગાડ્યું છે, **હરિએ** સૌ મથાવ્યું છે,
**હરિએ** સૌ સુઝાડ્યું છે, **હરિએ** સૌ ફળાવ્યું છે.

હરિઃૐ

## સ્મરણ સાધનના અભ્યાસે

**હરિ**ના નામનું અમૃત સ્મરણ સાધનના અભ્યાસે
-હૃદય જીવતો થતાં, પીણું પીવા કેવું મળેલું છે !

સ્મરણને લેઈ જોવાથી જીવનવિકાસનાં કર્મે
-કરી ઉપયોગ લેવાથી હૃદય સમજણ પડેલી છે.

સતત પાછળ પડી પડીને હૃદય જીવંતું કરવાને
-હૃદયને ઘેલું લાગેલું, મને તેણે મથાવ્યો છે.

સતત એકીટશે અંતર સ્મરણને બસ ચલાવ્યું છે,
નિરંતરના સ્મરણની તે પછી રમઝટ શી ચાલી છે !

હરિઃૐ

## જીવન ઘડવાનું સાધન જે

સ્મરણને નાનુંસૂનું મેં કદી પણ ના ગણેલું છે,
જીવન ધડવાનું સાધન જે અમૂલખ દોહ્યલું શું છે !

સ્મરણથી આત્મનિવેદન **હરિ**ચરણે થવાની જે
-કળા વિદ્યા ખીલેલી છે, થવાયું ખુલ્લું તેથી છે.

જીવનના ધ્યેયને સન્મુખ ધર્યા કરવાની જીવનની
-બનેલી વાસ્તવિક હકીકત, થયું તે તે સ્મરણનાથી.

સ્મરણ અભ્યાસથી જીવન વિશે ઊંડું જવાયું છે,
બધું અંદરના અંતરનું હૃદય સમજાતું લાગ્યું છે.

હરિઃૐ

## સ્મરણ સાધનથી જીવનને

સ્મરણ તુક્કો, ન તુક્કો છે, હવે મુજને જીવન વિશે,
કદી પણ માત્ર બાહ્યાચાર વિશે દિલને ન ગોઠ્યું છે.

સ્મરણમાંથી હૃદયમાંની થતી શી પ્રાર્થના રહી છે !
બધું જે તે નિવેદીને કહ્યા **હરિ**ને કરેલું છે.

જીવનમાં હામ ને હૈયું પડે ભાંગી, પળોમાં તે
-ટકાયું પ્રાર્થનાબળથી, જીવનની ખુશનસીબી તે.

સ્મરણના ભાવથી કેવું હૃદયબળ કેળવાયું છે !
સ્મરણ સાધનથી જીવનને **હરિ**માં સંકળાવ્યું છે.

હરિઃૐ

## સ્મરણની સાધનાકેરી

‘સ્મરણથી શું મળેલું છે ? બધો બકવાટ ખાલી તે,
**हरि, हरि** વદવું મિથ્યા છે’, કંઈકને કહેતા જાણ્યા છે.

‘પરંતુ તેમણે ક્યારે પ્રયોગો નિજ જીવન વિશે
-સ્મરણના ક્યાં કરેલા છે ? પૂછું છું નમ્ર થઈને તે.

પ્રયોગો **આ જીવે** કેવા સ્મરણના તો કરેલા છે !
જુદા જુદા તબક્કામાં સ્મરણને તારવેલું છે.

સ્મરણની સાધનાકેરી જુદી જુદી ભૂમિકાનો
-બધો ઈતિહાસ મુજ પાસે, કૃપાથી તે રહેલો શો !

હરિઃૐ

# થઈ છે સાધના જેવી

‘જીવનનો હેતુ શો છે તે ! જીવનનું ધ્યેય કેવું તે !
જીવનનું લક્ષ્યબિંદુ શું !’ સ્મરણથી ભાન જાગ્યું તે.

શી જાગ્રતિ તીવ્રતમ તેણે મને ખૂબ હચમચાવીને,
હલાવીને પથે મુજને શું ધક્કેલો જ માર્યો છે !

બધું દિલ જાગ્રતિ બળથી ખરેખર તે સધાયું છે,
કૃપા એ તો **હરિ**ની કે, હૃદય જિજ્ઞાસા પ્રેરી છે.

સ્મરણ એણે કરાવીને સ્મરણમાં દૃઢ બનાવ્યો છે,
મરણિયો દિલ નિર્ધાર વળી એણે ઉગાડ્યો છે.

કદીક ‘હું’ કે કદીક ‘મેં’ તે શું ઉચ્ચારેલ એવું જે,
થઈ છે સાધના જેવી પ્રક્રિયા રીત લખાયું તે.

હરિઃૐ

# થતી કંઈ સાધના રહેતી

કૃપાથી પૂર્ણ નિર્ભીકતા શી અવિશ્રાંત જીવનમાં જે
-થતી કંઈ સાધના રહેતી ! વધ્યું તેથી શું ગૌરવ તે !

સદા સંતોષની ઊર્ધ્વ ભૂમિકામાં ઠરી ઠરીને,
હજી આગળ અનુભવની દિશામાં તો જવાનું છે.

પ્રયોગો કંઈક જીવનમાં પ્રગટી ચૂકેલ જે કંઈ છે !
હૃદય તેમાંથી નવનીતને શુ તારવતું સદા રહે છે !

મળે જે તે બધું, તેમાં થકી અમૃતતણા રસને
-અનુભવી તે હૃદય લઈ સૌ, **હરિ**માં લય પમાડ્યું છે.

હરિ:ૐ

## હરિએ સહાય કીધી છે

સ્મરણની સાધનામાંથી જીવન ધપવાનું બળ મુજને
-અતુલ કેવું ગજબનું તે મળેલું કોણ સમજે છે ?

ગૂંચો, પ્રશ્નો, શી મુશ્કેલી વળી વિઘ્નો નડેલાં જે,
થતાં જ્યાં સામનો જબ્બર બઢ્યું તેથી હૃદયબળ છે.

ઘવાયો કેટલી વાર, છુંદાઈ પણ ગયેલો છું,
છતાં ત્યાં હામ ભીડી શો ટટારીથી ઊભેલો છું !

ખડો સંગ્રામમાં લડવા, બધું ચોમેરનું બળ તે,
-પૂરેપૂરું એકઠું કરવા **હરિ**એ સહાય કીધી છે.

હરિઃૐ

# સ્મરણ શક્તિ થયેલું છે

સ્મરણથી ને સ્મરણમાંથી જીવનને તારવેલું છે,
સ્મરણને આદ્યશક્તિ મેં ખરેખર તેથી માની છે.

સ્મરણની સાધનાથી તો જીવનમાં શું શું શીખ્યો છું,
જણાવ્યું મેં બધું સ્પષ્ટ થઈ સંપૂર્ણ તે ખુલ્લું.

સ્મરણના નાદથી મસ્ત બહેલાવ્યું સતત દિલને,
સ્મરણ તે ના સ્મરણ માત્ર, સ્મરણ શક્તિ થયેલું છે.

સ્મરણને માનવાનો કે હવે ના માનવાનો તે
-રહ્યો ના પ્રશ્ન, મુજને તે મૂળાધાર જીવનનું છે.

હરિઃૐ

# અનુપમ શું મળેલું છે !

સ્મરણમાંથી જીવનની શી હૃદયમાં ભક્તિને લીધે
-જીવન, વિચાર ક્રાંતિથી થયું સજ્જ ઘડાવાને.

બધા મતભેદ પીગળીને, વિચારો પણ શમી જઈને
-લગાતાર જ હૃદય **હરિ**માં શું એકાકાર લાગે છે.

જીવનનો ન્યાસ **હરિ**માં છે, અનુભવવા **હરિ**ને તે
-સ્મરણ સાધનથી શરૂ કરીને બઢ્યો આગળ ધીમે ધીમે.

સ્મરણની સાધનામાંથી જીવનને ઊર્ધ્વ ગતિ વિશે
-ઊંડું પ્રેરાવનારું બળ અનુપમ શું મળેલું છે,

હરિ:ૐ

# બધું જે તે ફળેલું છે

'સ્મરણ ચાલ્યા જ કરતું'તું, સમગ્ર જ પ્રક્રિયા શી તે
-જીવનમાં તો બની જઈને, નવો અવતાર પણ લે છે.

અસંબદ્ધ જ વિચારો શા બધા વીખરાઈ જઈને તે
-જીવનના કેંદ્રબિંદુના મૂળે કેવું જવાયું છે !

સ્મરણ નાનકડા સાધનનો થતાં નિયમિત ઉપયોગ
-જીવન સાફલ્યની કૂંચી મળી, તે શો કૃપાયોગ !


બધું હોવા છતાં પાછું બધું તે તે ન રૂપે તે,
બહિર્ રૂપતણું મૂળ તો અણુ રચનાની વિશે છે.

અણુ(ને) ફોડતાં શક્તિ શી અપરંપાર ફૂટે છે !
સ્મરણની સાધનામાંથી બધું જે તે ફળેલું છે.

હરિ:ૐ

## ખંડ - ૩

# 'હૃદય'માં પ્રેરણા જીવતી ભરી 'મન' ભાવથી દીધું !



શું વારંવાર મનને મેં બહુ સમજાવી જોયું છે,
તને મળવા, અનુભવવા હૃદય ઉત્કટ શી લગની છે !

હરિઃૐ

# હૃદય ચેતાવી દીધું છે

સ્મરણની ભાવ ચિનગારી હૃદય લાગી ગયેલી જે,
હૃદય સળગાવી મૂકીને, હૃદય ચેતાવી દીધું છે.

હૃદય ગાંડું કરી મૂકી સ્મરણમાં થનગનાવ્યું છે,
સ્મરણના ભાવ ઉલ્લાસે થયું છે નાચતું દિલ તે.

સ્મરણનું દિલ ઉત્સાહે ચઢેલું પૂર કેવું તે !
સ્મરણમાં વેગ પ્રેરાવા સ્મરણને ધસમસાવે છે.

સ્મરણમાં બાદબાકી કે ન ભાગાકાર પણ કંઈ છે,
સ્મરણમાં માત્ર સરવાળો, ગુણાકાર જ થતો રહે છે.

હરિઃૐ

## હૃદય તેવું પ્રકાશ્યું છે

**હરિ**ના દિવ્ય ચેતનનો સ્મરણ શો ભવ્ય તણખો છે !
ભલે નાનકડો તણખો તે, છતાં સળગાવી સૌ દે તે.

જીવનવિકાસમાં યોગ્ય નીવડતો કામયાબ જ તે,
અનુભવમાં ધીમે ધીમે હૃદય તેવું પ્રકાશ્યું છે.

જીવનની ચઢ ઊતરકેરી પ્રતિક્રિયા જે થતી વિશે
-સ્મરણની લાકડી કરથી ન છટકી તો ગયેલી છે.

મળ્યો ટેકો જબરજસ્ત સ્મરણનો તો જીવન મુજને,
સહારાથી સ્મરણના તે જીવન ચાલ્યા કરેલું છે.

હરિઃૐ

## હૃદય સ્મરણે સુઝાડ્યો છે

જીવન ના ઊંઘવા દીધો મને સ્મરણે ચગાવીને,
સ્મરણથી જીવવા વારો હવે મારે જ પ્રગટ્યો છે.

જીવન અટવિ વિશે જ્યારે પડેલો હું ભૂલો ત્યારે
-હૃદય સ્મરણે સુઝાડ્યો છે, તહીં પથ જે જીવનનો છે.

જતો અટવાઈ જ્યારે હું જહીં ગૂંચાઈ ગયેલો છું,
વળી દિલ જ્યાં મૂંઝાયો છું, સ્મરણ ત્યાં કામ આવ્યું શું ?

સ્મરણ મહિમા હવે ગાવા હૃદય પાનો ચઢેલો છે,
સ્મરણનાં ગુણગાન જ શાં હૃદય ગાતાં, ન થાક્યો જે !

હરિઃૐ

## હૃદય ચેતાવીને માત્ર

સ્મરણનું ગાન હું ગાતાં, સ્મરણ ભજતો થયેલો છું,
સ્મરણ ભજતાં, સ્મરણ ભજતાં સ્મરણની લહે જ લાગી શું!

સ્મરણના ભક્તને દાવો ન કરવાનો કશો ક્યાંયે,
સ્મરણ લલકારવું ભાવે જીવનનું વ્રત અમારું તે.

થતાં વ્રત ભંગ જીવનમાં કૃપાથી ભાન જાગ્યું તે,
જબર તે આંચકાથી ત્યાં શું ચેતાઈ જવાયું છે !

હૃદય ચેતાવીને માત્ર ન બેસી તે રહેલું છે,
હૃદયને હલમલાવીને સ્મરણને દિલ ચગાવ્યું છે.

હરિઃૐ

# હૃદયની સભાનતા દેશે

સ્મરણનું ભાન જાગંતાં સ્મરણ ઘેન જ ચઢેલું છે,
સ્મરણના ઘેનથી કેવો નશો ભારે શું વ્યાપ્યો છે !

સ્મરણ લેતું રહેવાતાં તલપ લાગી ગઈ દિલ છે,
તલપની ઉગ્રતા તીવ્ર નસેનસ તંગ બનવે તે.

તલપમાં ને તલપમાં શું સ્મરણ એકીટશે કેવું !
-સતત લેવાયું દિલથી તે, મહત્ત્વ દિલ સમજાણું.

સ્મરણનો ભાવ **હરિ**કેરી હૃદયની સભાનતા દેશે
-લઈ જઈને **હરિ** દિલની ઊંડી આસક્તિ પ્રેરી છે.

હરિઃૐ

# હૃદય સદ્‌ભાવથી ઊંડું

હૃદય સદ્‌ભાવથી ઊંડું ગયું લેવાયા દિલમાં તે,
સ્મરણ પટ ઑર બદલાઈ ગયો ત્યારે ઊંડે ઊંડે.

સ્મરણ તે ના સ્મરણ ત્યાં છે, હૃદય ચેતનની ચિનગારી
-સ્મરણના ભાવથી પ્રગટી પ્રતિબિંબિત થયું દિલથી.

કશુંક જન્માવવા નૂતન તપશ્ચર્યા થયેલી જે,
બધાં એવાં જ સાધનમાં મૂળે ત્યાં તો સ્મરણ તે છે.

સ્મરણથી જાગવાનું દિલ કૃપાથી જે થયેલું છે,
હૃદયના ભાવના જળથી થયા સેવન કરેલું તે.

હરિઃૐ

## હૃદય આહ્‌લાદ વ્યાપ્યો છે

સ્મરણની ખેતીવાડીની ધરી દેખભાળ સંપૂર્ણ,
કર્યા કરી ખેડ ને ખાતર વળી પાણી શું પાયું છે !

ખરી પેદાશથી બીજું ઊગેલું જે જમીનમાં તે,
ધરી દરકાર નીંદીને કરેલું સાફ ખેતર જે.

નિયત કાળે થવા પેદા થવું યોગ્ય જ કરેલું છે,
કૃપાવર્ષા થતાં કેવું નર્યું ખેતર ખીલેલું છે !

મહામોંઘામૂલો ફાલ પછીથી ઊતરેલો છે,
હૃદય તે નીરખી નીરખીને, હૃદય આહ્‌લાદ વ્યાપ્યો છે.

હરિઃૐ

## હૃદય મંથન થયેલું છે

સ્મરણ દિલ કેળવાયાથી હૃદય મંથન થયેલું છે,
સતત મંથનતણા વેગે વલોવાયું બધું જે તે.

વલોવાયાથી જીવનમાં હળાહળ ઝેર નીકળ્યું છે,
પચાવી તે જવાકેરી ન કંઈ તાકાત મુજમાં તે.

છતાં **हरि**ની કૃપાએ ત્યાં મને રસ્તો સુઝાડીને
-સ્મરણના ભાવ બળવત્તર થકી તે ઊતરાવ્યું છે.

વલોવાયાતણા મંથન થકી ત્યાં બીજું નીકળ્યું છે,
ધર્યું ના લક્ષ તે વિશે, મળ્યું અમૃત અંતે તે.

હરિઃૐ

## હૃદયનેડો **हरि**નો શો

શ્રવણથી સંભળાતો ના, નયનથી ના જણાતો જે,
પમાતો સ્વાદ જેનો ના, પડ્યો તોયે હું પછવાડે.

હૃદયકેડો **हरि**નો શો સતત લીધા કરેલો છે !
હૃદયનેડો **हरि**નો શો મને તેથી જ લાગ્યો છે !

**हरि, हरि** બસ **हरि, हरि** દિલ લગનનો અગ્નિ સળગ્યો છે,
સ્મરણ તેવા વિશે ત્યારે શી અણહદ મોજ પ્રગટી છે !

સતત એવી થતી રહેતી જીવનમાં સાધના તેથી,
**हरि**માં નિત્ય રમવાનું કૃપાથી શું મળ્યું દિલથી !

હરિઃૐ

## હૃદય ગગને ઉરાડ્યું છે

સ્મરણને મસ્ત હૈયાથી ઉમળકે મોકળા મુખથી
સતત ગાયા કરી, કેવું અમે લલકાર્યું શી ખુશીથી !

સ્મરણ સ્મરતાં, સ્મરણ ભજતાં સ્મરણમાં દિલ ભીંજાયું છે,
પછીથી તો સ્મરણમાં શું વિશેષે જોશ ફૉર્યું છે !

શહૂર, ખમીર જીવનમાં નશીલાં મસ્ત ખીલ્યાં છે,
ખરું જોબનિયું પ્રગટીને હૃદય ગગને ઉરાડ્યું છે.

કહીંનો કહીં મને કેવો હિમાલય ઉચ્ચ શિખર પર
-કૃપાથી શો ઉરાડીને મને પહોંચાડ્યો ત્યાં સ્થિર !

હરિઃૐ

# હૃદય સિંહાસને પોતે

સ્મરણની આલબેલ શી જીવન વિશે બજાવી છે !
સ્મરણને શા જુદા જુદા હૃદયભાવે ગવાયું છે !

સ્મરણથી શો અનુરાગ **હરિ**પદ દિલ પ્રગટ્યો છે !
**હરિ**, **હરિ**ની સ્મરણ ઝડીઓ શ્રવણ રણકાર પ્રગટાવે.

સ્મરણથી ભક્તિ લાગી છે, **હરિ**ની **આ** હૃદય વિશે,
હૃદય સિંહાસને પોતે બિરાજેલો **હરિ** શો તે !

હરિઃૐ

## હૃદય ચોંટેલ જે લક્ષ

જીવનની ગડમથલ વિશે થઈ અથડામણો કંઈ જે,
થયું ત્યાં ચિત્ત વિક્ષિપ્ત, મઠારાયું છતાં પણ તે.

કશુંક કાંઈ બગડતાંમાં કૃપાથી શો હૃદયમાં તે !
થતો જાગ્રત રહેતો ને મથાયું ઠીક થવામાં તે.

જીવનની તે મથામણમાં જીવનના ધ્યેય પ્રત્યેનું
-હૃદય ચોંટેલ જે લક્ષ, મને તેણે મઠાર્યો શો !

તકેદારી શી સંપૂર્ણ હૃદય ધરવા હું ટેવાયો !
કૃપાથી તેથી **હરિ**ભાવ થતાં કર્મે પરોવાયો.

હરિ:ૐ

## હૃદય ઉત્કટ શી લગની છે !

તને મળવા, અનુભવવા હૃદય ઉત્કટ શી લગની છે !
મને એણે દડાવીને **હરિ** તુજ પદ ઢળાવ્યો છે.

કશું મુજથી થયું ના છે, છતાં દિલની તમન્નાએ
-મને કેવો ઝપાટાથી સતત ચલવ્યા કરેલો છે !

ઠરી ઠામ થવા કદી પણ મને એણે ન દીધો છે,
કરી કરી નિત્ય ગોદાટી સતત ધક્કો લગાવ્યો છે.

'હૃદય જલતો તમન્નાગ્નિ જીવન વિકસાવવા અર્થે
-રહે જ્વાળામુખી જેવો ભભૂકતો', પ્રાર્થના નિત તે.

હરિઃૐ

## હૃદયમાં ભાવ ઊગેલો

સ્મરણની ભક્તિ મસ્તીથી જીવનમાં લલિતકળા પ્રગટે !
હૃદય આનંદ મસ્તીના નશે કેવું ઊછળતું છે !

હૃદયનો ભાવ ઉન્માદ પ્રસરતો જ્યાં બધે રહે છે,
શરીર આધારમાં કેવા જુદા જુદા વળાંકો લે !

હૃદયનો ભાવ ઉન્મત્ત હૃદય ઉન્મુક્ત કેવો છે !
હૃદયના ભાવની શી શી, કળાલીલા અનોખી છે !

હૃદયમાં ભાવ ઊગેલો કદી ના નાશ તેનો છે,
**હરિ**નાં ચરણમાં પોતે શમાતો ને ઝરંતો છે.

હરિઃૐ

## હૃદય આધાર ધરવાનો

ઊપજતા કંઈક પ્રશ્નો પર ઊંડું ઊંડું વિચારીને,
ઊંડે તેમાં જ ઊતરીને મનન તેનું કરેલું છે.

સવાલોના જવાબો જે હૃદય અંદરથી પ્રગટ્યા જે,
કદીક સંતોષ પામ્યો છું, કદીક ઊતર્યો ઊંડો હજીયે.

હૃદય સંતોષ ના પામે તહીં સુધી મનનમાં તે
-રહ્યા કરીને સતત કેવો ઊંડો પરિશ્રમ લીધેલો છે !

ઊઠેલા પ્રશ્નનું દિલથી સમાધાન પૂરેપૂરું,
-યથાયોગ્ય થયા વિના કદી ના છાલ મૂકેલો.

જીવનમાં આત્મશ્રદ્ધા ને સદા નિજ પર પૂરેપૂરો,
હૃદય આધાર ધરવાનો ખરો ટેક જ ઊગેલો શો !

હરિઃૐ

## હૃદય જ્યાં પ્રેમ જાગે છે

જવાતું વારી વારી જ્યાં **हरि** પર દિલથી પ્રેમે,
પછી તો **प्राण** પાથરી તે ન દેતાં વાર લાગે છે.

થવું પ્રાણાર્પણ પદમાં સરળ ને સહજભાવે તે
-કૃપાથી શું થતું રહે છે ! પ્રતાપ જ ભાવનો શો તે !

ખુવાર પણ થતા રો’છો, છતાં ગણના ન તેની છે,
ફનાગીરી ઉમળકાથી વહોરી દિલ લો છો જે.

હૃદય જ્યાં પ્રેમ <u>જાગે છે</u> સમર્પણ આપમેળે તે,
લાગે છે
થતું ભક્તિથી રહે છે ને નિરંતર દિલ તેમાં છે.

હરિઃૐ

## હૃદય મનની શી આતુરતા

સમજદારી જીવનમાંની તપશ્ચર્યાથી ઊગી છે,
કૃપા એ તો **હરિ**ની કે મને એણે જગાડ્યો છે.

જરા દિલ ચાખતાં સ્વાદ તલપ પછી દિલ લાગી છે,
ભયંકર કેવી ઉત્કટ દિલ ! ન છાનું પણ મરાતું છે.

હૃદય તે માંગની ભીંસ હૃદયને તે વલોવે છે,
મનાદિ માત્ર શાં લગાતાર રમે બસ તે !

અનુભવને શું પ્રત્યક્ષ શું વારંવાર લાવીને
-હૃદય મનની શી આતુરતા ! અદ્વિતીય, અખંડ જ તે !

હરિ:ૐ

## હૃદય જેણે અનુભવ્યું છે

હૃદયની સૂક્ષ્મતમ ભાષા ઉકેલી કોઈ ના શકશે,
હૃદય જેણે અનુભવ્યું છે હૃદયથી, તે જ તે પ્રીછશે.

દઈ દઈને **હરિ**ને દિલ અમે મેળવવા દિલને તે
-પૂરેપૂરા જ શા ઉત્સુક ! દીવાના દિલના તો જે.

હવે અમ વાટ એક જ છે, હવે અમ દૃષ્ટિ એક જ છે,
હવે સંસાર એક જ છે, બધું **હરિ**માં સમાયું છે.

બધાં સ્થળ, કાળ, સંસાર બધું સર્વસ્વ ખોયું છે,
**હરિ** પાછળ હૃદયઘેલા શું ગાંડાતૂર થયેલા તે !

હરિઃૐ

## હૃદયથી પખાળવાનાં છે

ભજન કરતાં, ભજન કરતાં, ભજન કરવું રુચેલું છે,
ભજનનો દિલ અભ્યાસ ઊંડો ગયો જામતો ત્યાં છે.

થતું ગયું સ્વસ્થ ને સ્વચ્છ ખરેખર મન, મતિ પણ જે,
હૃદયમાં તીવ્રમાં તીવ્ર લગની ત્યારે જ લાગી છે.

ધસારો ઉગ્ર ધસમસતો જીવનનું ધ્યેય અનુભવવા
-થતો ત્યારે રહેલો શો ! અનુભવી એક પ્રીછે તે.

અમારે તો હવે તારાં ચરણમાં માત્ર ઢળી રહીને,
હૃદયથી પખાળવાનાં છે, ચરણકમળો હવે તુજ તે.

હરિઃૐ

# હૃદય આકર્ષી ખેંચ્યો છે

જીવનના ચાકડે ચઢીને બહુ ફેરા જ ખાધા છે,
અહીંથી ત્યાં હું ભટકાયો, છતાં ના અંત આવ્યો છે.

જીવનમાં ધન કમાવાનું અને તે ધન કયું જે છે
-ન તેનું ભાન જાગેલું, બધું મિથ્યા મથેલો જે.

હવામાં બાચકા કેવા ધુમાડાના ભરેલા છે,
કશું ના હાથ આવ્યું છે, ઉપરથી હાથ બગડ્યા છે.

છતાં ઓચિંતી ચાનક દિલ ઊકળતી દિલ લગાડીને
-મને તારી તરફ કેવો હૃદય આકર્ષી ખેંચ્યો છે !

હરિઃૐ

## હ્રદય મૂલ્ય ઉગાડ્યું છે

જીવનમાં યદ્વાતદ્વા કંઈ કર્યું છે આથડ્યા મેં તો,
હવે ફળ ચાખવા તેનાં મળેલાં છે મને તે સૌ.

હ્રદય પસ્તાવો શો ઊંડો ભભૂકી અગ્નિની પેઠે !
અજંપો દિલ ઊઠેલો છે, સૂવા દીધો ન છે જેણે.

ફિકર, ચિંતા કરાવીને મને ભડકાવી માર્યો છે,
કૃપાથી તે સમય મુજને સ્મરણ સાધન દીધેલું છે.

હીરો બોથડને હાથે જે ચઢેલો, મૂલ્ય શું સમજે ?
પરંતુ **તેં** કૃપા કરીને હ્રદય મૂલ્ય ઉગાડ્યું છે.

હરિઃૐ

# હૃદયમાં પ્રેરણા જીવતી

સ્મરણથી જીવવું ધારી જીવનમાં તો પ્રવેશીને
-જીવનનું હાર્દ પામીને, જીવન લેવું જ પરખી તે.

સીધું, સાદું, સરળ સાધન સ્મરણ જેવું ન બીજું છે,
સ્મરણના સાધને શ્રેષ્ઠ સમર્થ ભક્ત પાક્યા છે.

બધા ઈતિહાસને પાને અમર પ્રતિષ્ઠિત થયેલા છે,
સ્મરણના તે પ્રયોગોથી તરી જીવન ગયેલા છે.

હૃદય મુજ આગળે તે તે બધા ભક્તોની મૂર્તિ છે,
હૃદયમાં પ્રેરણા જીવતી મળ્યા તેથી કરે દિલ તે.

હરિઃૐ

## હૃદય તે ટેકમાં પાછા

સ્મરણનો ને સ્મરણથી દિલ કૃપાથી ભેખ લીધો છે,
સ્મરણના ભાવનાકેરી હૃદય કફની ધરાવી છે.

લઈ કર ચીપિયો મોટો સ્મરણ અહાલેક જગાવી છે,
સ્મરણ લેતાં, સ્મરણ સ્મરતાં લગાવી છે '**हरि**' બૂમ તે.

સ્મરણ લેવાતણો ટેક હૃદયમાં શો લીધેલો છે !
હૃદય એ ટેકમાં પાછા પડેલા ના કદી પણ તે.

સ્મરણના ભેખને રૂડી રીતે ભજવી બતાવ્યો છે,
કશી ઊણપ જરા સરખી જણાવા ત્યાં ન દીધી છે.

હરિઃૐ

## હૃદયરસથી સચેતન તે

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં સ્મરણના ભાવથી હૃદયે
-કૃપાથી દિલ ધીરે શો ઊંડો અનુરાગ જન્મ્યો છે !

હૃદય તેવા અનુરાગે સ્મરણ પાછળ પડાવ્યો છે !
સ્મરણમાં જેમ રસ દિલમાં થતાં, ત્યાં ભાવ સ્ફુર્યો છે.

હૃદયમાં ભાવને લીધે ખરો રસ મસ્ત વહેતો છે,
પછીથી તો હૃદયરસ તે સતત ધક્કેલ્યા કરતો છે.

હૃદયરસથી સચેતન તે **हरि** તુજ ભક્તિ ફોરે છે,
જીવન આ મસ્તીથી ડોલી સતત તુજમાં શું વિહરે છે !

હરિઃૐ

# હૃદયની મૈત્રી લાગી છે

સ્મરણનું ધ્યાન તો કેવું હૃદય લાગી ગયેલું છે !
સ્મરણની સાથ જીવનની હૃદયની મૈત્રી લાગી છે.

અમન ચમન બધું કરવા હવે સાધન મળેલું છે,
કૃપાની કેવી બક્ષિસ કે સ્વતંત્રતા મળેલી છે !

છતાં દિલનો બધો દોર શું અકબંધ **હરિ** સાથે,
જીવનમાં ખેલવા કૂદવા બધી છૂટ જ મળેલી છે.

જીવન વર્તનતણા સૂક્ષ્મ છૂપા તોયે નિયમ શા છે !
ગતાગમ કોઈ બીજાને ન પડવાની જ તેની છે.

હરિઃૐ

## હૃદય સભાનતા તીવ્ર

સ્મરણથી ને સ્મરણમાંથી જીવનનું ધ્યેય ઊગ્યું છે,
હૃદય સભાનતા તીવ્ર સ્મરણ કારણથી સ્ફુરી છે.

હૃદય ધગધગતો અગ્નિ શો જીવન વિકસાવવા અર્થે
-ઊંડો પ્રગટેલ ! તેણે જ મને હડસેલ્યા કીધો છે.

જરા નવરો જ પડવાને કદી મોકો ન દીધો છે,
સતત ઉદ્યોગ ઉદ્યમશીલ હૃદય ટકવા ટકોર્યો છે.

કડીતોડ પરિશ્રમથી કૃપાથી, બળ મળ્યા કર્યું છે,
જીવનમાં પામવા જેવું બધું તેથી મળેલું છે.

હરિઃૐ

## હૃદય સમજણની નિષ્ઠા તે

મહેનતનો મધુર મીઠો શું સ્વાદુ રોટલો લાગે !
વિના પાડેલ પરસેવે રળાયેલું નકામું તે.

નિરાશાનું જ જીવતર તે, ન જીવવા યોગ્ય કદી પણ છે,
હૃદય સમજણની નિષ્ઠા તે, ગળે ઊતરી ગયેલી છે.

જીવન આશા અને શ્રદ્ધાભર્યું જીવવાની નેમ જ છે,
ગૂંચો, મુશ્કેલી, વિઘ્નોમાં સહારો તેથી જીવતો છે.

રળી, રળી તુજ પદે મેં તો સમર્પણ સર્વ કીધું છે,
ગણી શકું મુજ હવે એવું રહેલું ના કશું પણ છે.

હરિઃૐ

## હૃદય કંડારવા અર્થે

જીવનમંદિર બાંધવું તે સહેલું છે, હકીકત તે,
પરંતુ તેની જાળવણી પૂરી તે યોગ્યતા, અઘરું.

નયન અંજન શલાકાથી પ્રભુત્વની પ્રતિષ્ઠાને
-હૃદય કંડારવા અર્થે જીવનનો યજ્ઞ માંડ્યો છે.

બધો પુરુષાર્થ યજ્ઞાર્થે પ્રભુપ્રીત્યર્થના ભાવે,
કૃપાથી જે થતો, તેનું સમર્પણ પદ થયેલું છે.

હું ખાલી, સાવ ખાલી શો ! **हरि**ના સ્મરણનો હૃદયે
-કૃપાથી ભક્ત ખાલી જે, ચરણ તારે ઢળેલો છે.

હરિઃૐ

# હૃદય ત્યાં હેતુ જીવંતો

સ્મરણનું ઝરણું તો સાવ શરૂ શરૂમાં જ નાનકડું,
વહેતાં આગળે કેવું થતું તે તે ગયું મોટું !

સ્મરણનો દિલ આનંદ હૃદય પ્રગટ્યા કરતો છે,
અને લહેરો પર લહેરો શી ઊભરાતી, ઊછળતી છે !

હૃદય આનંદ ભોગવવો કદી ના એમનો એમ,
**હરિ**ના ભાવનો પણ શો અમે કરતા જ ઉપયોગ !

જીવનની સર્વ પણ કોઈ થતી પ્રવૃત્તિને વિશે
-હૃદય ત્યાં હેતુ જીવંતો જીવનનો જ્ઞાનપૂર્વક છે.

હરિઃૐ

## હૃદય મસ્તાન તે નાદે

સ્મરણના નાદથી મેં તો જીવન ગજવી મૂકેલું છે,
અને એના જ પડઘા તો જીવનમાં શા પડેલા છે !

સ્મરણના નાદનો કેવો શું ગુંજારવ થતો રહે છે !
હૃદય મસ્તાન તે નાદે થતું ઘેલું રહેલું છે.

જીવનને ખૂણેખાંચરથી બધો મળ કાઢવાનું તે
-મને ભાન જ પૂરેપૂરું સ્મરણથી તો મળેલું છે.

સ્મરણ મુજને તરવનારું જીવન સાગરને કિનારે
-લઈ જઈને ઠરવનારું, કૃપાનું કેવું સાધન તે !

હરિઃૐ

## હૃદય સાકાર ધરવો છે

સ્મરણ જ્યાં દિલ જામ્યું છે, સ્મરણનો રંગ ફાલ્યો છે,
સ્મરણના ભાવની કેવી હૃદય રસ રેલ વહેતી છે !

મધુર રણકાર કેવો તે, સ્મરણના શબ્દનો ઊઠે !
સતત ભણકાર તો દિલમાં પડ્યા કરતા સ્મરણના તે.

સ્મરણના ભાવથી જીવન હવે તો જીવવાનું છે,
સ્મરણના યજ્ઞનો ભાવ હૃદય સાકાર ધરવો છે.

સ્મરણમાં જીવી જીવીને, સ્મરણથી ફૂલી ફાલીને,
સ્મરણને દિલ પચાવીને, ઘડાવાયું સ્મરણથી છે.

હરિઃૐ

## સ્મરણમાંથી હૃદયશ્રદ્ધા

સ્મરણમાંથી હૃદયશ્રદ્ધા જીવંતી મસ્ત ઊછળી છે,
સ્ફુરાવી જીવનમાં નિષ્ઠા સ્મરણમાં ઊતરાવ્યો છે.

જીવનદીપ સ્મરણથી તો હૃદય મારે પ્રકાશ્યો છે,
હાવાં એના પ્રકાશે તો મને દેખાય સઘળું તે.

સ્મરણથી શોધવા ઊંડું જીવનને તો મથાયું છે,
મથાયાના પ્રતાપે તો જડ્યું તે કેવું કેવુંયે !

કશી ના જ્ઞાન તાકાત સ્મરણને યોગ્ય મૂલવવા,
પ્રયત્ન મૂર્ખનો શો છે, છતાં જેવો જ તેવો **આ** !

હરિઃૐ

# હૃદય રંગાયું સ્મરણે તે

સ્મરણમાં ને સ્મરણમાંથી જીવનનું તત્ત્વ અનુભવવા
-હૃદયમાં ભૂખ લાગી જે બહુ ભારે ભભૂકી છે.

સ્મરણ અંતરમાં લાગ્યું છે, સ્મરણમાં ચિત્ત મોહ્યું છે,
સ્મરણથી મુગ્ધ મન તે છે, હૃદય રંગાયું સ્મરણે તે.

સ્મરણ અંતર પ્રવાહોથી બધે જ્યાં ત્યાં જ સ્પર્શ્યું છે,
જીવનના અંતરંગે શું પ્રવેશીને સ્મરણ પ્રેમે !

સ્મરણથી આંતરિક ભાગ શું ભજવાયો જીવનમાં છે !
જીવનમાંની છૂપી ગૂઢ થઈ છે શક્તિ જાગ્રત તે.

હરિઃૐ

## સ્મરણડંકો હૃદયનોબત

સ્મરણડંકો હૃદયનોબત થકી બજવ્યા કરી કરીને
-**હરિ** તુજ કાન ફોડ્યા છે, સહી **તેં** એવું લીધું છે.

‘કવેળા પણ ન જોઈ છે, તને અડચણ થશે મુજથી’,
કશો એવો વિચાર જ તે કદી મુજને ન જાગ્યો છે.

બરાડ્યા મેં કરેલું છે, શું અંતઃપુર વિશે પણ તે
-જરા પણ વિવેકનુંયે દિલ કશું ના ભાન રાખ્યું છે.

સતત જયઘોષ પોકાર્યા હૃદય તારા કરેલા છે,
પજવણી એવી તુજ કીધી, ક્ષમા કરી માફ તું કરજે.

હરિઃૐ

## હૃદયની અનન્યતા ભાવે

થઈ થઈને સ્મરણ તારું **હરિ** તુજ ભક્તિ લાગી છે,
કરામત શી કરી ! મારો લઈ લીધેલ કબજો છે.

હૃદયની અનન્યતા ભાવે શું ચિંતવનશીલ તુજ વિશે
-હૃદય થઈ મુગ્ધ ! સતત દિલ મુજ રહ્યા કેવું કરેલું છે.

જીવનનાં સર્વ પાસાંમાં **હરિ** તુજ ભક્તિનો રસ તે
-વહ્યા કરી, આરપાર જ શો બધે જ્યાં ત્યાં જ સ્પર્શે છે !

હૃદય આગળથી, પાછળથી ચરણ સંયુક્ત લાગ્યું છે,
હવે મુજ જવાબદારીની **હરિ** સંભાળ તું લે છે.

હરિઃૐ

# હૃદય પુરવાર તે થઈ છે

સ્મરણ **હરિ**નું જીવનમાં શી ખરેખર શક્તિ જીવતી છે!
જીવનમાં કેટલી વેળા હૃદય પુરવાર તે થઈ છે.

ભજી ભજીને **હરિ**ને દિલ જીવંતો ચેતતો કરવા,
પુરુષાર્થ, તપશ્ચર્યા, કૃપાથી તે કીધેલાં શાં !

ગયો છું ડગમગી કેવો ! વળી પછડાયો કેવો હું !
લથડતો ને લથડતો હું ઊભો, બેઠો થયેલો છું !

ઊંધું ઘાલી સતત મથવું શું જેને દિલ લાગે છે !
મદદ કરવાનો ત્યાં ધર્મ **હરિ** પોતાનો માને છે.

હરિઃૐ

## હૃદયની શ્રદ્ધા બળવંતી

સ્મરણ સ્મરતાં, સ્મરણ ભજતાં સ્મરણમાં શ્રદ્ધા જલતી છે,
હૃદયની શ્રદ્ધા બળવંતી શી અપરંપાર ફોરે છે !

જીવનના માર્ગ વિષમ જે સ્મરણ શ્રદ્ધા કુદાવે છે,
અભેદ્ય દુર્ગ જીવનના હૃદયશ્રદ્ધા જિતાડે છે.

કરાવે ત્યાગ, બલિદાન, સમર્પણ સૌ પ્રકારેથી,
હૃદય ચેતેલ શ્રદ્ધા તે, નરી પરખાય લક્ષણથી.

સ્મરણમાંથી નિરંતરતા ઊગે શ્રદ્ધાતણા બળથી,
નિરંતરતા થતાં નિષ્ઠા બને શ્રદ્ધા જ અંતરથી.

હરિઃૐ

## હૃદય શ્રદ્ધાબળે પથમાં

સ્મરણમાંથી છતી થઈ છે, ધીરે ધીરે શી ચેતી છે !
હૃદય શ્રદ્ધાબળે પથમાં ધપાવ્યા શો કરેલો છે !

હૃદય પોતાનું અવલંબન સદા પોતા પરે ધરીને,
હૃદયનો આત્મવિશ્વાસ ખીલ્યા તેથી કરેલો છે.

ન આડંબર કશાનો કંઈ કદાપિ ના ધરેલો છે,
સ્મરણમાં ને સ્મરણમાં બસ સતત લાગી પડાયું છે.

જવાતાંમાં, જવાતાંમાં કંઈક ઊંધું લપસતાંમાં,
તહીં અટકાવી ઓચિંતો, ચઢાવી શો દીધો પથમાં !

હરિઃૐ

## હૃદય વિશ્વાસ તેનાથી

સ્મરણ ભક્તિથી દિલ મુજને ‘ઘડાવાનું કઈ રીત છે !’,
હૃદય સમજણ ઊગીને તે પ્રમાણે વર્તવું થયું છે.

‘મળે છે આચરણમાંથી જીવંતું ચેતનાત્મક બળ,
હૃદય વિશ્વાસ તેવાથી થયું તેમ જ જીવન વર્તન.

જીવન વર્તન કળા વિશે **हरि** પ્રત્યક્ષ પોતે છે,
ટકી શકવા જ વર્તનમાં હૃદય તુજ બળ મળેલું છે.

સ્મરણમાંથી જુદી જુદી પ્રવર્તી સર્વ ભૂમિકા,
જીવનતત્ત્વ અનુભવનાં તહીં દર્શન જુદાં જુદાં.

હરિઃૐ

# હૃદય પ્રતીતિ જ તેમાંથી

સ્મરણ લીધા જવાયાથી સ્મરણમાં ભાવ જાગીને,
ચરણ પ્રીતિ લગાડીને શરણ ચરણે ઢળાયું છે.

**हरि, हरि**નું, રટણ દિલથી કૃપાથી જે થયા કરતું,
હૃદય તેમાંથી મેળવતું ચરણ વિશ્વાસનું બળ શું !

હૃદય પ્રતીતિ જ તેમાંથી નીપજતી શી રહેલી છે !
હૃદયમાં ભક્તિના કેવા ફુવારા તો ફૂટેલા છે !

નૂતન, નૂતન જીવનકેરા પ્રદેશોના અનુભવથી
-જીવન કૃતકૃત્ય બનતું ને થવાતું ધન્ય લીલાથી.

હરિઃૐ

## હૃદય તત્પરતા જલતી છે

સ્મરણ લીધા જવાયાથી જીવનશક્તિ ખીલેલી છે,
જીવન આદર્શને કાજે ધગશ, ઉત્સાહ ઝળક્યાં છે.

ધરેલું દિલ અનુભવવા હૃદય તત્પરતા જલતી છે,
હૃદય તે અગ્નિએ ઊંડું, બહુ ભભૂકેલ રાખ્યું છે.

જીવનની તીવ્ર જિજ્ઞાસા ફૂટી જ્વાળામુખી સમ જે,
સતત તે એકની એક ધૂને દિલને પરોવ્યું છે.

સ્મરણ પણ ઉચ્ચથી ઉચ્ચ ભૂમિકાએ શું પહોંચીને
-ચરણ શરણાગતિ લગ્ન થયું સંપૂર્ણ રસથી છે.

હરિઃૐ

## હૃદય ચાનક લગાડેલી

ગમે તેવું જીવન જીવવું હવે ના ચાલવાનું છે,
સ્મરણના ભક્તને ઊંડી તલપ જીવનની લાગી છે.

સ્મરણમાં જે ધગશ, ઊલટ હૃદય વ્યાપી ગયેલી જે,
જીવનમાં વેગ પકડાવી મને એણે દડાવ્યો છે.

પ્રમાદ સાવ ખંખેરી શું ધરમૂળથી નખાવ્યો છે !
હવે નિરાંતથી લેવા જરા આરામ, ના દિલ છે.

સતત એકધારું જીવનમાં મથન કરતું રહેવાને
-હૃદય ચાનક લગાડેલી, મને ચાબુક લગાવે છે.

હરિઃૐ

## હૃદયમાં ભાવ જાગીને

નસીબદાર ખરેખર છે, **હરિ**ને પદ ઢળેલા જે,
જીવનમાં તે પ્રમાણેની સૂઝી બુદ્ધિ, કૃપા શી તે !

સ્મરણથી આદિ શરૂઆત જીવનમાં તો થયેલી છે,
સ્મરણનો કાળ દિલ વધતાં અભિરુચિ દઢેલી છે.

અભિરુચિ જીવંતી તે થતાં, દિલમાં સ્મરણને તે
-સતત લીધા જવાયાનો, ગયો છે મેળ પડતો તે.

સ્મરણમાં તે પછીથી તો હૃદયમાં ભાવ જાગીને
-સ્મરણમાં રસ જહીં પડતાં , વ્યસન બની જાય ત્યાં પોતે.

હરિઃૐ

## હૃદય એકાગ્રતા પ્રાપ્ત થતાં

સ્મરણની ધૂનથી લહે શી હૃદય લાગી ગયેલી છે,
જીવન ધ્યેય પરત્વેનું મનન ચિંતવન થયેલું છે.

ઊંડું વિચારવાનું દિલ ઊંડું ને શું હજી ઊંડું
-થયા કર્યું, જેથી દિલમાંનું ગયું તે કેવું પરખાતું.

હૃદય એકાગ્રતા પ્રાપ્ત થતાં, જીવનમાં તેનોયે,
ઊંડે ઊંડે ઊતરવામાં ખરો લેવાયો લાભ જ છે.

બધું જે તેનું અસ્તિત્વ **હરિ**ને અર્થ નિશ્ચે છે,
ફલિતાર્થ થતાં હેતુ **હરિ** ને 'હું' પરસ્પર છે.

હરિઃૐ

## હૃદય એકાગ્રતા થઈ છે

સ્મરણ અભ્યાસથી લગની સ્મરણની દિલ લાગી છે,
સ્મરણની લગનીને લીધે હૃદય એકાગ્રતા થઈ છે.

જીવનના ધ્યેયનું તેથી જીવંતું લક્ષ પેઠું છે,
જગાડીને, મથાવીને કરાવ્યું ડોકિયું ઊંડે.

થતાં જે જે બધાં કર્મો વિશે વિચાર, વૃત્તિ જે
-ઊઠે, તેની ગતાગમ સૌ હવે પડવા જ લાગી છે.

જીવનના ધ્યેયની રીતે હૃદયથી વર્તવાનું જે
-કૃપાથી તો થયા કરતું, મહત્ત્વ લગનીનું ત્યાં છે.

હરિઃૐ

## હૃદય કોઈ સૂક્ષ્મ ભાવ જ છે

હૃદય તે ના હૃદય સ્થૂળ, હૃદય કોઈ સૂક્ષ્મ ભાવ જ છે,
મહત્ત્વે, મોખરે ભાવ જ રહેતાં, ભાવ ફાલે છે.

પસરતાં તે જતાં ભાવ કહીંક ખચકાટ લાગ્યો છે,
પછી તેની ખબર પડતાં તહીં દિલને લગાડ્યું છે.

સતત તે સ્થળ પરે મારો કૃપાથી ખૂબ ચલવ્યો છે,
છતાં તે કંઈ ન ડોલ્યું જ્યાં, કર્યો ત્યાં ભાવ કેંદ્રિત છે.

બલિહારી કૃપાની શી હૃદયનો ભાવ ઠેરવવા,
સમગ્ર દિલનું જોશ રખાવ્યા તો કરાવ્યું ત્યાં.

હરિઃૐ

# હૃદયની જાગૃતિ જે તે

સ્મરણ લહાવો, સ્મરણ લહાવો હૃદય લેવા વિશે ઊંડો
-હવે ચસકો ખરેખરનો લહેજતનો પડેલો શો !

**हरि**પદ ભક્તિ ઉછાળો ઊછળતો શો વહેતો છે !
બધે રગરગ, નસેનસમાં ધસારો એનો ધસતો છે.

તહીં ખટકો જરા સરખો હૃદય અધવચ જણાતાં તે,
જબરજસ્ત જ હૃદય ત્યારે ઊંડો શો આંચકો લાગે !

જીવન પ્રત્યેની જીવંતી હૃદયની જાગૃતિ જે તે,
પડી છાની રહે કેમ ? સફાળી કર્મ કરતી છે.

હરિઃૐ

# હૃદય જ્વાળામુખી જેવી

**હરિ**ના નામને મેં તો લઈ લઈને સ્મરણને તે,
જીવનના હેતુને તેથી ફળવવા દિલ ધાર્યું  છે.

અનુભવવા **હરિ**ને દિલ સ્મરણથી ઝંખના ઉત્કટ
-હૃદય જ્વાળામુખી જેવી રહી પ્રગટેલ શી ઉચ્ચ !

તમન્ના સતત દિલમાં શી જિજ્ઞાસા ઊઠેલી છે !
મને એણે જીવનમાં તો શું ધક્કેલ્યા કરેલો છે !

સ્મરણનાં કેટલાં પાસાંતણો અનુભવ થયેલો છે,
સ્મરણને તો જુદી જુદી રીતે જીવન અનુભવ્યું છે.

હરિઃૐ

## હૃદયના ભાવમાં એવી

સ્મરણનો દિલમાં જુસ્સો અજબનો ને ગજબનો છે,
ઊછળતા પૂરના જેવો, કદીક ભરતીના જેવો છે.

સ્મરણમાં ભરતી ને ઓટ શું વારાફરતી આવે છે !
ખરી તકેદારી શી ઓટ સમયમાં ધારવાની છે !

ખરેખર ચઢઊતરનો તો શું વાસ્તવિક જીવન ક્રમ છે !
ન તેમાં કોઈ અપવાદ કશાનો પણ કદી રહે છે.

સ્મરણ જ્યારે નિરંતરનું થતું રહે છે જીવનમાં તે,
હૃદયના ભાવમાં એવી થતી છે ચઢઊતર શી તે !

હરિઃૐ

## હૃદયમાં ભાવ જાગ્યો છે

સ્મરણ લેતાં, સ્મરણ સ્મરતાં, ભજન સાધન ઊગેલું છે,
ભજન લલકારતાં કેવો હૃદયમાં ભાવ જાગ્યો છે !

સમૂળુંયે જીવનનું સૌ પરિવર્તન થવા કાજે,
નિરંતર ભાવની ઝડીઓ વરસતી રહે, જરૂરી તે.

નિરંતર ભાવ તો કેવો અગત્યનો જીવનમાં છે,
જુદાં જુદાં સધાવાથી હૃદય સાધન, ઊગેલો તે.

સ્મરણ, કીર્તન, ભજનભાવ, નિવેદન ને સમર્પણ પદ
-હૃદય સન્મુખતા, એવાં થયાં સાધનથી, ભાવ જ છે.

હરિઃૐ

## હૃદય જ્ઞાનાગ્નિનો શો છે

સ્મરણ **હરિ**નું હૃદય મારે જીવન કર્તવ્ય શ્રેષ્ઠ જ છે,
સ્મરણના ભાવથી જીવન પુનર્જીવન થવાનું છે.

સ્મરણની શક્તિ જીવનમાં સ્વયં સાબિત શી પોતે છે !
સ્મરણની લગની લાગેથી જીવનની ગરજને લીધે.

સ્મરણની ભક્તિમાં કેવું સમગ્ર આ જીવન ચરણે
-પૂરેપૂરું દઈ સોંપી **હરિ**ને દિલ ભજેલા છે.

સ્મરણની કફની પહેરીને *કરે ભક્તિનો દંડ જ છે,
શરીરનો વેશ ભગવો જે હૃદય જ્ઞાનાગ્નિનો શો છે !

---

* કરે=હાથમાં

હરિઃૐ

# હૃદયના ભાવની મસ્તી

સ્મરણ ભક્તિથી પ્રગટંતો હૃદયનો ભાવ ન્યારો છે,
હૃદયના ભાવની મસ્તી, બલિહારી અનોખી છે !

નશો બલિહારી મસ્તીનો કશી સરખામણીમાં તે
-નશો કોઈ પણ જરા સરખો ન તોલે તેની આવે છે.

નશો બીજા બધાનો તો પડી મોળો જતો કેવો !
હતાશા ઑર પ્રગટાવે નિરુત્સાહ પૂરેપૂરો.

સ્મરણ ભક્તિનો પ્રગટેલો નશો ઉન્માદ આહ્‌લાદ
-બધે આધાર ફેલાવી બનાવે શું જીવન ઊર્ધ્વ !

હરિઃૐ

## સ્મરણ સ્મરતાં, હૃદય ભજતાં

**हरि**નો ભાવ સંપૂર્ણ સ્મરણ ભક્તિથી જાગીને,
અનુભવવા **हरि**રસ તે જીવનમાં નાંખિયો મુજને.

જીવનના સત અસત વિશે **हरि** ખેલી રહેલો છે,
જીવંતો બોધ પ્રત્યક્ષ થવા દેવા, જીવન **આ** છે.

સ્મરણ સ્મરતાં, હૃદય ભજતાં અખંડાકાર તે હૃદયે
-થતાં, કેવું હૃદય **हरि**થી નર્યું ભરપૂર મસ્ત જ છે !

જીવનમાં ખેલવાનીયે જીવનની મોજ મસ્તી છે,
હૃદય ભરતી જ ભરતી છે, તહીં ના ઓટ થતી કંઈ છે.

હરિઃૐ

# હૃદય અગ્નિ ભભૂકીને

સ્મરણની લત પડંતાં દિલ, સ્મરણમાં ધ્યાન લાગ્યું છે,
સ્મરણના ધ્યાનમાંથી શો સ્મરણનો સંગ ફોર્યો છે !

હૃદય તે સંગમાં ઊંડું રમ્યા કરવાનું જાગીને,
હૃદય તેમાંથી હેતુનું પ્રવર્ત્યું ભાન ઝગમગીને.

હૃદયના ભાનથી તેવા ફળવવા હેતુને દિલમાં,
હૃદય અગ્નિ ભભૂકીને મને હોમાવી દીધો ત્યાં

જીવનના ધ્યેયના ધ્યાને મનન ચિંતવન સતત ઊંડે
-થયા જઈને, વિષયમાં દિલ શું એકાકાર, શરણે છે !

હરિઃૐ

## હૃદય એકાગ્રતા લીધે

સ્મરણ સાધન મળ્યું જેથી જીવન જીવી જવાયું છે,
નહિતર બાકી, જીવનનું થયું મુજ કંઈ હતે શું તે ?

સ્મરણ સ્મરતાં, હૃદય ભજતાં સ્મરણમાં રાગ પેઠો છે,
સ્મરણના રાગથી કેવી જીવન એકાગ્રતા થઈ છે !

હૃદય એકાગ્રતા લીધે બીજાં સાધન સૂઝેલાં છે,
જીવનને ઊર્ધ્વમાં ચઢવા કળા વર્તનની શીખવી છે.

સૂક્ષ્મથી સૂક્ષ્મ ને ગૂઢ રહસ્ય ને ખૂબીયુક્ત
-કંઈક સાધન કરાવીને પ્રવેશાવ્યો જીવન અંતર.

હરિઃૐ

# શું વારંવાર મનને મેં

**हरि, हरि**નું સ્મરણ કરીને **हरि**ને ચાહતાં ચહીને,
હૃદય પલળી શકેલું છે, છતાં મન ના પલળતું છે.

શું વારંવાર મનને મેં બહુ સમજાવી જોયું છે,
મચક પણ આપતું ના તે, હજી અલ્લડ રહેલું તે.

સ્મરણરસ દિલ પ્રગટાવી સ્મરણમાં ચિત્ત પ્રોઈને,
સ્મરણરસ ઉપજાવીને પ્રયોજ્યું મન પલળવાને.

કરે શા ધમપછાડા તે ! છતાં યત્ન મનવવાને,
સફળતા કંઈક મળતાંમાં શું પ્રોત્સાહિત થવાયું છે !

પલાળાવા પદે મનને સતત શો યજ્ઞ માંડ્યો જે !
કૃપા ભળતાં થયું છે મન ખરેખર મુગ્ધ ચરણે તે.

હરિઃૐ

# પછી મનાદિમાં હરિની

**હરિ, હરિ**નું સ્મરણ ભજતાં હૃદયને રંગ લાગે છે,
છતાં બુદ્ધિ હજી મન બે પૂરાં રંગાઈ જતાં ના તે.

હૃદયમાં ભક્તિની છોળો પરે છોળો જ ઊછળે છે,
થતાં અતિરેક ભક્તિનો પ્રસરતી શી બધે રહે તે !

હૃદય તો ભક્તિ જ્યાં **પ્રાણે** થતી છે એકભાવ જ તે !
પછી બુદ્ધિતણો વારો પલળવાનો જ પ્રગટે છે.

થતાં બુદ્ધિમાં ભક્તિ જ્યાં પછી મન કેવું પલળે છે !
મનાદિમાં પછી **હરિ**ની નરી રસ ભક્તિ જલતી છે.

હરિઃૐ

# ભરી મન ભાવથી દીધું

સ્મરણમાં ભાવ દિલ જામ્યો, ભરી મન ભાવથી દીધું !
પૂરું આંજી દઈ મનને, શું ઈંતેજાર કરી દીધું !

પૂછ્યા કરવા સવાલો મન બહુ લાગ્યું સમજવા તે,
થવા સંતોષ મનને તો પ્રયત્નો શા થયેલા છે !

જહાં ન આવડ્યું મુજને સ્વીકાર તે કીધેલો છે,
પ્રમાણિકતા, વફાદારી સ્વીકારાઈ મનથી તે.

હૃદયમાં ભાવની વૃદ્ધિ થતી ગઈ ગાઢ ઊંડી તે
-કૃપાથી સર્વ સમજણ શી ધીમે પડતી ગઈ છે તે !

હરિઃૐ

# પરંતુ મન પલળવાને

સ્મરણ ઔષધની માત્રાથી જીવનમાં હું બચેલો છું,
સ્મરણ ઔષધની શક્તિથી જીવનમાં હું ટકેલો છું.

ગયો છું ઊગરી કેવો સ્મરણ આધારથી જીવને !
ડૂબ્યો કેવો હતો ત્યારે હું બારે વાંસ અજ્ઞાને !

સ્મરી સ્મરીને **हरि** દિલમાં કૃપાથી દિલ પલાળ્યું છે,
પરંતુ મન પલળવાને કળા અધૂરી પડેલી છે.

છતાં તેથી નિરાશામાં કદી ડૂબી ગયો ના છું,
પુરુષાર્થે કૃપાથી તો થતું ના શક્ય જીવન શું ?

હરિઃૐ

## મનાદિનાં બધાં સ્પંદન

સ્મરણની ભક્તિ જીવનમાં જહીં પ્રસરી જતી’તી તે,
અનુભવથી નિહાળાઈ શકાતી તે હતી જ્યારે.

મનાદિનાં બધાં સ્પંદન વિશેની જાણકારીએ
-સ્થગિત હું થઈ ગયેલો શો ! બધું સ્પષ્ટ જ બતાવ્યું છે.

કૃપા વહાલા **હરિ**ની કે બધું મુજથી જણાયું તે,
સલામતી જ્યાં થતાં, ત્યાંથી સફાળું તો નસાયું છે.

સતત સક્રિય ગતિમાં થઈ, જીવનના ધ્યેય પ્રત્યેની
-વફાદારી, પ્રમાણિકતા પૂરી છે જાળવી દિલથી.

હરિઃૐ

## સતત પલાળવા મનને

સ્મરણમાં ને સ્મરણમાં મેં સતત પલાળવા મનને
-કૃપાથી યત્ન કીધા છે, જ્વલંતા યજ્ઞ ચાલુ છે.

સતત અભ્યાસને લીધે પરિચય વસ્તુનો મનમાં
-થયા કરીને, સ્મરણ સ્વાદ થવા લાગ્યો પછી મનમાં.


પડ્યો છે સ્વાદ, પછી ઓર સ્મરણ રણકાર ઊઠ્યો જે
-બધે આધારમાં પડઘા પડ્યા તેના કરેલા છે.

**हरि, हरि** નાદ ગુંજંતો શુ સંભળાયા સતત કરતો !
પરોવાયેલ તેથી તો રહ્યા કરતાં મનાદિ સૌ.

હરિઃૐ

## ખંડ - ૪

# સ્મરણની મસ્ત 'ભક્તિ'થી
# હૃદયનાં 'ભાવના', 'ગુણ'



સ્મરણની ભક્તિ જાગંતાં, સ્મરણના ભાવના શસ્ત્રે,
જીવનની તીવ્ર જિજ્ઞાસા શી ભડભડતી જ બળતી છે !

હરિઃૐ

# હૃદય રંગાઈ ભક્તિમાં

પ્રગટતાંમાં, પ્રગટતાંમાં સ્મરણ રસ **પ્રાણ**ના તત્ત્વે,
હૃદય રંગાઈ ભક્તિમાં શું રંગાતાં મતિ મન છે !

**હરિ**નું સ્મરણ લેવામાં હૃદય રસ પૂર ચઢતું છે,
અનોખી રંગ ભક્તિનો નશો પુરબહાર ખીલતો છે.

સ્મરણ ભક્તિની પણ કેવી ઝલક મસ્તીની ન્યારી છે !
મતિ મનનો બધો ફાંકો તહીં ઓગળતો ચાલે છે.

અણુઅણુમાં જ, રસભક્તિ ફૂલીફાલી, પ્રચંડ જ તે
-મહાવેગે ઊગી ઊછળી મહા વટવૃક્ષ બનતી છે.

હરિ:ૐ

## સ્મરણરસ ભક્તિનું પૂર જ્યાં

સ્મરણમાં ને સ્મરણમાં શી **હરિ**ની યાદગીરીને
-**હરિ**ની સભાનતામાં તો હૃદય ઝળકાવી દીધી છે.

સ્મરણનો પુરબહારે શો ખરેખર રસ જ્યાં નીતરે છે,
રુકાવટ છો કઠિન હો તે, પરંતુ શી તૂટી જતી છે !

સ્મરણરસ ભક્તિનું પૂર જ્યાં પ્રચંડ જ વેગથી વહેતું,
કિનારાનીય મર્યાદા બધી ઓળંગી તે દેતું. !

**ગુણો**થી એ અતીત થઈને વટાવી દ્વંદ્વને જઈને,
પહોંચીને ગગનમાં તે શું શબ્દાતીત થતી તે છે !

હરિઃૐ

# हरिरसनी જ ભક્તિને

પરાઙ્મુખ સૌ થતાં વૃત્તિ સ્મરણમાં શાં ખરેખર તે
-પછી તો ઊર્ધ્વ ગતિકેરા પૂરા ત્યાં પ્રાણ ખીલતા છે !

ભલેને પર્વતો જેવાં બધાં બંધન ઊભાં ત્યાં છે,
છતાં તેને ઉખેડીને **हरि**રસ મસ્ત વહેતો છે.

ખીલે જ્યાં પ્રાણ ભક્તિ (ત્યાં) પછી નિમ્ન પ્રકારોની
-બધી વૃત્તિ શમાતી ને **हरि**, **हरि**માં રમંતી શી ?

બધી ઊર્ધ્વ ભૂમિકામાં ઊથલપાથલ થતી શી છે !
પહોંચી વળવા શક્તિ છે, **हरि**રસની જ ભક્તિને.

હરિઃૐ

# સ્મરણ ભક્તિનો વેગ જ તે

સ્મરણ જ્યાં દિલ ઊગેલું છે, સ્મરણ ભક્તિનો વેગ જ તે
-પ્રચંડે પ્રવાહમાં કેવો વહ્યા પોતે કરેલો છે !

**हरि, हरि**ના સ્મરણકેરો પૂરો અભ્યાસ પડતાંમાં,
સ્મરણ સાધનથી શાં બીજાં ઊંચાં સાધન મળેલાં ત્યાં !

હૃદયનો ભાવનો સ્રોત ઊછળતો ઑર વહેતો છે,
સ્મરણરસને, **हरि**રસની હૃદય ભક્તિ જ ઊછળે છે.

શું રસબસ મસ્ત ધસમસીને લીલુંકુંજર બધું બનવે !
કળા, ખૂબી **हरि**ની શી બધી ખીલતી જીવનમાં તે !

હરિઃૐ

# **હરિ**રસકેરી ભક્તિ

સ્મરણની અગ્નિ ભઠ્ઠીમાં જીવનને બાળવું પડ્યું છે,
પછી રસકેરી ભક્તિથી જીવન અંકુર ફૂટેલા છે.

**હરિ**રસકેરી ભક્તિમાં જીવન ઊગતું થયેલું છે,
ધીરે ધીમે થતું મોટું ગયું છે વૃક્ષ જેવું તે.

શીતળ છાયા પછી એની એવી શી ઠંડક પ્રેરતી દિલ તે !
તપેલાને પમાડે છે શી મબલક શાંતિ અંતર તે !

મળી છાયા જીવન **હરિ**ની મને એવી રૂડી તે છે,
બધા આઠેય કોઠે ત્યાં નરી ઠંડક વળી ગઈ છે.

હરિઃૐ

## ખરી દિલ ભક્તિ ઊગે છે

સ્મરણમાં દિલ પરોવાતાં સ્મરણના દિલમાં શા તે
-અનેરા રંગ ને છંદ ખરેખર ઑર જાગે છે.

સ્મરણ એને લીધે કેવું થતું રસમુગ્ધ અંતર તે !
પડંતાં રસ જીવનમાં તો ખરી દિલ ભક્તિ ઊગે છે.

હૃદયમાં લાગતાં રંગ ઊંડો ઊંડો જ ભક્તિનો,
જૂના જીવનનો સીનો શો બધો સંપૂર્ણ બદલાતો !

**हरि**ની સભાનતાની શી હૃદયની ધારણામાં તે
-જીવન કેવું રસીલું તે જતું આનંદમય વહેણે !

હરિ:ૐ

# પછી દિલ ભક્તિનો રસ તે

સ્મરણમાં ને સ્મરણથી દિલ પલાળ્યાં નિત્ય કીધાં છે,
પલળતાંમાં, પલળતાંમાં ખરેખર દિલ પીગળ્યું છે.

પછી દિલ ભક્તિનો રસ તે હૃદયમાં ચાખવા શો તે
-અનુભવ જે મળ્યો, તેનો રસાસ્વાદ જ અનુપમ છે.

કઈ રીતથી જ બુડથલ તો હું વર્ણવી શેં બતાવું તે ?
મૂગે ચાખી મીઠી સાકર કઈ રીત બોલવાનો તે ?

અનુભવના ઉછાળાના અમર કેવા પ્રકારો છે !
તહીં શા મસ્ત જીવનની બલિહારી ઊછળતી છે !

હરિઃૐ

## સ્મરણની ભક્તિ કિંતુ છે

સ્મરણને દિલથી કેવું જુદી જુદી રીતેથી તે,
હૃદય લલકારીને પ્રેમે સ્મરણને દિલ ઉગાડ્યું છે.

જુદા જુદા લયે, ઢબથી સ્મરણ ગાયા કરેલું છે,
સ્મરણને દિલ ગાવામાં નશો મદમસ્ત લાગ્યો છે !

સ્મરણની ઠેકડી લોક ભલે કરતા જગતમાં તે,
સ્મરણની ભક્તિ કિંતુ છે ખરી જેને, સમજશે તે.

જીવન સંસારના ભારે મહાતોફાની દરિયામાં,
સ્મરણ શો માત્ર બચવાને મળેલો આરો જીવનમાં !

હરિઃૐ

## સ્મરણની ભક્તિ કેવી

સ્મરણ લેતાં, સ્મરણ સ્મરતાં, સ્મરણ ભજવું થયેલું છે,
સ્મરણ ભજવાથી દિલ કેવું બહેલાતું થયેલું છે !

સ્મરણનો મસ્ત આહ્‌લાદ પછીનો તે ખૂબીનો છે,
સ્મરણની ભક્તિથી કેવી ખુદીની ભસ્મ બનતી છે !

ખુદીની ભસ્મ ચોળીને જીવન અહાલેક ધારીને,
અગમ્ય અંચળો **हरि**નો અમે તન પર લગાવ્યો છે !

બધો દોર જ હવે છુટ્ટો મળી ચૂકેલ અમને છે,
છતાં પાછી લગામ જ શી **हरि** હાથે રહેલી છે !

હરિઃૐ

## સ્મરણની ભક્તિ જાગંતાં

સ્મરણમાં દિલ ઘાલીને, સ્મરણને પકડી રાખીને,
સ્મરણમાં લક્ષ પ્રોઈને, સ્મરણ સાધન કરેલું છે.

સ્મરણથી ચિત્તશુદ્ધિ પણ થતી કેવી રહે છે તે !
વિના અનુભવ કઈ રીતે ખબર તેની પડે કંઈ જે !

સ્મરણથી દિલ તે મુગ્ધ સ્મરણ લલકારથી બનતું,
અશાંતિ, ક્લેશ, અથડામણ સ્મરણથી તેવું સૌ ફીટતું.

સ્મરણની ભક્તિ જાગંતાં સ્મરણના ભાવના શસ્ત્રે,
ગતાગમ સર્વ પડવાની હૃદય તત્પરતા જન્મે છે.

હરિઃૐ

## સ્મરણની ભક્તિ લાગી છે

જીવન પલટાવવા કાજે સ્મરણ **હરિ**નું સમર્થ જ છે,
પ્રયોગાત્મક રીતે તેને શું આચરીને બતાવ્યું છે !

હતો અડબોથ સંપૂર્ણ, જીવનનું ભાન કંઈ નહોતું,
સ્મરણની ભક્તિથી તેનું મહત્ત્વ દિલ જાગેલું.

જીવનમાં મોખરે કેવું મહત્ત્વ જાગવાથી તે,
સ્મરણ કર્તવ્ય જીવનનું સ્વીકારાઈ ગયેલું છે.

સ્મરણ લીધા જ કરવાથી સ્મરણની ભક્તિ લાગી છે,
બધાંયે જોયું પ્રત્યક્ષ, છતાં કોઈને ન ચોંટી છે !

હરિઃૐ

## સ્મરણ ભક્તિથી શી થઈ છે !

**હરિ**નાં ચરણમાં ભળવાતણું તે લક્ષ સળગ્યું છે,
હૃદય સળગ્યાથી તો તેણે બધું ચેતાવી દીધું છે.

પછીથી તો બધું ભડભડ નર્યું બળવા જ લાગ્યું છે,
બળી બળીને બધું જે તે પૂરું ભસ્મ થયેલું છે.

પછી તે રાખ જીવન તો **હરિ**ની ભાવનાનું છે,
**હરિ**માં ને **હરિ**થી દિલ શું પલટાયા કરાયું છે,

સ્મરણ ભક્તિથી શી થઈ છે, બધી કાયાપલટ જે તે
–**હરિ**ની તે કૃપાલીલા અનંત રીત ખેલે છે.
(**હરિ**ની તે કૃપાલીલાતણું પ્રત્યક્ષ દર્શન છે.)

હરિઃૐ

## સ્મરણથી ભક્તિ પ્રગટી જે

સ્મરણના ભાવથી પક્વ થયેલી દિલ શ્રદ્ધા જે
-સતત મથવા થકી પાછો કદીયે તો પડે ના તે.

ખરી મરજીવી શી શ્રદ્ધા ! ગિરિ સમ સંકટોને તે
-પહોંચી વળવા શ્રદ્ધાને પૂરી તાકાત જબ્બર છે.

સ્મરણથી ભક્તિ પ્રગટી જે જીવન પ્રત્યક્ષ શક્તિ તે,
ન ડોલાવા જરા પણ દે, સદા કેંદ્રિત **હરિ**માં છે.

જીવનની પાર પણ એણે મને શો તારવી લઈને !
પતિત મારા સમાને તે **હરિ**એ તો તરાવ્યો છે.

હરિઃૐ

## સ્મરણ ભક્તિથી દિલ કેવો

સ્મરણમાંથી **हरि** ખોળે ઢળી, થયું બેસવાનું જે,
થવાયું કેવું નિશ્ચિત હૃદય સંપૂર્ણ પદકમળે !

**हरि**નો દિલમાં ઊંડો મળેલો પૂર્ણ આશ્રય જે,
હવે તો બેડો શો પાર જ બધી રીતે જ મારો છે !

બધાં પરમાર્થનાં કર્મ જીવનમાં જે સ્ફુરેલાં છે,
અણીશુદ્ધ પૂરાં પાર **हरि**એ સૌ કરાવ્યાં છે.

સ્મરણ ભક્તિથી દિલ કેવો **हरि**આશ્રય મળેલો છે,
પરમ ઉપકાર તે કેવો પતિતની પર **हरि**નો છે !

હરિઃૐ

## સ્મરણની ભક્તિમાંથી તો

સ્મરણની ભક્તિમાંથી તો નવું નવું નિત્ય શીખ્યો છું,
જીવનમાં આચરાતાં તે નવી શક્તિ મળેલી શું !

**अनुभव** એ જ પ્રત્યક્ષ જીવનનો સદ્‌ગુરુ શો તે !
જીવનની વાસ્તવિકતાની સમજ સાચી ઊગેલી છે.

સ્મરણ સ્મરતાં, સ્મરણ લેતાં, જીવનના તત્ત્વના હાર્દે
-મને ઊતરાવીને ઊંડો, રહસ્યો ગૂઢ બતાવ્યાં છે.

સ્મરણ મુજ મૂળ મૂડી છે, સ્મરણ મુજ આદ્યગુરુ છે,
જીવનદાતા સ્મરણ તે છે, સ્મરણ મુજ આદ્યશક્તિ છે.

હરિઃૐ

## સ્મરણની ભક્તિ જાગી છે

સ્મરણમાં જીવતાં જીવતાં સ્મરણની ભક્તિ જાગી છે,
સ્મરણની ભક્તિ જાગંતાં, સ્મરણની શક્તિ ઊગી છે.

સ્મરણની શક્તિનો ઊંડો થયો છે જ્યમ પરિચય તે,
જીવન ઉપયોગમાં લેતાં, વધ્યા ગઈ શક્તિ ત્યાં શી તે !

જીવનમાં લાભ શક્તિનો મળ્યો, ઉપયોગથી જીવને,
કહ્યું ‘ઉપયોગને જ્ઞાન’ જીવન સિદ્ધ જ થયેલું છે.

સ્મરણને આરપાર જ તો જીવનમાં લઈ જવાયું છે,
પ્રતાપ ને પ્રભાવ જ ત્યાં સ્મરણના શા પ્રકાશ્યા છે !

હરિઃૐ

## સ્મરણની મસ્ત ભક્તિની

સ્મરણમાં ને સ્મરણમાં દિલ બહેલાવ્યા કરેલું છે,
સ્મરણની મસ્ત ભક્તિની અજબ દુનિયા નિરાળી છે.

અમારે દિલ સ્મરણની તે અનોખી ગણતરી શી તે !
થયા વિના સ્મરણ ભક્ત ન આવે કલ્પનામાં તે.

જીવન તાસીર સ્મરણથી છે, જીવન સુરખી સ્મરણથી છે,
જીવન ખુશબો સ્મરણથી છે, જીવન મસ્તી સ્મરણથી છે.

જીવનનું દિલ મહોબતનું ખરું સગપણ સ્મરણથી છે,
જીવન દરિયો જ તરવાનું સ્મરણ તો નાવડું મુજ છે.

હરિઃૐ

## હૃદયમાં ભક્તિ જાગીને

સ્મરણને મૂળભૂત જ શો જીવનનો ધર્મ માન્યો છે,
હૃદય મારે ખરે તેથી સ્મરણમાં રહી શકાયું છે.

મદોન્મત્ત જ જીવન પ્રત્યે હૃદયમાં ભક્તિ જાગીને,
જીવનના મૂળમાં ઊંડું ઊતરવાનું થયેલું છે.

જીવનના થર જુદા જુદા અનુભવવા મળેલા છે,
ભૂમિકા થરની પ્રત્યેક જુદી જુદી જ રીતની છે.

ભૂમિકામાંહી પ્રત્યેક છૂપી શી ભુલભુલવણી છે !
જીવનની તીવ્ર જાગૃતિએ મને પથ તારવેલો છે.

હરિઃૐ

## સ્મરણ ભક્તિથી જીવનનો

સ્મરણ અભ્યાસથી મુજને જીવનનું બળ મળેલું છે,
ટટારી એનું પ્રત્યક્ષ ખરું પરિણામ કેવું છે !

જીવન જીવવાની મૂળમાંની સમજ ઊગી સ્મરણથી છે,
શું મળ, વિક્ષેપ, આવરણ સૌ, સ્મરણ ભક્તિથી હઠિયાં છે !

જીવન વ્યવહારની લપછપ સ્મરણ લતથી ટળેલી છે,
સ્મરણ હૃદયે નિરંતરનું થતાં, દિલ ઊતરેલું તે.

સ્મરણ ભક્તિથી જીવનનો ફરી સીનો ગયેલો છે,
જીવન પાસાં પૂરાં મૂળથી બધાં બદલાઈ ગયેલાં છે.

હરિ:ૐ

# સ્મરણથી દિલ हरि ભક્તિ

જીવનના પૂર્ણ વિકાસતણી શરૂઆત માંડી છે,
સ્મરણનાં પ્રથમ પગલાંથી શરૂ મંડાણ કીધું છે.

સ્મરણના પણ તબક્કા શા ! જુદી જુદી ભૂમિકા જે,
સ્મરણ પ્રત્યેક કક્ષાનું અલગ ન્યારું ગજબનું છે.

સ્મરણથી ભક્તિ જાગંતાં સ્મરણમાં એકધારાં તે
-હૃદયનાં લક્ષ ને ધ્યાન સતત જીવતાં થયેલાં છે.

**हरि आवननां** પગલાંનો છડીદાર સ્મરણ તો છે,
સ્મરણથી દિલ **हरि** ભક્તિતણો રણકાર જાગ્યો છે.

હરિઃૐ

## हरिની ભક્તિનું ઉત્તમ

સ્મરણનો જેમ પરિચય તે થતો દિલમાં રહેલો છે,
પરિચય ગાઢ દઢથી શો હૃદય અનુરાગ બઢતો છે !

સ્મરણમાં દિલ અનુરાગ પ્રગટતાં, જીવતો બનતાં,
સ્મરણમાં દિલ આસક્તિ રહે પાંગરતી કેવી ત્યાં !

સ્મરણમાં દિલ આસક્તિ સતત વિસ્તરતી શી રહે છે !
અને આસક્તિમાંથી તે વ્યસન દિલથી જ જાગે છે.

**हरि**ની ભક્તિનું ઉત્તમ વ્યસન તો વ્યક્ત લક્ષણ છે,
વ્યસન હોવા છતાં, જ્ઞાન મળ્યાં તેમાંથી કરિયું છે.

હરિઃૐ

## સ્મરણની ભક્તિથી કેવું !

ગરીબના એકલે હાથે ઊભું **તેં** શું કરાવ્યું છે !
નવાઈ દિલ આશ્ચર્ય મને તે તો પમાડે છે !

સ્મરણની ભક્તિથી કેવું મળ્યું અદ્‌ભુત બળ મુજને,
ગમે તે સાથ હું બાથ થયો બળવાન ભીડવાને !

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં સ્મરણનાં વહેણનું જોશ !
વધતું કેવું ગયેલું છે ! જીવનની શી હવે હોંશ !

હવે તો આભને ભીડવા હૃદયથી બાથ, હિંમત છે,
સ્મરણની ભક્તિની શક્તિ જીવન શી ફૂટી નીકળે છે !

હરિઃૐ

## हरिनी प्रेमभक्तिमां

સ્મરણનો નિત્યનો ઊંડો જીવન વ્યવસાય લીધો છે,
સ્મરણ વિના જીવનમાં તો અમારે ચાલતું ના છે.

સ્મરણ વ્યવસાય ના માત્ર, જીવનનું કેંદ્રબિંદુ છે,
સ્મરણથી જીવવા વારો કૃપાથી શો મળેલો છે !

સ્મરણ લીધા જવાયાથી **हरि**નાં પદ મળેલાં છે,
ચરણ કમળે સ્તવન કરીને **हरि**ને દિલ ભજેલા છે.

**हरि**ની પ્રેમભક્તિમાં હૃદય શિરને ઝુકાવ્યાં છે,
સમર્પી દઈ જીવન સઘળું, કમાવાનું થયેલું છે.

હરિઃૐ

## હૃદયભક્તિ જ શ્રીહરિની

સ્મરણ **હરિ**નું થતાં દિલમાં સ્મરણમાં રાચી રાચીને,
સ્મરણના નિત્ય સેવનથી હૃદય તેમાં જ પલળ્યું છે.

થવાને જીવતું જીવન સ્મરણ ઔષધ લીધેલું છે,
હવે ઔષધ વિના સહેજે અમોને ચાલતું ના છે.

જીવન રોગ ફીટવવાને સ્મરણ સેવનથી સૂઝી જે
-બીજી માત્રાઓ, તેનું પણ પરિશીલન કરેલું છે.

કશું ઔષધ, બીજી માત્રા રહ્યું લેવાનું નવ કંઈ છે,
હૃદયભક્તિ જ **શ્રીહરિ**ની જીવન સાચું અમારું તે.

હરિઃૐ

## સ્મરણનો ભાવના અર્ઘ્ય

સ્મરણની ભક્તિનો પાસ જીવન જ્યાં લાગી, ઊગ્યો છે,
લીલાંકુર તે જીવન કેવું ફૂલીફાલી શું દીપ્યું છે !

સ્મરણ લેતાં, સ્મરણ ભજતાં જીવનમાં સ્ફૂર્તિ જન્મી છે,
હૃદય તે સ્ફૂર્તિ ઉપયોગે પ્રભુપ્રીત્યર્થ કર્યું સૌ છે.

સ્મરણનો ભાવના અર્ઘ્ય **हरि**ચરણે સમર્પીને,
થયેલાં કર્મને ભાવે સમર્પણ અંજલિ ધરી છે.

થતાં રહેતાં બધાં કર્મે **हरि**ની ધારણા ધરીને
-**हरि** સંતોષવા અર્થે, સમર્પણયજ્ઞ કીધો છે.

હરિઃૐ

## હૃદય વિકસાવવા ભાવ

જીવનમાં જીવતાં સ્મરણે મને દિલ શિખવાડ્યું છે,
સ્મરણમાંથી મને પાઠ મળ્યા શા શીખવાને તે !

નૂતન નૂતન હૃદયભાવ જીવન સ્મરણે ઉગાડ્યા છે,
જીવન એ ભાવથી કેવું ગયું પ્રેરાઈ, **हरि**મદદે !

મહત્ત્વે, મોખરે **हरि** શો જીવનમાં તો રખાયો છે !
**हरि**ને **આગળે** નિત્ય ધરી ધરી કર્મ કીધાં છે.

હૃદય વિકસાવવા ભાવ થતાં કર્મ વિશે એને
-વણી લઈને, જીવનવસ્ત્ર થયું તૈયાર **हरि**અર્થે.

હરિઃૐ

# વિકસવા ભાવ તો સાધન

અભયનો ગુણ કેળવવા ભયંકર સ્થળ પરે સૂઈને
-**હરિ**ની ભક્તિમાં સઘળો સમય ગાળ્યા કરેલો છે.

**હરિ**ની ભક્તિ જીવનમાં હૃદય સંપૂર્ણ પાંગરતી,
બધા ગુણો સહજમેળે હૃદયમાં પ્રગટી, દે શક્તિ.

**હરિ**ની ભક્તિ પાંગરવા જીવનમાં ભૂમિકા તેવી,
હૃદય કેળવવા, તે ભારે તપશ્ચર્યા કરેલી શી !

વિકસવા ભાવ તો સાધન બધાં જે જે જરૂરનાં તે,
હૃદયનું સર્વ તે જોમ તહીં ઉતારી, કીધાં છે.

હરિઃૐ

## હૃદયનો ભાવના ધોધ

કદીક તો હાથવેંત જ છે, હૃદયનું ધ્યેય નજદીક છે !
તહીં અવરોધ ઓચિંતા કહીંકથી ફૂટી નીકળ્યા છે !

હૃદયનો ભાવના ધોધ વહેતો જે હતો, ત્યાં તે
-થતો રહી એકઠો, જેણે વધાર્યુ જોશ તે સામે.

પ્રચંડ જ જોશ કેવું તે બધીયે આડખીલીને
-ફગાવી દૂર દઈને, તે વહેતું મસ્ત દોડે છે.

**हरि**નો ભાવ એવો જે અખંડિત વહેણ સ્વરૂપે તે
-થયો વહેતો, પછીથી તો ગતિ **ए**ની અનોખી છે.

હરિઃૐ

# સ્મરણની ભાવનાકેરી

સ્મરણનો કેફ દિલમાં તે હૃદય વ્યાપી ગયેલો છે,
નયનમાં ઘેન પ્રસરીને નયન રાતાં થયેલાં છે.

ચહેરો પણ તે રડમસ છે, ખુશાલી મસ્ત પ્રસરી છે,
સ્મરણમાં પાછી વપરાતાં સ્મરણ જુસ્સો બઢેલો છે.

સ્મરણની ભાવનાકેરી જીવંતી ધારણા શી તે
-શી અકબંધ, અણીશુદ્ધ હૃદયમાં એકધારી છે !

સ્મરણ તે કાળનું કેવું હૃદય લેવાતું અંતર તે
-તહીં ઉચ્ચારવાનું તો બધું લુપ્ત જ થયેલું છે.

હરિઃૐ

## સ્મરણની ભાવનાએ શો

જડી દેવા સ્મરણ દિલમાં કૃપાથી દિલમાં **તેં** સુઝાડ્યું છે,
ખરી ચાવી જીવન ઘડવાતણી **તેં** આપી દીધી છે.

સ્મરણની ચઢઊતર પાછી જીવનમાં નીરખેલી છે,
છતાં જીવન તમન્નાનો ન પારો હેઠ ઊતર્યો છે.

તમન્નાએ મને કેવો નીચે પડતાં બચાવ્યો છે !
સ્મરણની ભાવનાએ શો ઉપર ખેંચી જિવાડ્યો છે !

સ્મરણ જેવું બીજું કોઈ સરળ, ઉત્તમ ન સાધન છે,
સહેલું તે વળી પાછું સકળનેયે, સુલભ તે છે.

હરિઃૐ

## સ્મરણની ભાવનામાંથી

સ્મરણની ભાવનામાંથી જીવન તારવવા સૂઝ્યું છે,
પરંતુ રીતરસમ તેની મને કોઈ ખબર ના તે.

હૃદયમાં ભાવની ઘનતા થતી ગઈ જેમ ઊંડી તે,
હૃદયના ભાવ તેવાએ જીવન વળવા ઉગાડ્યું છે.

મને જેવો હતો તેવો **હરિ**એ તો સ્વીકાર્યો છે,
સ્વીકારીને હૃદય સરસો હૃદયતાથી શો ચાંપ્યો છે,

હૃદય ત્યારે ઉમળકાની સીમા ના કોઈ પણ રહી છે,
**હરિ**માં દિલ નિરંતરનું પલળી કેવું ગયેલું છે !

હરિઃૐ

## હરિની ભાવનામાં જે

સ્મરણથી ને સ્મરણમાંથી સ્મરણની સાધનાથી તે,
ઊંડું ઊંડું જ ઊતરાતાં, જીવનનું તત્ત્વ સૂઝ્યું છે.

પછીથી તો જીવનકેરી હૃદય લગની શી લાગી છે !
મને એ લગનીએ કેવો પ્રવેશાવ્યો જીવન વિશે !

જુદાં જુદાં જીવનકેરાં હૃદય દર્શન થયેલાં છે,
કદીક બિહામણાં પણ શાં ! થતાં સાવધ ઠરાયું છે.

**હરિ**ની ભાવનામાં જે વિષય તે માત્રામાં હૈયું
-સતત એકતાન, મસ્તાન નશે ચકચૂર છે કેવું !

હરિઃૐ

## हरि તુજ ભાવના કેવી !

હૃદય જીવન પરત્વેની જીવંતી સભાનતા યુક્ત
-**हरि** તુજ ભાવના કેવી જીવન ચમકેલી લાગી છે !

જીવનમાં તેથી તો મુજથી ન આગળ પાછળે કશુંયે
-ન જોવાવા રહેવાયું, હૃદય મીટ શી **हरि** ગમ છે !

જીવનનાં સર્વ પાસાંમાં, જીવનનાં સર્વ પણ ક્ષેત્રે,
**हरि**, **हरि**નું મનન ચિંતવન સતત ચાલ્યા કરેલું છે.

હવે મારા જીવનનો તો નિયંતા ને નિયામક છે,
-**हरि** કેવો સમર્થ જ તે ! બધી લાયકાતવાળો છે.

હરિઃૐ

## हरिની ભાવનાની તે

સ્મરણની ભાવનામાં મેં સતત રમમાણ કીધું છે,
અનુભવવા **हरि**ને દિલ હૃદય તેમાંથી ઊગ્યું છે.

જીવન સાતત્યના યોગે **हरि**ની ભાવનાની તે
-હૃદયની ધારણા વિશે રમ્યા કરવાનું ફૉર્યું છે !

અવર વ્યવહાર જીવનનો ઉપર ઉપરથી કેવો તે
-ઉપરછલ્લો વહ્યા કરતો ! મહત્ત્વે અંતરે રસ છે.

બધી બલિહારી મારે દિલ સ્મરણ સાધનની શી તે છે !
બધી યશકલગી ભક્તિની **हरि**નાં પદકમળની છે.

હરિઃૐ

## સ્વભાવ ભાવનાનો તો

જીવનની નિમ્ન વૃત્તિ પણ ગતિશીલ જ પ્રસરતી છે,
હૃદયની ભાવના પછીથી પડી રહે છાની શી રીતે ?

સ્વભાવ ભાવનાનો તો થવાનો શો ગતિશીલ છે !
હઠીલાં જે કરણ, તેને સતત સ્પર્શ્યાં કરે છે તે.

સતત શો સ્પર્શ લાગે જ્યાં અસર તેની થતી રહે છે,
કરે ટપક્યાં સતત ટીપાં અસર પથ્થર પરે પણ છે.

મથામણ સૂક્ષ્મ એવી જે કૃપાથી ચાલતી રહી છે,
પરિણામ જ વિના આવ્યા કદી કાળ જ ન રહે છે તે.

હરિઃૐ

# સ્મરણથી ભાવના જાગી

સ્મરણથી ભાવના જાગી, હૃદયમાં ભક્તિ સ્ફુરી છે,
હૃદય ભક્તિથી શાસ્ત્રોની ગરજ સઘળી સરેલી છે.

જીવન જ્યારે સકળ **હરિ**માં થયેલું ઓતપ્રોત જ છે
-પછીથી કંઈ કશા પ્રત્યે મનાદિ ના વળે છે તે.

પરિપૂર્ણ **હરિ** શો છે ! **હરિ** શો સર્વમય પોતે !
થયું, જે જે થતું રહે છે, બધાંનાં તે મૂળે **હરિ** છે.

સ્મરણ ભક્તિથી **હરિ**હાથ ઝલાઈ શો ગયેલો છે !
હવે તે હાથનો સ્પર્શ જીવનમાં લાગતો રહે છે.

હરિઃૐ

# ધૃતિ, સ્મૃતિ, વિવેકેથી

અહિતકારક થકી મનને પૂરું ત્યાં વાળી શકવાનું
-ખરું કર્તવ્ય ધૃતિનું છે, કૃપાથી કેળવાઈ તે.

ધૃતિના અર્થ ઝાઝા છે, 'પકડી જેથી રખાયે છે
-સતત દિલ સચોટ પર જેથી' બધું તે તે 'ધૃતિ' ગુણ છે.

અહિત ને હિત જીવનનું જે પડે જેના વિશે ઊંડી
-સમજ સાચી બધી, તેને વિવેક શક્તિ લ્યો ધારી.

સ્મૃતિથી યાદ **હરિ**ની તો, દઢાવાયો સ્મૃતિથી શો !
ધૃતિ, સ્મૃતિ, વિવેકેથી, શી પ્રજ્ઞા ઓળખાતી છે !

હરિઃૐ

## જીવનની તીવ્ર જિજ્ઞાસા

થવા વિકાસ જીવનનો જરૂરી શી તમન્ના છે !
તમન્નાની અધિકતમ જે હૃદય માત્રા, અભીપ્સા છે.

સતત જલતી શી ઝળહળતી, હૃદય સતેજ તેજસ્વિત
-વધારે ને વધારે તે રહે, તે કર્મ માન્યું દિલ.

જીવનમાં કર્મમાં તેવા અમે તો દિલ પરોવ્યું છે,
હૃદયથી માત્ર તે કર્મે સમગ્રે દિલ નિચોવ્યું છે.

જીવનની તીવ્ર જિજ્ઞાસા શી ભડભડતી જ બળતી છે !
મને એણે ધપાવીને જીવનપંથે પળાવ્યો છે.

હરિઃૐ

# ખમીર કેળવવા મળિયાં તે

જીવન ફેંકાયેલા જે તે બધા પડકાર ઝીલ્યા છે,
કશાથી ભાગી છૂટવાનું કદી પણ દિલ થયું ના છે.

જીવનનું ભવ્ય પુરુષાતન મળ્યાં કર્મ ખીલવવાને,
વિપત્તિ, દુઃખ, મુશ્કેલી, ખમીર કેળવવા મળિયાં તે.


ખરા દિલના ઉમળકાએ બધા સંગ્રામ ખેલ્યા છે,
કદીક જો હાર ખાધી છે, છતાં અણનમ રહેલો જે.

બધું આવેલ સ્વીકારી જીવન ધ્યેય વિકાસાર્થે,
જીવનઘડતર થવા જે તે પ્રભુપ્રીત્યર્થ કીધું છે.

હરિઃૐ

## ખંડ - ૫

# હરિની 'ધારણા' હૃદયે, જીવનના ધ્યેયનો 'નિશ્ચય'



હૃદયની ધારણામાં શો હરિ પોતે બિરાજ્યો છે !
'સ્મરણમાં જીવવું, મરવું', હૃદય નિશ્ચય તે પ્રગટ્યો છે.

હરિ:ૐ

# **हरि**ની ધારણા હૃદયે

સ્મરણ લેતાં, સ્મરણ રસનો હૃદયમાં રંગ જામ્યો છે,
**हरि**ની સભાનતાકેરી હૃદય તે ધારણા થઈ છે.

જીવનમાં ધારણા તેવી થકી **हरि**ભાવ પ્રીત્યર્થે
-થતાં રહેતાં બધાં કર્મે જીવંતી તે રહી શી છે !

બધે જેમાં અને તેમાં **हरि**ની ધારણા હૃદયે
-સતત તે મોખરે કેવી સચેતન ભવ્ય જાગી છે !

**हरि**ની ભાવનાની તે હૃદયની સભાનતા જીવતી
-ધરી ધરીને કૃપાથી સૌ પ્રભુપ્રીત્યર્થ કીધું છે.

હરિઃૐ

# हरिना धारણા ભાવે

સ્મરણમાં ને સ્મરણથી સૌ સતત જે તે થયેલું છે,
પ્રભુપ્રીત્યર્થનો ભાવ હૃદય ધારણ થયેલો છે.

**हरि**ने મોખરે હૃદય જીવંતો એકધારો તે
-શું પ્રજ્વલતો ધરી ધરીને **हरि**ने મેં સ્તવેલો છે !

**हरि** સ્તવતાં, **हरि** સ્તવતાં, **हरि**માં લક્ષ સેવ્યું છે,
સતત બસ લક્ષની શી તે હૃદયમાં ધારણા રહી છે !

હૃદયની એકધારી તે **हरि**ना ધારણા ભાવે
-થતાં કર્મ જ પરોવીને, **हरि** ચરણે સમર્પ્યાં છે.

હરિઃૐ

# હૃદય નિશ્ચયતણા બળથી

‘સ્મરણમાં જીવવું, મરવું’ હૃદય નિશ્ચય તે પ્રગટ્યો છે,
હૃદય નિશ્ચયતણા બળથી સ્મરણ લલકારી લીધું છે.

સ્મરણ લલકારવાનોયે અનોખો દિલ આનંદ છે,
હૃદય આનંદના ભાવે સ્મરણ લીધા કરેલું છે.

સ્મરણનું એકતાને જ્યાં સ્મરણ લીધા જ કરવાનું
-કૃપાથી જ્યાં બન્યું, તેથી સ્મરણ લહાવો મળ્યો દિલ શું !

સ્મરણ લહાવાથી જીવનમાં હૃદયનો ભાવ બઢિયો છે,
જીવન **આ** તરબતર રસથી છલોછલ કેવું વહેતું છે !

હરિઃૐ

# હૃદય નિશ્ચય પૂરેપૂરો

સ્મરણના મુખ્ય સાધનને કહીં વેળા સુધી મેં તે
-કૃપાથી પકડી સજ્જડ દિલ, રહ્યો વળગી સતત તેને.

સતત તેની હૃદય ધૂન જ્યાં સડેડાટ જે પ્રવર્તી છે,
લગાતાર જ હૃદય મંડ્યા રહે તેને મળે છે તે.

હૃદય નિશ્ચય પૂરેપૂરો મરણિયો જે થયો તેણે
-ગજબનો ઉગ્ર પુરુષાર્થ કરાવીને સુવાડ્યો છે.

હવે નિશ્ચિંતતા, શાંતિ, હૃદય પ્રસન્નતા પણ છે,
કૃપા અનહદ **हरि**ની કે સુઝાડેલું સ્મરણ એણે.

હરિઃૐ

## મરણિયા નિશ્ચયે મક્કમ

અવળચંડાઈ બહુ રીતે જીવનમાં તો કરેલી છે,
કંઈક લાતો પડી તેથી ખચીત ચેતી જવાયું છે.

છતાં તોયે કંઈક વાર પડી ભૂલો જીવન પથમાં,
તહીં ભૂલથાપ ખાધી છે, પછાડ્યું માથું છે પદમાં.

પડેલી ચાટવા ચાટ જીવનમાં ટેવ તેને મેં
-તિલાંજલિ આપી દેવાને કૃપાથી દિલ મથાયું છે.

મરણિયા નિશ્ચયે મક્કમ પુરુષાર્થે મચેલા છો,
પછી શું શક્ય કંઈ ના છે ? અનુભવમાં મળ્યું, તે સૌ.

હરિઃૐ

# હૃદય નિશ્ચય પૂરેપૂરો

હવે સંસારી રીતિનું જીવન જીવવું ન મારે છે,
હૃદય નિશ્ચય પૂરેપૂરો થઈ તે અર્થ, ગયેલો છે.

સતત મંડ્યા જ કરવાનું હૃદયથી એકધારું તો
-**हरि**ના માર્ગનું કર્મ, જીવનનો ધર્મ તેવો શો !

છતાં જૂની પડેલી જે લઢણથી આડફંટે તે
-જવાતાં, ત્યાં પડેલી છે મને લપડાક જબ્બર જે.

બહુ વેળા મને કેવો જીવનમાં ચેતવી દઈને
-ટળાવી પંથ અથડાવું, સીધે પથ દોરવેલો છે.

હરિ:ૐ

## હૃદય નિશ્ચય ઊગી જઈને

જીવનના તે અભિગમનો હૃદય નિશ્ચય ઊગી જઈને
-પરત્વે તે મને ખેંચી ઊંડી મંડાવી ત્યાં મીટ છે.

વળી વળીને, તહીંનું ત્યાં ઊડી ઊડી દિલ ચોંટે છે,
હૃદયના પ્રિયતમની તે છબી ન્યારી, નયન મુજ છે.

હૃદયમાં નાચતો, કૂદતો, મને પણ તે નચાવે છે,
ગતકડાં હુંય પણ કેવાં કરું વહાલાની સંગાથે !

**હરિ**ની સાથ દિલથી તો હૃદય વહાલપ કર્યા કરવું,
લઢણ દિલની પડી ગઈ છે, **હરિ, હરિ** ઊછળી પોકારું.

હરિઃૐ

# હૃદયમાં ધારણા ઊંડી

રચેલો ને પચેલો શો સ્મરણમાં તો રહ્યા કરીને !
જીવનમાં ધ્યેય પ્રત્યેનો સળગતો અગ્નિ પ્રગટ્યો છે.

સ્વરૂપ જે ભવ્ય ને દિવ્ય સ્મરણનું ઑર પલટાયું,
સ્મરણ ત્યારે સ્મરણ કેવું **हरि**ની યાદગીરીનું !

હૃદયમાં ધારણા ઊંડી સતત શી એકધારી તે
-થઈ સક્રિય જીવનમાં પથે આગળ બઢાવ્યો છે.

જુદા જુદા તબક્કામાં, જુદી જુદી ભૂમિકામાં,
સ્મરણનાં રૂપ ને શક્તિ જુદાં જુદાં અનોખાં શાં !

હરિઃૐ

## હૃદયની ધારણામાં શો

સ્મરણને બહુ રીતે ગાયું, સ્મરણથી દિલ જળવાયું,
સ્મરણમાં મગ્ન રહેવાયું, સ્મરણ તારક જીવનનું શું !

સ્મરણનો કીમિયો જાદુ ભર્યો ભરપૂર કેવો તે !
સ્મરણ અભ્યાસ જીવંતો થતાંમાં, જાણી લીધો છે !

સ્મરણ અભ્યાસ પડવાથી સ્મરણમાં દિલ લાગીને,
સ્મરણમાં સ્વાર્થ જાગ્યાથી નિરંતરનું થયું છે તે.

સ્મરણના ભાવની હૃદયે જીવંતી ધારણા શી છે !
હૃદયની ધારણામાં શો **हरि** પોતે બિરાજ્યો છે !

હરિઃૐ

# हरिनी धारणामां तो

પ્રવેશે જે સ્મરણ, તેની અજબ દુનિયા નિરાળી છે,
સ્મરણમાં દિલ પચ્યું જેનું, જુદો વ્યવહાર તેનો છે.
સંસાર

સ્મરણનો ભાવ નિરંતર નયન પલટાવી તે દે છે,
નિરંતરતા સ્મરણની જ્યાં જીવન બદલાતું લાગે છે.

જીવનનો સર્વ વ્યવહાર સ્મરણની ભાવની હૃદયે
-**हरि**ની ધારણામાં તો કૃપાથી ચાલુ રહેતો છે.

જીવનની આધિ, ઉપાધિ વળી વ્યાધિ છતાં હોવા
-થતી તે વેદનાને પણ શી વેદાતી જ શાંતિમાં !

હરિઃૐ

## સ્મરણ દિલ ધારણા हरिતણું

**हरि, हरि,** બૂમ પાડીને હૃદય લલકાર કીધો છે !
તને પોકારી, પોકારી હૃદય આમંત્ર્યા કીધો છે.

**हरि** તુજ આવતાં પહેલાં છડી તારી બજેલી છે,
થતાં પરિપક્વ ભૂમિકા નૂપુરઝંકાર સૂણ્યો છે.

સ્મરણ ભક્તિથી જીવનમાં બધા વ્યવહારને વિશે,
મહત્ત્વે, મોખરે **हरि**ને અમારાથી ધરાયો છે.

**हरि, हरि** અંતરે સૂક્ષ્મ સ્મરણ જે મૂળ બોલે છે,
સ્મરણ દિલ ધારણા **हरि**તણું તે વ્યક્ત લક્ષણ છે.

હરિઃૐ

## हरिनी ધારણામાં સહુ

સ્મરણની ભક્તિના દિવ્ય પ્રકાશે જે જીવન થર તે
-હૃદય તેનો અનુભવ લઈ અગાડી ધપતું જીવન છે.

ડગેડગ શીખી શીખીને જીવન વધવાનું આગળ જે,
ધીમે ધીમે કરી વિદ્યા હૃદય પાંગરતી આવી છે.

જીવન તે પરત્વેની સૂઝ હૃદય પડવા જ લાગી છે,
હૃદય પ્રજ્વળતો વિશ્વાસ ઊગી તેથી જ ફાલ્યો છે.

**हरि**ने ધારી ધારીને જીવનમાં મોખરે સઘળે,
**हरि**ની ધારણામાં સહુ હવે વીતવાનું જીવન છે.

હરિઃૐ

# જીવંતી ધારણામાં તો

સ્મરણથી ભક્તિ જાગી છે, અને તે ભક્તિના રસને
-મનાદિ અંતરે લગ્ન થઈ ભીંજવવા લાગ્યાં છે.

હતી તરવરતી ચેતેલી જીવનમાં તટસ્થતા તેણે
-હૃદય ચેતાવી દીધો કે 'બધું ભોગવવું મૃત્યુ તે'.

તુરત તે રસનો ઉપયોગ **हरि**ની સભાનતાની જે
-જીવંતી ધારણામાં તો સહેતુક વાપરેલો છે.

જીવનમાં તે '**हरि**રસ'ને જીવન સાચું ગણેલું છે,
સતત તે રસ વડે જીવવા જીવન નિર્માણ કીધું છે.

હરિઃૐ

# મરણિયો થઈ જ રણઘેલો

મળી જેમ દિલ નિષ્ફળતા, કૃપાથી વજ્ર સમ હૃદયે
-થયો નિર્ધાર દૃઢ, મક્કમ, ફરી મંડ્યો ચઢી ઘોડે.

બહુ વેળા પડાયું છે, બહુ વેળા હરાયું છે,
છતાં હિંમત ન ખૂટી છે, કૃપાની કેવી વર્ષા તે !

ફરી ફરીને ચઢી યુદ્ધે, મરણિયો થઈ જ રણઘેલો
-મૂકીને વેગળું માથું, કરી સાહસ ઝઝૂમેલો.

હૃદય તત્પરતા સંપૂર્ણ પૂરું હોમાઈ જવાને છે,
જવાંમર્દ ખરા તેવા જરૂર જય મેળવી જીવે.

હરિઃૐ

# મરણિયો દિલ નિર્ધાર

મહાસંગ્રામમાં જીતવું જીવન તે માત્ર સાચું છે,
હૃદયની તેવી સમજણથી જીવનમાં હું ઝઝૂમ્યો જે.

ઝઝૂમવામાં જ બળ મુજને કહીંકથી કેવું પ્રગટીને
-જીવનના સર્વ ખૂણાને શું તેજસ્વિત કરેલા છે !

ભગીરથ કર્મ જીવનને સમું સમારવાનું તે
-ઉપાડી શિર લીધું જ્યાં, પછી શાં વિઘ્ન હિસાબે !

ખપાવી દઈ જીવન સઘળું, જીવન સમારવાનો તે
-મરણિયો દિલ નિર્ધાર કદી ટૂંકો પડ્યો ના છે.

હરિઃૐ

## જીવનના ધ્યેયનો નિશ્ચય

મરણિયો જે થયેલો છે, પછી મુશ્કેલીનો એને
-કશો હિસાબ પણ શો છે ? થવા ખુવાર બેઠો જે !

છતાં તેવી ખુવારીમાં જીવનના ધ્યેયનો નિશ્ચય
-હૃદય તરવરતો તેને દિલ સદા ચેતંતો શો ઉજ્જ્વળ !

ખુવારીમાં ખુમારીનાં થતાં દર્શન જે દુર્લભ છે,
કૃપાની શક્તિનાં દર્શન તહીં મર્દાનગીનાં તે !

જીવન સોંસરવું તારવવું ન સહેલી વાત એ સહેજે,
પરંતુ જ્યાં **हरि** જેની મદદમાં, સુતરું તેને.

હરિઃૐ

# બધા તે નિશ્ચયાત્મક જે

સ્મરણમાં ને સ્મરણમાં દિલ સદા મશગૂલ પાકું છે,
**હરિ**ના ભાવનું તેથી હૃદય સાતત્ય જીવતું છે.

કશા વિચાર, વૃત્તિનું, કશું અસ્તિત્વ ત્યાં ના છે,
પરંપરા વિચારોની ન જોડાતી જ સાંકળ તે.

નિમિત્ત જાગતાં ત્યારે સ્વયંસ્ફૂર્તિ થકી સહેજે
-વિચારો કર્મ પ્રત્યેના વિચાર્યા વિણ સ્ફુરે છે તે.

વિચારો કર્મ પ્રત્યેના બધા તે નિશ્ચયાત્મક જે,
દલીલ કે તર્કનો તેમાં સમાવેશ કંઈ નથી ક્યાંયે.

હરિ:ૐ

## પુનર્જીવન થવા નિશ્ચય

સ્મરણ સાધન થકી જીવન પુનર્જીવન થવા નિશ્ચય
-હૃદય દૃઢ, ખૂબ મક્કમ જે મરણિયો ખાસ પ્રગટેલો.

સ્મરણને એકધારું દિલ સતત કરતો રહી ખંતે,
શું એકાકાર દિલમાં હું થયા કરેલો સ્મરણ ભાવે.

નશે ચકચૂર સ્મરણનાથી હૃદય મસ્તાન થઈ ધીંગો,
સ્મરણની ભક્તિ લાગંતાં **हरि**માં મસ્ત ડોલેલો.

**हरि**ના રસ થકી જીવન પુનર્જીવન થતું કેવું !
નૂતન મૌલિક જીવન ન્યારું શું એક એકથી ચઢિયાતું !

હરિઃૐ

# મરણિયું જોશ નિશ્ચયનું

ભલે સંજોગ અવળા ને વળી હો કારમા ભારે,
પરંતુ ના નમાયું છે, ઊંચું માથું રખાયું છે.

સ્મરણથી કેટલું કેવું જીવનમાં બળ મળેલું છે,
પરિસ્થિતિ ઊંધી છો હો છતાં નમતું ન તોલ્યું છે.

પૂરું પાર વિના પાડ્યા અધૂરું ના કશું મૂક્યું,
સ્મરણમાંથી મળેલું છે, મરણિયું જોશ નિશ્ચયનું.

ભયંકર, કારમી, ઉગ્ર શી મુશ્કેલીમહીં વચ્ચે
-થવાતાં ત્યાં ગરક, જ્યાંથી **હરિ**એ ખેંચી લીધો છે.

હરિઃૐ

## હૃદય નિશ્ચય થયેલો છે

સ્મરણ ભક્તિથી જીવવાને હૃદય નિશ્ચય થયેલો છે,
સ્મરણ પાછળ થઈ ઘેલો સ્મરણ લીધા કરેલું છે.

સ્મરણથી કેવી પ્રતિમા તે જીવનના ધ્યેયની હૃદયે
-રહી પ્રગટી, સતત મુજને થવા સાકાર પ્રેર્યો છે.

જીવનના ધ્યેયની ખાંખત સતત જલતી રહીને જે
-મથાવ્યા દિલ કરી એક જ ગગનને ભોમ આણ્યું છે.

મનન ચિંતવન જીવન ધ્યેયતણું દિલ જે નિરંતરનું
-સતત ચાલ્યા કર્યું, તેનું પરિણામ જ મળેલું છે.

હરિઃૐ

## હૃદય નિશ્ચય શું પ્રગટેલો

થતાં સાધન રહેવાથી જીવનનું ધ્યેય હૃદયમાં
-પૂરેપૂરું થઈ નિશ્ચિત, મથાવ્યો સાધ્ય કરવામાં.

જીવન પ્રગટાવવા ઊર્ધ્વ મરણિયો દિલમાં ઊંડો
-ખરા દિલનો પૂરેપૂરો હૃદય નિશ્ચય શું પ્રગટેલો !


મૂકીને ચરણમાં માથું ડુલાવી દઈ બધું જીવન,
**હરિ**ને દિલ અનુભવવા સમર્પી દીધું **આ** જીવન.

પરંપરા સમર્પણની જુદી જુદી અનેકે છે.
સમર્પણ ભાવથી મુજ પર **હરિ** વારી ગયેલો છે.

હરિઃૐ

# ખંડ - ૬

# જીવનસાફલ્યનો મહિમા,
# 'જીવનકથની' શી એવી છે !



ગરીબ **આ** છેક છેલ્લા ને તળિયાના જ માનવને
-**હરિ**ના સ્મરણથી કેવો બનાવ્યો **આજ** 'મોટો' તે !

હરિઃૐ

## જીવનકથની શી એવી છે !

જીવનનું કોઈ ધોરણ ના, વળી જો હો જુદું જુદું,
ઘડીમાં એક બોલીએ બીજી ઘડીએ વદું બીજું.

કદીક ગૃહસ્થી જેવુંયે, કદીક સંન્યાસી જેવુંયે,
કદીક સંસારી જેવું પણ, જીવન વર્તન અમારું છે.

અમારું સર્વ સાચું છે, કશો દાવો ન કંઈ અમ છે,
પરંતુ સ્પષ્ટતા ખાતર વદું, જીવનની હકીકત જે.

કદી આડું અને અવળું, ન કંઈ સમજાય એવુંયે
-અમે શું આચરી મરતા ! જીવનકથની શી એવી છે !

હરિઃૐ

## જીવનયજ્ઞ સમજપૂર્વક

જીવ્યો ક્યાંયે ન સ્પર્ધાત્મક, જીવન મુજ સંગ્રહાત્મક ના,
જીવન સહયોગાત્મક છે, સુમેળે સૌ સધાયું ત્યાં.

શિશુકાળે જીવન ધ્યેય હતું ભણવાતણું જીવને,
-સતત તે સાધવા ધ્યેય બીજાને રાજી રાખ્યા છે.

જીવનમાં શાંતિ ટકવાને સુમેળે જીવવાનો જે
-જીવનયજ્ઞ સમજપૂર્વક કૃપાથી શો ચલાવ્યો છે !

સ્મરણ માત્ર, સ્મરણ દિલ બસ, સ્મરણની ભૂમિકાને તે,
કૃપાથી પક્વ પરિપૂર્ણ થયા ગઈ છે જીવનમાં જે.

હરિઃૐ

## સતત એવી મથામણની

સ્મરણ તારું મને કેવું **हरि तें** લેવરાવ્યું છે !
મરી મથતાં થતું નહોતું નિરંતરનું સ્મરણ તુજ તે.

કડીતોડ જ જહેમત તો કર્યા કરવા વિશે મુજથી
-કશું બાકી રહેલું ના, છતાં હું ના શક્યો ફાવી.

નિરાશા થાય એવું પણ હતું, તોયે જીવન ધ્યેય
-હૃદય સન્મુખ હોવાથી મથાયા તે જવાયું છે.

સતત એવી મથામણની નિરંતરની જ પ્રક્રિયા
-જીવન ચાલી રહેલી જે જગાયું છે જ એથી ત્યાં.

હરિઃૐ

# પરંતુ મારી બાબતમાં

સ્મરણને કોઈ છટકબારી સમું જીવનમાં ગણતું છે,
પરંતુ મારી બાબતમાં ન કોઈ તેવું કહી શકશે.

મળેલાં જવાબદારીનાં બધાંયે કર્મ પ્રીત્યર્થે
-કર્યાં બાહોશીથી શાં તે ! હકીકત જાણીતી તે છે.

અધૂરું ના કશું કંઈ પણ ન એમનું એમ મૂક્યું છે,
પ્રભુપ્રીત્યર્થ મળેલું તે પૂરેપૂરું કરેલું છે.

**હરિ**નો માત્ર રસ દિલથી અનુભવવા જ જીવન છે,
પ્રતીતિ તે હકીકતની થઈ સિદ્ધ જ ગયેલી છે.

હરિઃૐ

## બધે હરિની પ્રતિષ્ઠાની અસર ફેલાતી ત્યાં રહે છે.

સ્મરણ જ્યારે જીવન શક્તિરૂપે જીવન ખીલે છે, તે
-ઊથલપાથલ, તળે ઉપર બધું કરવા મથાવે છે.

ખરો શ્રેયાર્થી સાચો જે બધું સ્વીકારી પ્રત્યક્ષે,
જીવનને ઊલટપૂલટ કરતો શું આચરી આચરી જીવતો તે !

જીવનમાં ક્રાંતિને સ્થળ, સ્થળ બધે પ્રગટાવવા શો તે !
**હરિ**નો યજ્ઞ મંડાયો કરાવા ફેરફાર જ તે.

જીવનનાં મૂળ જે ઊંડાં પ્રકૃતિનાં રચાયાં છે,
બધે **હરિ**ની પ્રતિષ્ઠાની અસર ફેલાતી ત્યાં રહે છે.

હરિઃૐ

## જીવનની સાધના કાજે

સ્મરણથી શક્તિ જાગી જ્યાં જીવનમાં કર્મ કરતી તે
-થઈ છે આપમેળે, જે અનુભવમાં જણાયે છે.

અશક્ય કર્મ જે પહેલાં ખરેખર લાગતું'તું તે,
હવે શક્ય સરળતાથી સહજમેળે શું બનતું છે !

કરાવ્યાં કર્મ પારમાર્થિક, કંઈક લાખો રકમનાંયે,
**हरि**ની શક્તિનું તે તો જીવનમાંનું બધું બળ છે.

સ્મરણથી શક્તિ પ્રગટેલી, જીવનની સાધના કાજે
-પુરુષાર્થે ઝુકાવીને પ્રકૃતિથી જિતાડ્યો છે.

હરિઃૐ

## જીવન ખેડાણ કીધું છે

સ્મરણમાં ને સ્મરણથી મેં જીવન ખેડાણ કીધું છે,
નકામાં મૂળિયાં બીજાં પૂરાં ખોદાઈ ગયેલાં છે.

બધાં વાવેલ બીયાંને જમીનથી ઊગવા કાજે,
જમીનને યોગ્ય ખાતર, જળ બધું તે પૂરું પાડ્યું છે.

પુરુષાર્થે કશી ઊણપ રહેવા ના દીધેલી છે,
થયેલું સર્વ નીંદામણ કૃપાથી નીંદી નાખ્યું છે.

કૃપા વર્ષા થતાં યોગ્ય ફૂલી ફાલી શું ઊગ્યું છે,
ભર્યું ભર્યું કેવું ખેતર **આ** નર્યું આંખો ભરી દે છે.
નરી આંખો ઠરાવે છે.

હરિઃૐ

## મથ્યો કેળવવા જીવનમાં

પૂરી શાંતિ ટકે જીવતી, ધરી તે હેતુ હું દિલમાં,
હૃદય, મન, વાણી ને કર્મ મથ્યો કેળવવા જીવનમાં.

મતિ ને પ્રાણ જ્યાં ભળતાં રહે છે હેતુને વિશે,
મથામણમાં મજા ઑર ખરેખરી દિલ ત્યાં જામે.

તમારામાં તમે પૂર્ણ પરોવાયેલ જ્યાં હો છો,
કશું પણ આડુંઅવળું તે ચઢે નજરે જ ના તહીં તો.

કૃપાથી તે પ્રકારે તો જીવન જીવવાનું ચાલ્યું છે,
જીવનમાં વર્તવાકેરો ચીલો એવો પડેલો છે.

હરિઃૐ

## અમે સંપૂર્ણ કીધું છે

ઊથલપાથલ બધું કરવાતણો ધર્મ જ અમારો છે,
અમારી જાતનું એવું અમે સંપૂર્ણ કીધું છે.

ઊલટપાલટ બધું જે તે થયા વિના પૂરેપૂરું,
નવું સર્જન કઈ રીતે પછીથી થઈ જ શકવાનું ?

મળેલાં જે બીજાઓને, અનુભવવા **हरि** કાજે
-ઊછળતી તીવ્ર તત્પરતા ન ઉત્કટ દિલ કશી પણ છે.

ઊંધુંચતું થવા દેવાતણું પછી ભાન ક્યાંથી તે
-બીજાના દિલમાં હોય ? ભલે તેમાં રહ્યા છો તે.

હરિઃૐ

# જીવનનાં સર્વ પાસાંને

કંઈક જનને કૃપાથી તો પ્રયત્ન તે થયેલા છે,
-જીવન પાસું શું બદલાવા ! થયો વિરોધ ત્યાં સામે.

જીવનનાં સર્વ પાસાંને પડે બદલાવી તે દેવાં,
વિના તે કર્મ ઘડતરનું થઈ શકવું કદી પણ ના.

જૂની જૂની લઢણ, ટેવો જતી રહેવી સમૂળગીયે,
વિના ઉત્કટ તમન્ના તે બની શકવાનું કંઈ ના છે.

સતત અભ્યાસ દિલથી તે થતો જો એકધારો છે,
તમન્ના પણ ફૂટી નીકળી વહેશે ધોધની પેઠે.

હરિઃૐ

# જીવન શોધાયું તેથી તે

તમન્નાની હકીકતનું જીવનમાં ભાન કંઈ નહોતું,
શરીરના રોગને કારણ સ્મરણને પકડી લીધું'તું.

સ્મરણ લેતાં, સ્મરણ સ્મરતાં, સ્મરણ એકીટશે લેતાં,
મટ્યો તે રોગ, તેથી દિલ વધ્યો ઉત્સાહ તે લેવા.

જીવનમાં એવી રીતે તે પડ્યો અભ્યાસ જીવંતો
-સ્મરણનો દિલમાં ઊંડો રણકતા ભાવથી કેવો !

હૃદય એમાંથી વિશ્વાસ પ્રગટી ચૂક્યો હતો હૃદયે,
તમન્ના એ થકી જાગી જીવન શોધાયું તેથી તે.

હરિઃૐ

# જીવન પ્રત્યેની જિજ્ઞાસા

કદી મેં મનતણી સામે જબરજસ્તીથી પણ કંઈ તે
-કરાવ્યું બેળે બેળે ના, બળાત્કારે ન રોક્યું છે.

શરૂ શરૂમાં ભજન ભક્તિતણા પથમાં મને મનનો
-હૃદય સહકાર નહોતો કંઈ, ભજ્યા તોયે કર્યું મેં તો.

સતત દિલની તમન્નાએ વળાવ્યા શો કર્યો પથમાં !
જીવન પ્રત્યેની જિજ્ઞાસા થવા તેજ મથાયું ત્યાં.

પ્રકાશિત તે થવા <u>જીવને</u> વધુ વધુ ઑર તેજસ્વિત
હૃદયે
-સતત બસ દિલ તે નેમ ધરી જીવ્યા કર્યું નિશદિન.

હરિઃૐ

## ભલે આ જીવને કોઈ

નિરાશા, સાવ અજ્ઞાનતણા અંધકારના જીવને
-ડૂબેલો શો હતો ઊંડો ! તહીં કોણે જગાડ્યો છે ?

નર્યો જે આળસુ જેવો, પ્રમાદ પહાડ સરખો છે,
તહીંથી શી રીતે ? કોણે હૃદય ચેતાવી દીધો છે ?

ભરેલો પ્રકૃતિના તે બધા દુર્ગુણથી જીવનમાં,
તહીંથી કોણે મરડાવી, સુવાડ્યો છે **હરિ**પદમાં ?

સમર્થ જે કશો નહોતો તણખલું પણ ઊંચકવાને
-હવે તેને બનાવ્યો છે, સમર્થોમાં શિરોમણિ **તેં**.

ભલે **આ જીવ**ને કોઈ જગે તે રીત ના પરખે,
**હરિ**પદ કિંતુ સંપૂર્ણ ઢળેલો, શ્રેષ્ઠ 'મોટો' તે.

હરિઃૐ

## જીવન વિશેનો દિલ તોડ

જીવન વિશે ઊંડું ઊંડું થયું વિચારવાનું છે,
બધી બાજુતણાં દ્વારો બિડાયેલાં જ દીઠાં છે.

મહત્ત્વ પ્રશ્ન તેણે શો પૂરો રોકી લઈ મુજને
-જીવનની બીજી બાજુમાં હું બેપરવા બનેલો જે.

મનન ઊંડું બહુ જ ઊંડે જરૂરનું જે હતું, તે તો
-સહજમેળે કરી ચાલ્યા, હૃદય ઊતરાવિયો ઊંડો.

ઊંડે, ઊંડે, વધુ ઊંડે, જવાતું ત્યાં ગયે ઊંડે,
જીવન વિશેનો દિલ તોડ કૃપાથી હાથ લાગ્યો છે.

હરિઃૐ

## જીવનમાં કેટલી વાર

જીવનમાં કેટલી વાર ભીંતે અથડાયું માથું છે,
છતાંયે ઝંખના દિલની થઈ છે ઝાંખી ના કંઈ જે.

કંઈક મુશ્કેલ પ્રશ્ને તો જીવન ગૂંચવી જ માર્યો છે,
નિરાશામાં ડુબાડીને જીવન બેહોશ બનવ્યું છે.

હું નાહિંમત કદીક તો શો જીવનમાં થઈ ગયેલો જે,
કહીંકથી વહાર ઓચિંતી હૃદય મારે પ્રવેશી છે !

જીવનમાં હારતાં એણે ખરેખર શો બચાવ્યો છે !
‘અણીચૂક્યો જીવી જાય’ થયેલું એવું મારું છે.

હરિ:ૐ

# અમે પ્રેમે બજાવ્યું છે

ન કંઈ ટંટા ફિસાદોમાં સમય એળે ગુમાવ્યો છે,
કદી કોઈની જ સંગાથે કરી તકરાર ના મેં છે.

બધાં સાથે હળી, મળીને, ભળીને કર્મ કીધું છે,
જરૂર પડે, આવવા ખપમાં હૃદય સહકાર સાધ્યો છે.

ભૂલો કીધી, ન ના તેની, કરી કબૂલાત લીધી છે,
થયા અન્યાય તે દિલથી સહી પ્રેમે જ લીધા છે.

**हरि**ના સ્મરણનો ભાવ હૃદય તે માત્ર સાચવવો,
કરી જાળવણી, તે કર્મ અમે પ્રેમે બજાવ્યું છે.

હરિઃૐ

## જીવન નવનીત મળેલું છે

કદીક તો વાળીવાળીને અમે કુલડીમાં વાળ્યું છે,
છતાં તેથીયે પણ દિલમાં અચંબો ના થયેલો છે.

પરિણામતણી દિલમાં ન સેવી ઝંખના કંઈ તે,
મથ્યા કરવાતણા યજ્ઞે સતત દિલ ધ્યાન પ્રેર્યું છે.

મથ્યા કરવું, મથ્યા કરવું રટણ માત્ર જીવનમાં તે,
મથ્યા કરવામહીંથી તો મળી તત્ત્વ જતું તે છે.

મથ્યામાંથી વલોવાનું જીવનમાં જે થયેલું છે,
કદીક ઓચિંતું એમાંથી જીવન નવનીત મળેલું છે.

હરિઃૐ

## જીવન જેથી ઘડાયું છે

શરૂ શરૂમાં સ્મરણકેરું સમૂળગુંયે ન સમજ્યો હું,
કશું મૂલ્ય જરા સરખું, કૂટી માર્યું ગમે તેવું.

હૃદય શ્રદ્ધા કે વિશ્વાસ હતાં ના મુદ્દલે મુજને,
પરંતુ દિલ સ્મરણ લેતાં હૃદય ચીમકી શી લાગી છે !

હૃદય તે ચીમકીને કારણ સ્મરણ લેવાતું બનિયું છે,
સ્મરણમાં ને સ્મરણમાં બસ જીવન વ્યવહાર ચાલ્યો છે !

મહત્ત્વે, મોખરે જેમાં અને તેમાં સ્મરણ મુજને
-રહ્યા કેવું કરેલું છે ! જીવન જેથી ઘડાયું છે.

હરિઃૐ

## જીવન સાફલ્યનો મહિમા

જીવન સંસારનો દરિયો સ્મરણ સાધનથી તરવાને
-ઝુકાવીને ઝુકાવીને સ્મરણને પકડી રાખ્યું છે.

સ્મરણના ભાવથી જીવતું શું તાટસ્થ્ય લધાયું છે,
જીવનની અપૂર્ણતાઓની પરત્વે લક્ષ કેંદ્રિત છે.

સતત એને જ સંપૂર્ણ સુયોગતા વિશે જીવને
-મઠારાવી બધી રીતે હૃદયનું લક્ષ તેમાં છે.

જીવન સાફલ્યનો મહિમા જીવનમાં મહાલી જાણીને,
શિવમ્ ને સુંદરમ્, સત્યમ્ જીવનમાં ઉપસાવ્યું છે.

હરિઃૐ

## કશી શ્રદ્ધા મને નહોતી

ભલે શ્રદ્ધા હૃદય ના હો, અગર શ્રદ્ધા હૃદય છે જો,
સ્મરણનો દિલ પ્રયોગાત્મક કરી અનુભવ, પછી કહેજો.

શરૂમાં જ્યારે દિલમાં મેં સ્મરણ લેવાનું કીધું છે,
કશી શ્રદ્ધા મને નહોતી, સહુ આગળ કબૂલું તે.

હૃદય જેમ જેમ લેવાનું **हरि**નામ થતું ગયું છે ,
થવા લાગ્યો પરિચય દિલ સ્મરણ લેવાતણો શો તે !

સ્મરણનો મહાવરો પડતાં સ્મરણમાં દિલ ચોંટ્યું છે,
સ્મરણ એમ કૂદકેભૂસકે બઢ્યા કર્યું છે પછીથી તે,

હરિઃૐ

## મને અચરજ ઘણી વેળા

સ્મરણ સ્મરતાં, સ્મરણ જપતાં સ્મરણને એકધારું તે
-શું લેવાયા કરાયું છે ! કૃપાની મહેરબાની છે.

મને અચરજ ઘણી વેળા **हरि** તારી લીલા પર તે
-ઘણું ઘણું દિલ પ્રગટે છે ! સ્મરણ લેતો કરાવ્યો જે.

જીવનમાં સાવ બુડથલને સ્મરણ લેતો કરાવીને
-ગગનમાં છેક ઉરાડી, ચમત્કાર જ કરેલો છે.

હૃદય જેને કશી મુદ્દલ નહોતી ભાવના તુજ પર,
ચરણ તારે વળાવ્યો, તે ઘણો મોટો ચમત્કાર જ !

હરિઃૐ

## જીવનમાં ક્યાંથી ક્યાં મુજને

સ્મરણ લેતો કરાવીને ચરણમાં તુજ પડાવીને,
જીવનમાં ક્યાંથી ક્યાં મુજને કૃપાથી **તેં** ચગાવ્યો છે !

જીવનમાં શો હતો ! આજે વળી હું કેવો છું , એ તો
-ચરણ તારે ઢળાયાની ખૂબીનું વ્યક્ત લક્ષણ તે.

શરણ જનનું જીવનકેરું નભાવે યોગક્ષેમ જ તું,
અભય વચન **हरि** તારું મને જિવાડતું કેવું !

સદા નિશ્ચિત સંપૂર્ણ જીવન તેથી રહેવાતું,
કઈ રીતનો કશો માનું હૃદય આભાર પછીથી હું !

હરિઃૐ

## જીવનમાં સિદ્ધિ ને રિદ્ધિ

સ્મરણમાં ઓતપ્રોત જ દિલ થવા કેવા ઉમળકાથી
-મથાયું છે જુદી જુદી રીતે મક્કમ સુદૃઢ મુજથી.

સ્મરણથી શું નીપજતું છે, સ્મરણના તે પ્રયોગેથી
-કૃપાથી શી મળેલી છે, જીવનમાં રિદ્ધિ ને સિદ્ધિ !

સ્મરણ હાવાં જીવન મુજને કૃપાથી કલ્પવૃક્ષ જ છે,
સ્મરણથી (તો) કમાવાનું બધું જીવનમાં મળિયું છે.

સ્મરણથી ને સ્મરણમાં મેં જીવનના ધ્યેયને રળવા
-દિવસરાત્રિ જ ગાળ્યાં છે, સતત જોડાઈ ધૂંસરીમાં.

હરિઃૐ

## જીવન જીવવાતણું લક્ષ

જીવન જીવવાતણું લક્ષ સ્મરણ ભક્તિથી લાધ્યું છે,
તપશ્ચર્યા ગહન ભારે જીવન એણે કરાવી છે.

અતિશય ગૂઢ ને સૂક્ષ્મ બીજાં સાધન સૂઝેલાં જે,
કળા, ખૂબી સ્મરણની તે કૃપાથી શાં ફળેલાં છે !

કદીક **આ** શરીર તો કેવું પડી પાછળ ગયેલું છે !
કૃપાથી શક્તિનું બળ ત્યાં અચાનક સ્ફુરી ઊઠ્યું છે.

હૃદય આભારથી કેવું **हरि** પર લળી ગયેલું છે !
યશોગાન **हरि**નું, દિલ ગવાયા તો કરેલું છે.

હરિ:ૐ

## જીવનનું કેવું દારિદ્ર

સ્મરણની સાધના કોઈ સીધી લીટીતણી ના છે,
જબરજસ્ત જ જહેમતનો જીવનનો જંગ કેવો તે !

ગરજને કારણે મુજને અકસ્માત જ મળેલું તે,
ગરજ મટતાં સુધીમાં તો સ્મરણની ટેવ લાધી છે.

સ્મરણની સાધના જુદા જુદા કેવા તબક્કામાં
-થતી ગઈ ને નવો વેશ સ્મરણનો પણ થયો શો ત્યાં !

સ્મરણમાં જ્યાં નિરંતરતા કૃપાથી જામી દિલ ગઈ છે,
જીવનનું કેવું દારિદ્ર ટળી સ્મરણે ગયેલું છે !

હરિઃૐ

## પરંતુ પાછો ધૂની શો

સૂરજ કદી છાબડે કોઈ રીતે ઢંકાઈ ના જાયે
-જીવનની અગ્નિના જેવી તમન્નાનુંય તેવું છે.

હવા જેવો ધૂની ના હું, હવાનું ઠામ ઠેકાણું
-કશું ચોક્કસ નથી હોતું, કૃપાથી મારું ના તેવું.

પરંતુ પાછો ધૂની શો જીવન પાછળ પડેલો જે !
કમાવાની જીવનકેરી હૃદયની ઘેલછા શી તે !

શી ધગધગતી તમન્નાએ મને ચલવ્યા કરેલો છે !
પૂરો તે ઠામ ઠેકાણે જીવનમાં શો પડાવ્યો છે !

હરિઃૐ

## જીવનમાં ત્યાગથી શક્તિ

સ્મરણથી ને સ્મરણમાંથી હું જીવવાનું શીખેલો છું,
સ્મરણના ભાવથી કેવું મળેલું શીખવાનું શું !

જીવનનું સર્વ ગૌરવ જે તરી આવેલ ઉપર તે,
સ્મરણ શક્તિથી તે તે સૌ બધું નીપજેલ છે નિશ્ચે.

સ્મરણ બલિહારીની વાતો નકામી ગાઈ ના મેં તે,
જીવનની વાસ્તવિકતામાં રહીને, દિલથી ગાયું છે.

સ્મરણની ભાવનામાંથી જીવનમાં ત્યાગ શીખ્યો છું,
જીવનમાં ત્યાગથી શક્તિ અને ગુણ વિકસેલાં સૌ.

હરિઃૐ

## બધો ઈતિહાસ જીવનનો

જુદાં જુદાં સ્મરણ પાસાંતણી ભક્તિ થયેલી છે,
થયા કર્યું જે રીતે દિલમાં સ્મરણ, મેં તેમ ગાયું છે.

કશું છાનું ન રાખ્યું છે, કશું અદબદ ન રાખ્યું છે,
નર્યું ખુલ્લું જ સંપૂર્ણ સ્મરણ વર્તન બતાવ્યું છે.

સ્મરણની સાધનાકેરો બધો ઈતિહાસ જીવનનો
-કૃપાથી મેં ચરણ ઢળીને નિખાલસ દિલથી ગાયો શો !

શરીર **આ** છૂટતાં પહેલાં સ્મરણની સાધના જીવને
-થયેલી જે રીતે, તેને જગત આગળ મૂકી મેં છે.

હરિઃૐ

## જીવન મારે બનેલું છે

જરીક તરતાં જહીં ફાવ્યું, પછી તરવાતણો નિત્યે
-થતાં ત્યાં મહાવરો ઝાઝો, બીજા તારા શિખાતા છે.

ઘણું લાંબું મજલ પછીથી સહેલાઈ થકી સહેજે
-તરી કેવું શકાતું છે ! વિના શ્રમ, બહુ સમય સુધીયે.

સ્મરણનું પણ ખરે તેવું જીવન મારે બનેલું છે,
-હવે તો સાવ સ્વાભાવિક થયું છે વાસ્તવિક પણ તે.

ખરેખર ! માત્ર નાનકડું વહેણ કેવું ક્ષુલ્લક જે
-જતાં આગળ, મહાનદના સમું પોતે બનેલું છે.

હરિઃૐ

## જીવન ગૌરવની ગાથા તે

શરીરના રોગને કારણ સ્મરણ સાધન મળેલું જે
-સ્મરણથી સાવ તે ફીટતાં, સ્મરણમાં દિલ લાગ્યું છે.

સ્મરણમાં તે જ કારણથી સ્મરણનો રસ હૃદયમાં તે
-બધે સ્પર્શંતો લાગીને ઊંડો ઊંડે જ પ્રસર્યો છે.

નવાઈની હકીકત કે વળી આશ્ચર્ય અદ્‌ભુત કે
-જીવનમાં ના થવા જેવું નવું સર્જન થયેલું છે.

હવે ગાવા હું મંડ્યો છું, જીવન ગૌરવની ગાથા તે,
સ્મરણની વ્યક્ત શક્તિથી જીવન કેવું ખીલેલું છે !

હરિઃૐ

## સ્મરણ લેવાની દિલમાં મેં

ન યદ્વાતદ્વા દિલમાં તો સ્મરણને મેં લીધેલું છે,
સ્મરણ લેવાની દિલમાં મેં કરેલી યોજના તો છે.

વ્યવસ્થિત ને નિયમસરનું સ્મરણ લીધા કરેલું છે,
કદીક ચૂક આવતાં ભૂખ્યો પૂરેપૂરો રહેલો જે.

કદીય ભૂલચૂક કેમેય થવા મેં તો દીધી ના છે,
સતત દિલ દક્ષતા પૂરી સ્મરણ લેવે શી ધારી છે !

સ્મરણ જીવતું દિલ બનતાં, **હરિ**ની ધારણા હૃદયે
-પરોવાયેલ હોઉં કર્મે છતાં જીવંતી તે રહે છે.

હરિઃૐ

## બનાવ્યો આજ 'મોટો' તે

સ્મરણમાંથી મળ્યું શું શું ? ગણાવું શું અવરજનને
-ન જેને ભક્તિ લાગી છે, ગળે તેને ન ઊતરશે.

ગરીબ **આ** છેક છેલ્લા ને તળિયાના જ માનવને
-**હરિ**ના સ્મરણથી કેવો બનાવ્યો આજ 'મોટો' તે !

ન જેનો ભાવ પુછાતો, ન કોડી કોઈ પણ દેતાં,
અરે ! **આ** તે જ માનવીએ કર્યાં છે કર્મ લાખોનાં.

'બનાવે રંકને રાય', કહેવત સાચી પાડી છે,
સ્મરણની શક્તિ અદ્‌ભુત છે, સમર્થ સ્મરણે બનાવ્યો છે.

હરિઃૐ

## हरिनी ભક્તિથી જીવન

નધણિયાતો હતો, જેનો ધડો વક્કર કશો નહોતો,
સ્મરણની ભક્તિ લાગ્યાથી થયો મશહૂર તે કેવો !

હરફ એક્કેય બોલાતો નહોતો, એવું પ્રાણી જે
-હવે **आजे** તે ગર્જતું શકે બોલી ખુમારીએ.

જગતમાં ચાલી શકતું'તું જરા સરખું ન જેનું કૈં
-હવે તેની ખુમારીનો રુઆબ આજ કેવો છે !


**हरि**ની ભક્તિથી જીવન બન્યું શ્રીમંત સૌ રીતે,
નમસ્કારો કરે કેવા બીજા શ્રીમંત સૌ તેને.

**हरि**ની ભક્તિનો કેવો ચમત્કાર જીવનમાં છે,
જીવંતો તેનો પ્રત્યક્ષ ખરેખર દાખલો શો તે !
**आ** છે.

હરિઃૐ

# ખંડ - ૭

# સ્મરણ લહાવો 'કૃપા'થી તુજ જીવનમાં જે મળ્યો મુજને



કૃપાએ તો જીવન મુજને સ્મરણમાં શો પડાવ્યો છે !
કરેલો કેટલો 'મોટો' **हरि** ઉપકાર તારો તે.

હરિઃૐ

## કૃપાની માત્ર તે મદદે

સ્મરણ બસ દિલ મસ્તીની સ્મરણ રમઝટથી ચાલ્યું છે,
સ્મરણને જીવતું કરવા મહેરામણ ઉછાળ્યો છે.

**हरि**ની ઓથ ને હૂંફે શું કાંટાળા પથે ચાલ્યો !
જરા હિંમત ન હાર્યો છું, સતત મથતો રહેલો શો !

પડ્યો કટકા થઈ, તોયે વળી પાછો જ મેદાને
-કટોકટીના જ સંગ્રામે ચઢ્યો હું ખેલવાને તે.

પ્રયત્ન કેટલો **જીવ** કરી કરીને કરી શકતો ?
કૃપાની માત્ર તે મદદે ટકેલો ને હું ઊભેલો.

હરિ:ૐ

## બલિહારી કૃપા તુજની

સ્મરણ ઔષધની માત્રાને પૂરી ચીવટથી લીધી છે,
ચરી તે અર્થની યોગ્ય પૂરેપૂરી જ પાળી છે.

બલિહારી કૃપા તુજની હૃદયમાં મેં પ્રમાણી છે,
કરેલું કર્મ તેણે જે કયા મુખથી વખાણું તે !

થતો તુજ ભક્ત પર તો તું શું અપરંપાર રાજી શો !
બધી રીતે જીવન તેને નવાજી ત્યારે નાખે છે.

**हरि** તારી કૃપાને તો **हरि** તુજ ભક્ત તે માત્ર
-ખરેખરું તે નિહાળીને શી મહાણે ભક્ત જે માત્ર !

હરિઃૐ

## કૃપા કરવા શું વીનવ્યો છે !

હૃદય **તેં** આંચકા પ્રેરી, બહુ રીતે **હરિ** મુજને,
ભલે ના જાણીતો પથ છે, છતાં **તેં** પંથ ચલવ્યો છે.

જીવન પથમાં બહુ વેળા ભૂલો હું તો પડેલો જે,
છતાં શી રીતથી મુજથી સીધે રાહે વળાયું છે !

ઈશારો કોઈક વેળા તું બતાવે સૂક્ષ્મ રીતિએ,
કદી કેવો શું અફળાવા મને દે ભીંત સામેય !

બહુ વેળા કુટાયો છું, શું અફળાયા કરાયું છે !
હૃદય ત્યાં પ્રાર્થીને તુજને કૃપા કરવા શું વીનવ્યો છે !

હરિઃૐ

# કૃપા પુરુષાર્થનો યજ્ઞ

**हरि, हरि** બસ **हरि, हरि** દિલ **हरि** ભજવાની લગની જે
-કૃપાથી લાગી જીવનમાં, જીવનની લક્ષ્મી શક્તિ તે.

બહુ વેળા મથી મથીને તળે ઉપર થવાયું છે,
રહ્યો કોરો અને કોરો, સ્મર્યાં ત્યાંયે કરાયું છે.

વળી કોઈક વેળા તો મથાયું ના કશું પણ છે,
છતાં રળતર રળાયું છે, ન કારણ તેનું જાણ્યું છે.

કૃપા પુરુષાર્થનો યજ્ઞ જીવન મંડાયેલો જે છે,
બધા તેના રૂડા રૂડા પ્રતાપ જ ભવ્ય સુંદર તે !

હરિઃૐ

## કૃપાથી તેં કરામતથી

**હરિ**નું સ્મરણ લેવાને કૃપાથી **તેં** કરામતથી
-હબસીનો કાન ડાબો તો મને પકડાવી દીધો છે.

નહિતર સાવ બોથડ **આ**, નરી મૂર્ખામીની વિશે
-સીમા જેની કશી ના છે, કૃપા તે પર કીધી શી છે !

શરીરનો ફેફરું રોગ ફિટાવાની ગરજ હૃદયે
-કળાથી સૂક્ષ્મ શી **તેં** તો મને દિલમાં જગાડી છે !

હૃદય એને લીધે ગરજે સ્મરણ લેવાયું તારું છે,
સ્મરણ લેતાં, પછીથી તો વહેલો ભાવ દિલ શો તે !

હરિ:ૐ

## કૃપાએ મહાવરો હૃદયે

સ્મરણ જીવતું થતાં, એની અનોખી મસ્ત દુનિયા જે
-બીજા સંસારીને એની ન પડવાની સમજ દિલ તે.

સ્મરણ જે દિલ બહેલાવે, સ્મરણ જે રંગ ફેલાવે,
સ્મરણનો પાસ લાગે જે, બીજાને શી ગતાગમ તે ?

સ્મરણ અભ્યાસ જેને છે, સ્મરણમાં રસ હૃદય જેને,
સ્મરણની ભક્તિ જેને છે, સ્મરણ તેને રસાયણ છે.

પ્રયોગોથી કરીને સૌ કૃપાએ મહાવરો હૃદયે
-સ્મરણનો જે પડાવ્યો છે, પ્રભાવ જ સર્વ તેનો છે.

હરિઃૐ

## કૃપાની શક્તિના બળથી

કટીબદ્ધ થઈ સજ્જ પૂરેપૂરો બધી રીતે
-સતત પરિશ્રમતણા તપથી ઊભો છું મસ્ત મેદાને.

જિતાવા યુદ્ધ સંપૂર્ણ જરૂરની દક્ષતા યોગ્ય
-જીવન ધારણ કરાવી છે, સધાયો શો કૃપા યોગ !

થવાયું નાસીપાસ જ શું કદીક સંગ્રામમાં મુજથી !
છતાં પીઠ ના બતાવાઈ કૃપાની શક્તિના બળથી.

જિતાયું જો કશી તેમાં ન મારી હોશિયારી છે,
મહાસંગ્રામમાં ભારે **હરિ**બળથી ટકાયું છે.

હરિઃૐ

## કૃપા બળથી થયેલી છે

સ્મરણની પણ તપશ્ચર્યા કૃપાબળથી થયેલી છે,
તકેદારી શી સંપૂર્ણ થવા, દિલ સૂઝ મળેલી છે.

મથામણ તે છતાં કેવી જીવનમાં તો પડેલી છે,
ગગડી હિંમત જતી લાગે કટોકટીની પળે તે તે.

કશું ના ચાલતાં, સહેજે કશી ફાવટ ન આવી છે,
કશા ગજ નાખતાં પણ જ્યાં ફવાતું ના જરા પણ છે.

હૃદયની પ્રાર્થનાકેરો લઈ આશ્રય ઊંડો ત્યારે,
કરંતાં કાકલૂદી દિલ શી હૈયાસૂઝ ફોરી છે !

હરિઃૐ

# કૃપા એ તો હરિની કે

શિખર ચઢતાં, વિસામાઓ અનેકે આવતા વચ્ચે,
મને લલચાવીને કેવા કરે બેસાડવા પંથે !

પગે લાગેલ જે થાક ખરેખર તેય શો મુજને
-પલાળીને, કંઈક લેવા પથે વિશ્રામ, લલચાવે !

પરંતુ દિલ તલસતો ને તલપતો ભવ્ય નિર્ણય જે
-ઠરીને ઠામ તે મુજને કશે ના બેસવા દે છે.

કૃપા એ તો **હરિ**ની કે લપસવા ના દઈ મુજને,
જીવન આરે લગાડીને ચરણમાં સ્થાન દીધું છે.

હરિ:ૐ

# સ્મરણ લહાવો કૃપાથી તુજ

સહેલો હલાવવો પર્વત, પરંતુ ચલાવવાનું જે
-જીવનને યોગ્ય રીતિમાં મહામુશ્કેલ ભારે તે.

ગિરિ હલાવી મૂકવાના સમી મહેનત જીવન ઘડવા
-કૃપાથી તો થયેલી છે, બધા તે દિન જીવન સુખના,

તપશ્ચર્યાથી જીવનમાં મળેલી શક્તિ જે દિલ છે,
જીવન વિકસાવવા કેવી મને ઉપયોગ આવી છે.

સ્મરણ લહાવો કૃપાથી તુજ, જીવનમાં જે મળ્યો મુજને,
જીવન જીવવાતણો લહાવો હવે તેથી મળેલો છે.

હરિઃૐ

## કૃપાએ તો જીવન મુજને

સ્મરણમાં ને સ્મરણથી દિલ ભરેલું પૂર્ણ રાખીને
-જીવન બહેલાવવાને શા પ્રયત્નો દિલ થયેલા છે !

સતત અભ્યાસ ચાલુ તે હૃદય ધાર્યા જ કરવાને,
કડીતોડ જ પરિશ્રમ શો ઉમળકાએ કરેલો છે !

સ્મરણથી પ્રેમનો ભાવ હૃદયમાં કેળવાયો જે,
પરોવાઈ જવા **હરિ**માં પૂરો ઉપયોગી નીવડ્યો છે.

કૃપાએ તો જીવન મુજને સ્મરણમાં તો પડાવ્યો છે,
કરેલો કેટલો મોટો **હરિ** ઉપકાર તારો તે.

હરિઃૐ

# કૃપાની કેવી બક્ષિસ તે

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં સ્મરણ લીધા જ કરવું તે
-સતત કેવું બનેલું છે ! કૃપાની કેવી બક્ષિસ તે !

સ્મરણથી કેવું જીવન **આ** ઊલટપાલટ થયેલું છે !
સ્મરણ હળથી બધું જીવન પૂરું ખેડાઈ ચૂકેલું છે.

**હરિ**નાં બી જમીન જીવનમહીં વવાઈ ગયેલાં છે,
કૃપા વર્ષા થતાં બી સૌ જીવનમાં ઊગી નીકળ્યાં છે.

થઈ શી ક્રાંતિ સંપૂર્ણ જીવન પલટાઈ સમૂળું તે,
હવે હરિયાળું જીવન **આ** સુશોભિત ભવ્ય લાગે છે !

હરિઃૐ

# કૃપાની મહેરબાનીથી

સ્મરણની ભક્તિએ મુજને જીવન વિકાસનાં કર્મે
-સતત જોડાવી, પ્રેરાવી, તહીં એકાગ્ર કીધો છે.

સતત શી એકની એક મથામણની વિશે દિલને
-પરોવાવી રખાવીને તહીં કેંદ્રિત કરાવ્યું છે.

નિરંતર દિલથી જેને હૃદય શોધ્યા કરે છે જે,
**हरि** તેને કૃપા કરીને, જરૂર તે મેળવી દે છે.

**हरि** પરના ભરોંસાથી ચરણમાં ઝંપલાવ્યું છે,
કૃપાની મહેરબાનીથી બધાં પોબાર પાસાં છે.

હરિઃૐ

# કૃપા એને હૃદય ધારી

શું ઝંઝાવાત કેવાયે ભયંકર પંથ આવ્યા છે !
**હરિ**ના સ્મરણના ભાવે કૃપાથી ત્યાં ટકાયું છે.

તુમુલ સંગ્રામ જામેલો, કદીક તૂટી પડેલો છું,
છતાં પડતાં જતાં, કેવું શહૂર ઓચિંતું ફૂટ્યું છે !

કૃપા એને હૃદય ધારી હૃદયથી પ્રાર્થના થઈ છે,
ભરી ભરી દિલ **હરિ**નો ત્યાં ઊંડો આભાર માન્યો છે.

'**હરિ**ના જે થવા જાય **હરિ** તેને મદદ દે છે',
કંઈક વેળા મને તેવા અનુભવ દિલ થયેલા છે.

હરિઃૐ

## કૃપાથી ત્યાં જગાયું છે.

ખૂણાની કંદરામાં કોઈ ભરાઈ હું પડેલો જે,
ભૂમિકા એવીમાં શાંતિ શી અપરંપાર મનમાં છે !

નીકળવાનું પછી ક્યાંથી તહીંથી થાય શી રીતે !
ગરક તે શાંતિમાં કેવો હું સંપૂર્ણ જ થયેલો જે.

છતાં ત્યાં સાક્ષી ભાવની તો હતી ઊણપ પૂરેપૂરી,
દીવા જેવું જ તે સત્ય નજર નહોતું ચઢ્યું મારી.

ખબર જ્યારે પડી એની, કૃપાથી ત્યાં જગાયું છે,
કૂદીને વાડ નીકળ્યો છું, કૃપાથી બહાર ત્યાંથીયે.

હરિઃૐ

# કૃપાથી તે સમર્થ છે

જીવન પ્રત્યક્ષ **હરિ**મય તે અનુભવવા લગન હૃદયે
-ઊંડી ઉત્કટ ખરી લાગી, મને જેણે મથાવ્યો છે.

મથાવીને, મથાવીને, હૃદય નવનીત તારવવા
-કૃપાથી બુદ્ધિ સુઝાડી, હૃદય પ્રેરાવી ભક્તિમાં.

સ્મરણ સાધન મળેલું જે, ખૂંપી જઈ તે વિશે ઊંડે
-મળ્યાં સાધન બીજાં તેથી, કૃપાથી સૌ ફળાવ્યાં છે.

હૃદયની ભાવના ઉત્કટ થકી સાધન થતું કંઈ જે,
ફળાવી હેતુ શકવાને કૃપાથી તે સમર્થ છે.

હરિ:ૐ

## કૃપાથી તો મળેલું છે

‘જીવનમાં સાવ અધકચરા અને અધવચલા યત્નોએ
-લીધેલું કર્મ સંપૂર્ણ પરિપૂર્ણ થતું ના તે.’

જીવનમાં ‘એ’ મને શીખવા કૃપાથી તો મળેલું છે,
સ્મરણમાં ઝંપલાવીને સ્મરણને અદકું કીધું છે.

સ્મરણમાં દિલ લગાતાર થઈને મસ્ત ડોલે છે,
સ્મરણનોયે હૃદયમાંનો શું આનંદ અનેરો છે !

નિસરણીનાં સ્મરણ પગલાં ધીરે ધીરે ચઢી ઊંચે,
‘હું’ અંતઃપુર પ્રવેશીને તહીં ગાદી બિછાવી છે.

હરિ:ૐ

# કૃપા એ તો હરિ તારી

શું શ્વાસોશ્વાસ જીવનનો **હરિ** હોવા છતાં પણ તે,
**હરિ** એવાને હું ભૂલી ગયો સંપૂર્ણ કેવોયે !

પરંતુ એ **હરિ** મારે કરુણાળુ અપાર જે છે,
શરીરને રોગ પ્રેરાવી, સ્મરણ તુજ લેવરાવ્યું છે.

કરામત તારી એવીની ખબર નહોતી કશી મુજને,
કૃપા એ તો **હરિ** તારી, સ્મરણ તારું ભજાવ્યું છે !

સ્મરણ નોબત શી ગડગડી છે, હૃદય આકાશમાં ઊંડે
-હૃદયની કંદરામાં તે દુંદુભિ નાદ ગાજે છે.

હરિઃૐ

## કૃપા ત્યાં યાચી હરિની છે

સ્મરણ લેતાં, સ્મરણ ભજતાં, સ્મરણમાં લક્ષ પ્રોયું છે,
પરોવાયાથી ત્યાં લક્ષ થતું એકાગ્ર સૌ રહે છે.

વિના યત્ને બધાંનોયે થતો સુમેળ દિલ રહે છે,
બધાં કરણોતણો શો ત્યાં ઊગે છે મેળ ભાવે તે !

છતાં કોઈ કરણ પાછું અવળચંડું હજી પણ રહે,
મનાવ્યું તે ન માને છે, કૃપા ત્યાં યાચી **હરિ**ની છે.

હૃદયની સભાનતા ત્યારે કરણ તેવા પરે કેંદ્રિત
-રખાયા શી કરાઈ છે ! કૃપાનો તે ચમત્કાર.

હરિઃૐ

## કૃપા એ તો હરિની કે

સ્મરણનો મસ્ત આનંદ હૃદયમાં કેવો ઊઠે છે !
કદીક રોમાંચ શા થાય ! ઉછાળો હર્ષ મારે છે.

સ્મરણથી દિલ જીવનમાં તો શું અંતર્મુખ થવાયું છે !
બહિર્મુખીપણું ઘટીને હૃદય અંદર વળેલું છે.

શરૂ શરૂમાં જીવનનો **આ** થયેલો ફેરફાર જે તે,
કશો નાનોસૂનો ના તે, જીવન પલટાયું તેથી છે.

કૃપા એ તો **હરિ**ની કે સ્મરણ લેવાનું તે મુજને
-હૃદય શિખવાડીને કેવો મહદ ઉપકાર કીધો છે.

હરિઃૐ

# કૃપાથી તે છતાં તેમાં

સ્મરણ જીવનનો ધંધો છે, ભજન મૂડી જીવનની છે,
નિવેદન ને સમર્પણ તે ઉપાર્જન શું જીવનનું છે !

નયન સન્મુખ, હૃદય સન્મુખ, જીવનનું ધ્યેય ધારીને,
સતત તેમાં પરોવાને મનાદિને, મથેલો જે.

પુરુષાર્થ પ્રચંડ જ શો કૃપાથી તો થયેલો જે,
રૂડાં વાનાં થયાં એથી, જીવન કૃતાર્થ બનિયું છે.

હિમાલય શાં સમાં વિઘ્નો પથે મુશ્કેલ આવ્યાં છે,
કૃપાથી તે છતાં તેમાં થકી નીકળી જવાયું છે.

હરિઃૐ

# કૃપા પ્રત્યક્ષ જીવંતી

શરીરનાં દર્દ પણ કેવાં હઠીલાં ને રસીલાં છે,
રસીલાં એટલા માટે **हरि**ની સાબિતી દે તે.

શરીરનાં દર્દ પ્રત્યક્ષ જણાઈ તે શકાયે છે,
શી તેની વેદના તીવ્ર થતી ભારે રહે છે તે.

શરીરના **जीव**ની પણ ત્યાં સહન કરવાની મર્યાદા,
**हरि**નો ભાવ જીરવાવે ટકાવે વેદનામાં ત્યાં.

ભજનના ભાવમાં જીવતાં ભજન સેવા થયેલી છે !
કૃપા પ્રત્યક્ષ જીવંતી પ્રવર્તંતી **हरि**ની છે.

હરિઃૐ

# बलिहारी कृपानी ते

સ્મરણની ભક્તિ દિલ લાગી, સ્મરણની ભૂરકી સ્પર્શી છે,
અને તે ભૂરકીએ કેવો જીવન બળવાન કીધો છે.

ન જેને કોઈ પૂછતું 'તું હવે ભાવ જ પુછાતો શો !
સલામો સર્વને ભરતો, ભરે તેને સલામો સૌ.

અશક્ય જ લાગતાં કર્મો, કૃપાથી તે થયેલાં છે,
બનાવીને સફળ, કેવી પ્રતિષ્ઠા **तें** વધારી છે.

હતો છેલ્લા જ થરનો જે હવે તેને ચઢાવ્યો છે
-ઊંચી શી પાયરી પર **तें** ! **बलिहारी कृपानी ते.**

હરિઃૐ

## કૃપાબળથી ભિડાવ્યા છે

જીવનમાં શત્રુએ કેવું કર્યું તોફાન ભીંસવાને
-પરંતુ દિલ સ્મરણ શક્તિ થકી શી હામ ફોરી છે !

ગયા શત્રુ મને ભીડવા ખરો ત્યાં લાગ જોઈને,
**હરિ**ની ભક્તિએ મુજને તહીં ચેતાવી દીધો છે.

સ્મરણની ભક્તિથી બળ શું અનંતાનંત વ્યાપીને
-બધાએ શત્રુને કેવા કૃપાબળથી ભિડાવ્યા છે.

**હરિ**ની ભક્તિની શક્તિ કશાથી તે ન હારે છે,
'છતાં **હરિ**થી થતું કંઈ જે બધું મુજ છે હિતાર્થે તે.'

હૃદય નિર્ધાર દૃઢ મક્કમ ગયો બેસી જ એવો તે,
બધોએ દોરીસંચાર થતો **હરિ**નાથી શો તે છે !

હરિઃૐ

## કૃપાની તે કરામત છે

સ્મરણનો રાહ પકડાવ્યો અજબ રીતથી મને કેવો !
જીવનની શી ગલીકૂંચીઓ મહીંથી **તેં** વળાવ્યો છે !

નિરંતરની હૃદય સોબત જીવનમાં જે વિશેની છે,
અસર તેની પડ્યા વિના નથી રહેતી જીવનમાં તે.


સ્મરણનું પણ થયું તેવું સ્મરણ છલકાતું ચાલ્યું છે,
સ્મરણમાંથી જીવનનું તે હૃદય તારતમ્ય જાણ્યું છે.

પછીથી તો જીવનનાં તે રહસ્ય પામવા કાજે
પડી પાછળ મથાયું જે, કૃપાની તે કરામત છે.

હરિઃૐ

# ખંડ - ૮

# 'હરિની સભાનતા' હૃદયે સ્મરણ અભ્યાસથી શી તે !



'**હરિ** શો મુજ સાથે છે', જીવનમાં ખાતરી એણે
-ટકોરાબંધ નક્કરતા થકી કેવી કરાવી છે !

હરિઃૐ

## સ્મરણ હરિનું જ ચાલ્યું છે

સ્મરણમાં ને સ્મરણમાં દિલ સતત રમતું જ ટકવાને,
-હૃદયની ધ્યેય લગનીએ શો ભાગ ભજવ્યો છે !

જીવનમાં કંઈક મુશ્કેલી વિપત, દુઃખ, વિઘ્ન આવ્યાં છે,
છતાં તેવા સમયમાં પણ સ્મરણ **હરિ**નું જ ચાલ્યું છે.

ગમે તેવા પ્રસંગો હો ભલેને આકરા, અઘરા,
ગૂંચાવાયું ભલે ત્યાં હો, છતાં સ્મરવું કર્યું ચાલ્યા.

સ્મરણ 'જીવનની શક્તિને છતી સંપૂર્ણ કરવાને',
-સમર્થ યોગ્યતાવાળું, મને સાચું જણાયું છે.

હરિઃૐ

## हरिનો ભાવ ચેતંતો

સ્મરણથી આપ પોતાને હૃદય આપે જગાડ્યા છે,
સ્મરણથી ભાન પોતાનું બધી રીતનું જ જાગ્યું છે.

સ્મરણ અભ્યાસથી **हरि**ની પરત્વે દિલ ઢળેલું છે,
**हरि**ની સભાનતા ઉત્કટ હૃદય ઊંડી જલાવી છે.

**हरि**ની સભાનતાએ શો હૃદય ઊંડે, ઊંડું ઊંડે,
ઊંડે અંતર, હજી ઊંડે મને દિલ ઊતરાવ્યો છે.

જતાં એમ અંતરે ઊંડે બધું જ્યાં **एक** લાગે છે,
**हरि**નો ભાવ ચેતંતો ઉછાળો મારતો રહે તે.

હરિઃૐ

## **હરિ**માં જીવવાનો શો

સ્મરણની દિલચસ્પીની ખબર દિલને પડેલી છે,
સ્મરણનો જે હૃદય સ્વાદ અનુભવવા મળેલો છે.

હઠીલાં દર્દ ને રોગ શરીરને વેદનાપ્રેરક,
ઘડી પળ એક બાકી ના, થતું ના દર્દ જે વેળ.

નભવવું તે સમે હૃદયે મનાદિને **હરિ**માં જે
-કશો તે ખ્યાલ સંસારી સમર્થ છે ન ધરવાને.

**હરિ**ને નિત્ય સ્મરી સ્મરીને **હરિ**માં **જીવ** લગાડીને,
**હરિ**માં જીવવાનો શો હૃદયથી યજ્ઞ માંડ્યો છે !

હરિઃૐ

## હરિનો ભાવ જીવતો છે

સ્મરણથી ને સ્મરણમાંથી સ્મરણ ઝડીઓ પ્રવર્તી છે,
પડેલાં દ્વાર જે બંધ જ સ્મરણથી ઊઘડેલાં છે.

પછી કેવી સ્મરણ મસ્તી હૃદયમાં ફૂટી નીકળી છે !
થતી અડચણ વિશે પણ ના સ્મરણ મસ્તી પીગળતી છે.

સ્મરણની તે ધગશ દિલની શું તેજસ્વિત થયા કરીને,
સ્મરણના ઊર્ધ્વ પાસામાં પરિણમતી શી લાગે છે !

સ્મરણ જે તે ભૂમિકાનું, સ્મરણ તે શબ્દનું ના છે,
સ્મરણની ધારણામાં તો **હરિ**નો ભાવ જીવતો છે.

હરિઃૐ

## **હરિ**ના બળ પરે માત્ર

હઠીલાં રોગ ને દર્દતણી જે વેદના ઊઠે,
ભલભલાના બધા છક્કા ઉરાડી દે, પીડા શી તે !

બધા તેવાય પડકારો કૃપાથી ઝીલી લીધા છે,
હું કરવા સામનો તેનો કૃપાથી છું ખડો શો તે !

**હરિ**ના બળ પરે માત્ર હવે તો જીવવાનું છે,
રહ્યો જિવાડી **હરિ** મુજને, જિવાવું બાકી મુશ્કિલ છે.

**હરિ**એ સાથ આપ્યો છે, **હરિ**સોબત મળેલી છે,
હું લલકારી ભજન **હરિ**નું રહું શો મોજ આનંદે !

હરિઃૐ

# हरि જીવનમાં દઈ ધપ્પો

કંઈ જીવનની આધ્યાત્મિક પડી નહોતી હૃદય મુજને,
પરંતુ હબસીનો ડાબો મને પકડાવ્યો કાન જ **તેં**.

કરાવી લે જીવન કર્મ કઈ રીતથી **हरि** તુજ તે,
અવર કોઈને ન છે તેની ગતાગમ કોઈ રીતિએ.

મને એવી રીતે **તેં** તો સ્મરણ પંથે ચઢાવીને,
**हरि** જીવનમાં દઈ ધપ્પો મને ધક્કેલી દીધો છે.

કરામત ને કળા તારી ન જાણ્યામાં જ આવે છે,
છતાં **તેં** બુદ્ધિ આપી છે, સૂઝ્યું તેવું મથેલો જે.

હરિઃૐ

## મળ્યો મોકો, કૃપા તુજ તે

અનેકે રીતની ગરબડ જીવનમાં તો થયેલી છે,
જીવનમાં ખાઈ લાતો હું શીખેલો છું કૃપાથી તે.

ભલે લાતો પડી, તેમાં થકી શીખવાનું પામ્યો તે
-નરી આશ્ચર્યની હકીકત જીવન મારે **हरि** શી જે !

જગતમાં કેટલાંનેયે પડી લાતો, છતાં તેવા
-રહી કોરા જ શા નરદમ ! કૃપા શી કે ભીંજાયો ત્યાં !

સ્મરણમાં ને સ્મરણના તે સતત અભ્યાસથી હૃદયે,
જીવનને ઝંપલાવાનો મળ્યો મોકો, કૃપા તુજ તે.

હરિઃૐ

## हरि તુજ સોડ લીધો છે

હતો જે આંધળો પૂરો, કર્યો છે દેખતો તેને,
કઈ રીતે **हरि तें** તો, ન જાણ્યું કંઈ હું તે વિશે.

સ્મરણ **तें** લેવરાવ્યું છે, સ્મરણને **तें** ચલાવ્યું છે,
સ્મરણને ચેતનાત્મક **तें** કૃપા કરીને બનાવ્યું છે.

સ્મરણથી ભક્તિ જ્યાં લાગી જીવનમાં આઠ પહોરે તે,
થયો તે વેળનો આંખે પૂરો હું દેખતો શો તે !

**हरि** હું ધન્યભાગી કે જીવનમાં હાથ પકડીને
-મને **तें** સાથ આપીને, **हरि** તુજ સોડ લીધો છે.

હરિઃૐ

## हरिની ભક્તિ ચિંતવનમાં

હૃદયની અંતર્મુખતાને એક જ વિષય પ્રત્યે
-પૂરેપૂરું જ ચોંટેલું રહે એકધારું લક્ષ જ તે.

પછીથી શી મજા હૃદયે **हरि**ની ભક્તિ ચિંતવનમાં
-ઊંડે ઊંડી ઊતરી કેવી ! સહૃદયતા મસ્ત શી છે ત્યાં !

**हरि**ની યાદમાં વહાલ હૃદય ઊછળતું, ઊભરાતું,
વળી છલકાતું વહી દિલને કરે મદમસ્ત તે કેવું !

જીવનમાં તો હવે બસ છે, **हरि, हरि** ને **हरि, हरि** છે,
**हरि**માં દિલ ચોંટેલું, વળી, વળી ત્યાં જ ઠરવું તે.

હરિઃૐ

## हरिરસ કેવો જીવનમાં

હવે અતડું રહ્યો તારે કહેને, કેમ પાલવશે ?
હૃદયની ગોઠડી કારણ, ચઢેલી રીસ તુજ પર છે.

પરંતુ એક ઘડી પળ તે થવાતું અળગું તુજથી ના,
તને નીરખ્યા વિના હૃદયે જરા જંપાતું દિલથી ના.

કંઈક ને કંઈક શાં ગેલ **हरि** તુજ સાથ કરવાને !
હૃદય એવી રમતમાં ને રમતમાં કેવું મહાલે તે !

**हरि**રસ કેવો જીવનમાં મળ્યો હો એકવાર જ તે,
પછી તેમાંથી ફરવાનું કદી પાછું ન શક્ય જ છે.

હરિ:ૐ

# हरि તુજ ભક્તિના ભાવે

**हरि** તુજ ઉપકારોને શકું વાળી કઈ રીતે ?
**हरि** તુજ ઉપકારોનો કશો ના પાર ક્યાંયે છે.

સતત ઉપકાર તારો તો ચઢ્યા કરતો જ મુજ પર છે,
**हरि** તુજ ભક્તિના ભાવે હૃદય ખેંચાયેલું રહે છે.

હૃદય આભારથી મુગ્ધ થયું છે વારી વારી જે
-તને સંભારી સંભારી શું આકર્ષાઈ ગયેલું છે !

હવે તારા વિના દિલને ન પાલવતું જરા પણ છે,
જીવન સઘળું **हरि** તારા પરે તે ખાસ નભતું છે.

હરિઃૐ

# हरिनुं અવતરણ નિજથી

સ્મરણની લગની લાગંતાં, સ્મરણમાં ભાવ ફૂટ્યો છે,
સ્મરણથી શો **हरि** પરનો જીવન વિશ્વાસ જીવતો છે.

હૃદય પ્રેમ વછૂટ્યો છે, **हरि** પર ધોધની પેઠે,
**हरि**માં ઓતપ્રોત જ શું હૃદય તેથી થવાયું છે !

**हरि**ની ભાવગંગાનું જીવનના કેંદ્રબિંદુથી
-થયા કરતું સહજમેળે **हरि**નું અવતરણ નિજથી.

કહીંક વચ્ચે પહાડો પણ ઊભા, તેનેય તોડીને
-**हरि**ના ભાવનો વેગ જવા આગળ મથે શો તે !

હરિઃૐ

## હરિની સભાનતા હૃદયે

સ્મરણની માત્ર દુનિયા છે, સ્મરણનું બસ જીવન તે છે,
સ્મરણમાં જીવવાનું છે, જીવનનો ધ્રુવતારો છે.

**હરિ**ની સભાનતા હૃદયે સ્મરણ અભ્યાસથી શી તે
-જીવન ઊગી ગયેલીથી ધગશ દિલમાં શી ઊલટી છે !

હૃદય તત્પરતા ને તીવ્ર શી તાલાવેલી લાગી છે
-જીવનના ધ્યેયમાં મુજને ! પડાપડી ત્યાં હૃદયની છે.

જીવનનું ધ્યેય અનુભવવા હૃદય ઊડી રહેલું છે,
નર્યું દિલ થનગની કેવું ! નસેનસ તંગ મસ્તી છે.

હરિઃૐ

# हरि તારા નયનકેરા

**हरि** તારા નયનકેરા ઈશારા માત્રાથી મુજને
-હૃદય આકર્ષી લઈને **તેં** કૃપાથી મુગ્ધ કીધો છે.

મનોહર કેવો આકર્ષક પ્રીતિકર ને કળાત્મક છે !
**हरि** તે તુજ લહેકાએ કરી દીધું હૃદય વશ છે.

નયનનું માત્ર લટકું તો જવાને મોહી તુજ પર તે
-ખરેખર પૂરતું બસ છે, અનુભવથી પિછાણ્યું છે.

સકળ બ્રહ્માંડને એવાં નયન લટકાંથી **તેં** કેવું
-સચેતન મોહમાં પાડી પૂરું **તેં** લુબ્ધ કીધું શું !

* તા. ૧૦-૬-૧૯૭૨, તા. ૧૧-૬-૧૯૭૨, અમદાવાદ

હરિઃૐ

# તહીં પ્રત્યક્ષ તું સાથે

જુદી જુદી ભૂમિકામાં જીવનસંગ્રામ મળિયા છે,
વળી કેવાં જુદાં જુદાં ! અલગ પાછાં સ્વરૂપ શાં તે !

ન કોઈ જાતનું તેનું હૃદય શિક્ષણ મળેલું છે,
છતાં કેવું સ્મરણમાંથી હૃદય પ્રાપ્ત થયેલું તે !

કુશળ વિદ્યાતણી માગ પડેલી જે પળે મુજને
-કૃપાથી જાગી ઓચિંતી મદદ એની મળેલી છે.

બધાયે પેંતરા, દાવ કયા લેવા હૃદય તેની
-ખરાખરીના પ્રસંગે ત્યાં હૃદય સૂઝ પડાવેલી.

કટોકટીની ખરી પળ શી જબર ખેલાતાં તે યુદ્ધે
-જહીં આવી જ પહોંચેલી તહીં પ્રત્યક્ષ **તું** સાથે !

હરિઃૐ

## हरि શો મુજ સાથે છે

ગગનમાં એક પણ તારો કશે દેખાતો જ્યાં ના છે,
નિરાશા તેવી જીવનમાં ગઈ વ્યાપી ખરેખર તે.

છતાં શ્રદ્ધારૂપી દીવો જીવનના કોઈક ખૂણામાં
-સળગતો જે હતો, તેણે બચાવી શો લીધો પળમાં !

ખરી પળ તે જ જીવનની ઉગાર્યું જેણે જીવનને,
**हरि**ની સહાયની કેવી ખરી પ્રત્યક્ષ પળ છે તે !

**हरि** શો મુજ સાથે છે, જીવનમાં ખાતરી એણે
-ટકોરાબંધ નક્કરતા થકી કેવી કરાવી છે !

હરિઃૐ

# હરિનાં ચરણમાં અમને

શિખર ચઢતાં જીવનનાં તે ઘણું હાંફી જવાયું છે,
રગેરગ થાક વ્યાપ્યો છે, તહીં બેસી જવાયું છે.

વળી પાછો કૃપાથી શો મને બેઠો કરાવીને
-સતત ચઢવાતણા યજ્ઞે સમર્પી શો દીધેલો છે !

જીવનના યજ્ઞ હુતાશન વિશે કેવો જલી જલીને
-થવાતું ભસ્મ, તે ભસ્મ જીવન શણગાર મારો છે.

**હરિ** સંતોષવા અર્થે જીવન **આ** ટૂંકું પડતું છે,
**હરિ**નાં ચરણમાં અમને જીવન કૃતાર્થ લાગે છે.

હરિઃૐ

# ખપે છે ના હરિને તે

વગર વાંચ્યે હૃદય પાટી ઉકેલી જે શકાતી છે,
જીવનની ગૂંચ તેથી તો નડતી અધવચ જણાતી છે.

કૃપાથી તે જીવન ગૂંચો ઉકેલાતી શી આવી છે !
ભલે શી આવડતની એ બધી હોશિયારી ફોકટ તે.

છતાં ઉપયોગ તે સૌનો કર્યા કરીને જીવન લાભ
-કમાવાને કશું કાંઈ ન છોડી દીધું છે ક્યાંય.

બધું જે તે કર્યા કરતાં રીતે ઉત્તમમાં ઉત્તમ તે,
અયોગ્ય ને અધૂરું તો ખપે છે ના **હરિ**ને તે.

હરિઃૐ

## हरिना સ્મરણના બળનું

સ્મરણમાંથી જીવન મુજ સૌ મહેકતું તો થયેલું છે,
સ્મરણથી કેવો બડભાગી જીવનમાં હું થયેલો જે.

સ્મરણથી બાદશાહીની મળી શી બાદશાહી તે !
હું કરોડાધિપતિથીયે છું તાલેવંત દિલથી જે.

જીવનમાં ભાંગવા ભીડને **हरि** મેં ના ભજેલા છે,
જીવનમાં ભીડ વેળાએ છતી મર્દાનગી થઈ છે.

**हरि**ના સ્મરણના બળનું જીવનમાં ભાન જાગ્યું છે,
જીવનમાં શો સૂરજ ઊગ્યો ! સ્મરણથી હું જીવેલો જે.

હરિઃૐ

# હરિની શક્તિ જીવતી છે

સ્મરણની સાધનામાંથી **હરિ** આશ્રય મળેલો છે,
**હરિ** આશ્રય કદી કાળ કદી નિષ્ફળ જતો ના છે.

જીવનમાં કેટલી વાર નિરાશાએ શું ઘેર્યો છે !
હૃદયના આર્તપોકારે **હરિ** ત્યાં દોડી આવ્યો છે.

પથે મુશ્કેલી કંઈ નડતાં, **હરિ**ને યાદ કીધો છે,
હૃદયમાં પ્રેરણા મુજને ઉકેલાવા મળેલી છે.

શું લક્ષ્મી જેમ પ્રત્યક્ષ **હરિ**ની શક્તિ જીવતી છે,
મને **એણે** જિવાડીને, સુરક્ષા પણ કરેલી છે.

હરિ:ૐ

## હરિની સાથ દિલ કેવો

સ્મરણમાં દિલ લાગ્યાથી જીવન આદર્શ ખીલ્યો છે,
ક્ષિતિજની જેમ તો ધ્યેય જતાં પાસે, શું બદલાયે !

સ્મરણથી ભક્તિની દિલમાં સચેતન જ્યોત પ્રગટી છે,
હૃદય સંબંધ **હરિ** સાથે જીવંતો કેળવાયો છે.

**હરિ**ની સાથ દિલ કેવો, હૃદય સંબંધ અંગત છે,
**હરિ** પર મદાર મુજ પૂર્ણ, છતાં લાચાર ના સહેજે.

સ્વતંત્રતાની બક્ષિસ **હરિ**એ દીધી મુજને છે,
હૃદય મીટ તે છતાં **હરિ**નાં ચરણકમળે સતત મુજ છે.

હરિ:ૐ

# વ્યસન હરિપદનું લાગ્યું છે

સ્મરણ લીધા જવાયાથી **હરિ**નાં તે ચરણકમળે
-શરણે ઢળવાતણી બુદ્ધિ કૃપાથી દિલ ઊગી છે.

સ્મરણ અભ્યાસ પડવાથી હૃદય સ્ફુરવા જ લાગ્યો છે
-ઊંડો જે ભાવ, તેનાથી ઊગતી શરણાગતિ થઈ છે.

હૃદય તેમ તેમ કેવાંયે અપાર શક્તિ બળ મુજને
-પ્રગટતાં શાં જતાં લાગ્યાં ! **હરિ**ની યાદગીરી વધી છે.

પછીથી તો જીવનમાં શી લગની, આસક્તિ પદ **હરિ**ને
-રહી જે કેળવાઈને વ્યસન **હરિ**પદનું લાગ્યું છે.

હરિઃૐ

# **હરિ**ને અંતરે કેવો

સ્મરણ સ્મરતાં, **હરિ** ભજતાં **હરિ** પર ભાવ ઊછળ્યો છે,
જીવનમાં તેથી તો હાવાં **હરિ** ભાવેલ છે દિલ તે.

**હરિ**ની ભાવના દિલમાં જીવન વિશે વણાઈ છે,
શું તાણોવાણો **હરિ**નો તે જીવનવસ્ત્રે વણાયો છે !

જીવન સુરખી રસીલી ને શું આકર્ષણ નશીલી છે !
નયન દિલની સતત મીટ જ **હરિ**મુખ પર શી ચોંટી છે !

**હરિ**ને અંતરે કેવો લગાવીને હૃદયમાં જે
-રસિક ત્યાં ગોઠડીકેરી લહેજતની શી મસ્તી છે !

હરિઃૐ

# हरि, हरि, बस हरि, हरि दिल

સ્મરણ લીધા જવાયાથી બીજી લપ સૌ જગતની તે
-વળી સંસાર વ્યવહારતણી પણ સૌ ટળી ગઈ છે.

સતત મન શું જીવનકેરા મનન ચિંતવનતણા દેશે
-પરોવાઈ રહેવાથી બીજું ગૌણત્વ પામે છે !

બીજું કંઈ કર્મ જે આવી પડેલું તે થતું રહે છે,
પરંતુ મોખરે દિલમાં **हरि**નો ભાવ તરતો છે.

**हरि, हरि,** બસ **हरि, हरि** દિલ રટણ જપમાળ ચાલે છે,
વહ્યા અસ્ખલિત કરતી છે, જીવન આનંદ રેલે છે.

હરિઃૐ

## हरि શો શબ્દબ્રહ્મ જ છે

**हरि** સ્મરતાં, **हरि** ભજતાં, સ્મરણ ચાલ્યા કરેલું છે,
સ્મરણની મસ્ત દુનિયાનો બધો સંસાર વહાલો છે.

હૃદયના ભાવનું કેંદ્ર અમારા સૌ જીવનનું તે
-હવે તો માત્ર **हरि** પોતે, હૃદય બહેલાવવા **हरि** છે.

જીવન આધાર સર્વસ્વ અનુભવમાં અનુભવથી
-**हरि** પોતે જીવનમાં તે પૂરો મહાલી રહ્યો મૂળથી.

**हरि, हरि** શો હવે નાદ જીવન આધારમાં ના છે,
**हरि** શો શબ્દબ્રહ્મ જ છે ! જીવન ગર્જંત રણકે છે.

હરિઃૐ

## हरि વિના ન ગમતું છે

સ્મરણની મસ્ત દુનિયાનો બધો  વ્યવહાર દિલનો છે,
અમે વ્યવહારમાં તેવા મદોન્મત્ત જ હૃદય શા તે !

**हरि**ની સાથ લટકાંની જીવન ગમ્મત અમારે છે,
જુદી જુદી રીતે દિલમાં રમત રમવાની **हरि** સાથે.

ગતકડાં પણ **हरि** કેવો અમારી સાથ ખેલે છે !
પજવતો પણ રહે છે શો લડાવીને અમોને તે !

**हरि** વિના ન ગમતું છે જરા પણ કંઈ હૃદય અમને,
**हरि** જીવનમાં રમવાનું રમકડું તો હવે દિલ છે.

હરિઃૐ

## હૃદયમાં સભાનતા શી છે !

સ્મરણ અભ્યાસથી ઊંડો જીવન હેતુ જણાયો છે,
જણાયો માત્ર ના, તેણે વળાવ્યો શો મને પંથે !

મથામણની પ્રતિક્રિયા વિશે મૂકી દઈ મુજને
-મહત્ત્વનું ભાન જીવનનું હૃદયમાં તો સ્ફુરાવ્યું છે.

સ્ફુરાવીને, જગાડીને પૂરી કમર કસાવીને
-જીવન સંગ્રામમાં પ્રેરી લગાવ્યો ધક્કો લડવાને.

મદદ **હરિ**ની લઈ લઈને સચેતન દિલ થયેલું છે,
**હરિ** અસ્તિત્વની જીવતી હૃદયમાં સભાનતા શી છે !

હરિઃૐ

## હરિના શા અમે સેવક

સ્મરણથી ભક્તિ દિલ પ્રગટી **હરિ** સાથે હૃદયની જે
-મહોબત કેવી ઉત્કટ તે જીવન મારે શી ઊમટી છે !

**હરિ**ના ભાવનું જીવન શું સર્વોત્કૃષ્ટ ઉત્તમ છે !
જીવન સાકાર કરવા તે નર્યો પુરુષાર્થ કીધો છે.

**હરિ**નાં પદકમળને તે નયનના અશ્રુથી ભાવે
-સતત ભીંજવ્યા કરી કરીને **હરિ**માં ચિત્ત ધાર્યું છે.

**હરિ** એવો જીવનનો તો અમારો શેઠ, સ્વામી છે,
**હરિ**ના શા અમે સેવક વફાદાર જ બધી રીતે.

હરિઃૐ

# હરિનું એકલાનું તે

સ્મરણના ભાવથી જીવન હૃદય રમમાણ શો થઈને
-**હરિ**નાં તે ચરણકમળે કૃપાથી સોંપી દીધું છે !

હૃદયમાં મોખરે ધારી પરિસ્થિતિ સર્વમાં **હરિ**ને,
ભજી ભજીને સતત દિલમાં જીવંતો મસ્ત રાખ્યો છે.

મનન ચિંતવન હૃદય માત્ર **હરિ**નું એકલાનું તે
-હૃદય ભક્તિથી ઉન્મત્ત થઈ, ઉત્કટ કરેલું છે.

**હરિ**ને કેંદ્રબિંદુમાં જીવનમાં ધારી ધારીને,
જીવન વિસ્તારમાં પણ શો **હરિ**ને ખાસ રાખ્યો છે.

હરિઃૐ

# हरि વિના બીજું કોઈ પણ

જુદી જુદી રીતે કેવું, સ્મરણ સાધન થયેલું છે !
સ્મરણ ઉપાસના દિલથી ખરેખર શી થયેલી છે !

હ્રદય ઉપાસનાથી તે ચરણ મુગ્ધ જ થયેલું  છે,
**हरि**ની ભક્તિમાં કેવું પરોવાઈ જવાયું છે !

જીવનમાં ના હવે બાકી કશીયે ગડમથલ રહી છે,
**हरि** વિના બીજું કોઈ પણ અમારે ના જીવન કંઈ છે.

હ્રદય અલમસ્ત **हरि** ચરણે સતત તે મગ્ન ને લગ્ન
-શું એકાકાર સંપૂર્ણ ! જીવન એને જ જાણ્યું છે.

હરિઃૐ

## **हरि**ની સાથ મહોબતની

સ્મરણ શો જાદુનો કીમિયો **हरि**ની યાદ પ્રગટાવે,
**हरि**ની સાથ મહોબતની છડી તે કેવી પોકારે !

જીવનમાં કોઈક એવી જે અદીઠ ને છૂપી શક્તિએ
-કરી મુજ પર રહમ કેવો પકડી મુજ કર લીધેલો છે!


જીવનમાં સાવ ભૂલ્યો છું, **हरि**ને હું બધી રીતે,
છતાં **हरि**એ કદી મુજને હૃદય છોડી દીધો ના છે.

સ્મરણ ભક્તિથી જીવનમાં નવો સંચાર મહોર્યો છે,
નૂતન આશા, નૂતન શ્રદ્ધા અનેકે રીત ફોર્યાં છે.

હરિ:ૐ

## ખંડ - ૯

# 'અનુભવી' દિલ તુજ ઝાંખી
# 'અનુભવી' શો નિરાળો છે !



અનુભવી તેથી **હરિ** તોલે કદી પણ આવી ના શકશે,
છતાં નિમિત્તની સ્થિતિમાં બધા ગુણધર્મ **હરિ**ના છે.

હરિઃૐ

# અનુભવ જાગશે તો તો

**હરિ**ના નામનો પણ શો જીવન ઉપયોગ લીધો છે !
હૃદય ઉપયોગથી તેવા જીવનમાં જ્ઞાન સ્ફુર્યું છે.

**હરિ**ના નામનું અદ્‌ભુત સ્મરણ મુજને શું લાગ્યું છે !
જીવનમાં જાદુ સ્મરણે તે શું ઉપજાવી દીધેલું છે !

ધીરે ધીમે સ્મરણને તો નિરંતરનું બનાવ્યું છે,
કૃપાની શક્તિની કેવી મદદ છૂપી મળેલી છે !

હૃદય એકવાર સત્કાર સ્વીકાર ભક્તિપૂર્વકનો
-થયેલો હો પૂરેપૂરો, અનુભવ જાગશે તો તો.

હરિઃૐ

# અનુભવ લઈ જુઓ મનથી

અમારે ના કશું કહેવું, ન વદવાનું કશું પણ છે,
કશુંયે માત્ર કથવાથી થતું ના સિદ્ધ કશું પણ તે.

પ્રયોગાત્મક રીતે તેથી જીવનમાં તો વણી લઈને
-સ્મરણને એકધારું તો અમે વર્ણી બતાવ્યું છે.

પુનિત ગંગાતણાં જળથી સ્મરણ અદકું વિશેષે છે,
પવિત્ર તે સ્મરણ જેવું અવર કોઈ ન સાધન છે.

**જીવો**ને પ્રાર્થના દિલની, સ્મરણને ખરેખરા દિલથી
-પ્રયોગેથી કરી તેનો અનુભવ લઈ જુઓ મનથી.

હરિઃૐ

## થતાં અનુભવ સ્મરણનો ત્યાં

જીવન વિકસાવવા શક્તિ સ્મરણના મૂળમાં શી છે
-મને તેની કશી સમજણ શરૂ શરૂમાં હતી ના જે.

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, સ્મરણનો મહાવરો પડતાં,
થતાં અનુભવ સ્મરણનો ત્યાં, હૃદય પરખાણી શક્તિ ત્યાં.

સ્મરણ ના દોદળું સાધન, પુનિતમાંયે પુનિત સાધન,
જીવન વિકસાવવા અર્થે સ્મરણ કેવું મળ્યું જીવન !

સ્મરણ જીવતું થતાં તેનો જીવનમાં સ્પર્શ ન્યારો છે,
જીવનનો છંદ ને રંગ સ્મરણથી સાવ પલટ્યો છે.

હરિઃૐ

## અનુભવ શો લીધેલો છે !

સ્મરણ એ તો અમારે દિલ પ્રતીક પ્રત્યક્ષ **હરિ**નું છે,
**હરિ**ની યાદગીરીમાં સ્મરણ લીધા કરેલું છે.

સ્મરણની બોલબાલામાં જીવન વિતાવી દીધું છે,
સ્મરણમાં ને સ્મરણથી તો જીવનમાં ખૂબ શીખ્યો જે.

સ્મરણની પણ તપશ્ચર્યા જીવન કરવી પડેલી છે,
તપશ્ચર્યા થકી કેવી જીવનની શક્તિ ફોરી છે.

સ્મરણને તો જુદાં જુદાં બધાં પાસાંથી જાણીને
-સ્મરણને મસ્ત લલકારી અનુભવ શો લીધેલો છે !

હરિઃૐ

## અનુભવમાં પ્રકાશ્યું છે

સ્મરણ અભ્યાસથી કેવું હૃદય શું રાચવા લાગ્યું !
હૃદય તે રાચવું બનતાં પકડી હૃદયે લીધેલું છે.

ધીમે ધીમે સ્મરણ હૃદયે ખરેખર જ્યાં પ્રવેશ્યું છે,
સ્મરણનું માહાત્મ્ય જીવંતું અનુભવમાં પ્રકાશ્યું છે.

'મહત્ત્વ શું જીવનનું છે' સ્મરણ સાધનથી જાણ્યું છે,
સ્મરણ લલકારતાં રહેતાં જીવનમાં ઊંડું ઊતર્યું  તે.

સ્મરણ ભક્તિથી માનવના જીવનનું મૂલ્ય સાચું જે
-મનુષ્ય યોનિથી માત્ર હૃદય પરખાતું, જાણ્યું તે.

હરિઃૐ

# સ્મરણ હરિને અનુભવવા

સ્મરણમાં ને સ્મરણમાં દિલ સતત ભીંજાતું તે રહીને,
સ્મરણથી મસ્ત રસભીનું જીવન અલમસ્ત નાચે છે.

સ્મરણ જ્યારે નિરંતરનું જીવન લાગી ગયેલું છે,
સ્મરણની તે ખૂબી કેવી જીવનમાં કોઈક પ્રીછે છે.

સ્મરણને તો પ્રયોગેથી જીવનમાં પ્રીછી નાણીને,
-કરી અનુભવ મહાલીને સ્મરણને દિલ મહાણ્યું છે.

સ્મરણ **હરિ**ને અનુભવવા શું સાધન ઉત્તમોત્તમ છે !
સરળ ને સહેલું પણ તે છે, જીવન ઉપયોગી નીવડ્યું છે.

હરિઃૐ

## અનુભવ દિલ આત્યંતિક

સ્મરણથી ગૌરી શિખર પર કૃપાથી તો ચઢાયું જ્યાં,
સ્મરણ ભક્તિની શક્તિનું શકાયું કાઢી માપ જ ના.

અનંતાનંત ચેતનની શી અપરંપાર શક્તિ છે !
સ્મરણથી ભક્તિ પ્રગટંતાં હૃદય ઊગી ગયેલું તે.

સ્મરણ અભ્યાસથી ઊંડો જીવનમાં ઑર ધસમસતો
-વહેવા ભાવ લાગ્યો છે, કમાણી શી જીવનની તે !

જુદા જુદા તબક્કાનો હૃદયનો ભાવ જુદો છે,
અનુભવ દિલ આત્યંતિક થતાંનો ભાવ ન્યારો તે.

હરિઃૐ

# અનુભવથી શિખાયું તે

સ્મરણ પુનિત ગંગામાં નહાવાનું કર્યા કરીને,
બધા મળથી થવા શુદ્ધ સ્મરણ ઉપયોગ કીધો છે.

બધું જે જે મળ્યું, તેનો જીવન વિકસાવવા અર્થે
-સહેતુક જ્ઞાનપૂર્વકનો પૂરો ઉપયોગ કીધો છે.

નકામું ના જવા દીધું કશું પણ કંઈ જીવનમાં તે,
મળ્યાંનો હેતુ પિછાની કર્યો હેતુ જ સાર્થક જે.

મળ્યું જે જે હૃદય તેનો પરાપૂર્વતણો શો તે
-છૂપો સંબંધ ગૂઢ પણ છે ! અનુભવથી શિખાયું તે.

હરિઃૐ

# અનુભવથી નિહાળ્યું છે

સ્મરણ સાધનમાં દિલ ઊંડો મને વિશ્વાસ બેઠો છે,
રહ્યું નાનકડું છોને તે, પરંતુ કામ ભારે દે.

કરી જોયો સ્મરણનો તો પ્રયોગ જ તે રૂડી રીતે,
ઊગેલા **ગુણ** ને **શક્તિ**, અનુભવથી નિહાળ્યું છે.

પ્રત્યેકનું પૃથક્કરણ શું ઝીણામાં ઝીણું જે કંઈ છે,
કરી જોવાતણી વિદ્યા સ્મરણ અભ્યાસથી મળી છે.

મહત્ત્વ માનવી જીવનતણું જે શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ,
-અનુભવવા **હરિ** અર્થે, સ્મરણથી દિલ જન્મ્યું છે.

હરિઃૐ

## અલગ અનુભવ ન ક્યાંયે છે.

સ્મરણની દિલમાં કેવી લગનીની મસ્ત ભરતી છે !
શી વારંવાર એની એ હૃદયમાં યાદ પ્રગટે છે.

લગનીની મસ્તી ઉત્કટ છે, વિસારી ના વિસારાયે,
હૃદયમાં એનું એ ચિંતવન સતત ચાલ્યા કરે છે જે.

અનુભવ દિલ તુજ ઝાંખીતણો જે ઊપસેલો છે,
અનુભવ તે જ ફરી ફરીને નૂતન વિશે શું ધક્કેલે !

અનુભવ એક એકથીયે જુદા જુદા અનેકે છે,
વળી પોતાથી બીજો કોઈ અલગ અનુભવ ન ક્યાંયે છે.

હરિ:ૐ

## અનુભવી તેથી હરિ તોલે

અનુભવીને નિમિત્ત જ છે, નિમિત્ત કંઈ ન **હરિ**ને છે,
અનુભવીને નિમિત્ત રીતે જીવનમાં વર્તવાનું છે.

અનુભવીને નિમિત્ત રીતે બધાં સ્થળ, કાળ વિસ્તાર
-**હરિ**ને જ્યારે એમાંનો કશો ક્યાંયે ન આધાર.

છતાં નિમિત્તાથી પોતે કદી બંધાયેલો ના **તે**,
વળી સર્જન કરે **હરિ** જે અનુભવી ના કરી શકશે.

અનુભવી તેથી **હરિ** તોલે કદી પણ આવી ના શકશે,
છતાં નિમિત્તની સ્થિતિમાં બધા ગુણધર્મ **હરિ**ના છે.

અનુભવીને નિમિત્તનુંયે જગત છે આગવું નિજનું,
**હરિ** શો સ્વતંત્ર નોધારો, **હરિ** આધાર શો સહુનો !

હરિઃૐ

# અનુભવીનું જ છે તેમ

અનુભવ ચેતનાનિષ્ઠ પ્રતિભા તે પ્રકાશી રહે,
ખૂણેખૂણાય અજવાળી પ્રકાશ તેજ પ્રસરાવે.

અનુભવ તે થયા કેડે, જીવન નિમિત્ત જેવું છે,
જીવનમાં શક્તિ, ગુણ ભાવ પ્રમાણે તે પ્રગટતાં છે.

પ્રકૃતિ યોનિ **हरि**ની છે, પ્રકૃતિથી બધું સર્જન
-**हरि**થી તે થતું રહે છે, અનુભવીનું જ છે તેમ.

ગમે તેટલો મહાન જ છો અનુભવી હો જીવનમાં તે,
છતાં તે બ્રહ્મની તોલે કદી પણ આવી ના શકશે.

અનંતાનંત વિસ્તાર **हरि**નો ખૂબ સહજ શો છે !
અનુભવીનો જ વિસ્તાર **हरि**ના જેટલો ના છે.

હરિઃૐ

## हरिपदમાં મળ્યું સ્થાન

સ્મરણની સાધનાને હું કશું પણ જાણતો નહોતો,
સ્મરણ લેતાં, ધીમે ધીમે સમજ પડતી થયેલી છે.

તમન્ના અગ્નિના જેવી હૃદય પ્રગટેલ, તેનાથી
-ગયું આવડતું જે તે કંઈ, તમન્નાની જ ખરી ખૂબી.

તમન્ના દિલની ઉત્કટ જે બધું શિખવાડી તે દે છે,
તમન્ના જેવો સદ્‌ગુરુ તો અવર કો ના મળી શકશે.

તમન્નાએ જ બુડથલને શું નો શું બનાવ્યો છે,
हरिપદમાં મળ્યું સ્થાન, તમન્નાની કળા શી તે !

હરિઃૐ

## અનુભવી દિલ ગાયાં છે

હૃદય મસ્ત રહેવાને સ્મરણની ભક્તિનું સાધન
-કૃપાથી જે મળેલું છે, અનુપમ શી કળા ઉત્તમ !

સ્મરણની વિધા શક્તિની કળા અનુભવની જીવનમાં
-પ્રયોગાત્મક સ્મરણનાથી કૃપાથી તો મળી દિલમાં.

સ્મરણમાં આપમેળેથી રહેવાયું, ટકાયું છે,
જીવન જીવતું થયું તેથી, સ્મરણ શક્તિ પ્રભાવે તે.

સ્મરણની મસ્ત બલિહારી હૃદય અલમસ્ત વ્યાપી છે,
સ્મરણના મુક્ત ગુણગાન અનુભવી દિલ ગાયાં છે.

હરિઃૐ

# અનુભવી શો નિરાળો છે !

રમંતો છો ભલે લાગું, ગમે તે યદ્વાતદ્વામાં,
પરંતુ સત્ અસત્માં તે રમંતાં, ભાવ **हरि**નો ત્યાં.

**हरि** જેમ સત અસતમાં છે, અનુભવીનુંય તેવું છે,
**हरि**નો ભાવ પ્રત્યક્ષ પુરાવારૂપ તેમાં છે.

અખંડિત તે જીવંતો દિલ બધામાં ભાવ **हरि**નો જે
-સતત ખેલ્યા કરે કેવો ! શું વર્તાયે નિમિત્તે તે !

વિરોધાભાસ એ રીતે અનુભવીના જીવનનો તે
-અવરને લાગતો, તોયે અનુભવી શો નિરાળો છે !

હરિઃૐ

## વ્યવસ્થિતિ અનુભવીની

પૂરો વિશ્વાસ મૂકેલો બીજા પર હો, છતાં પણ તે
-કદીક શો બેવફા નીવડે ! કૃપાનું ત્યાંય દર્શન છે.

સ્વતંત્ર શા નિયમ સઘળા **હરિ**ના તો જગતમાં છે,
જગત જીવનનું ત્યાં ધોરણ **હરિ**નું ના કદી પણ છે.

**હરિ**નું આગવું ધોરણ, અનીતિ, નીતિથી પર તે
-જગત ધોરણથી તે પાછું ન બંધાયેલ કો રીતે.

વ્યવસ્થિતિ અનુભવીની હૃદય સમતુલ અદ્‌ભુત જે,
તહીં વ્યવહારીની પૂર્ણ બધી હોશિયારી તુચ્છ જ છે.

હરિઃૐ

## અનુભવીને કશું એમાં

જગત જીવનથી ઊંચે તો મને **તેં** શો ઉરાડ્યો છે !
જગત જીવન વિશે તોયે હૃદય રસ તે છતાં શો છે !

અભિમુખતા **હરિ** પ્રત્યે હૃદય ચેતાવા અર્થે
-બધાં નિમિત્ત સંબંધો જીવનમાં વાસ્તવિક શા છે !

કશાનું ક્યાંય **હરિ** વિના બીજું અસ્તિત્વ ના દિલ છે,
નિમિત્તે પણ **હરિ**ની જે પ્રવર્તેલી લીલા શી છે !

**હરિ**નો ભાવ જીવંતો હૃદયનો ચેતનાત્મક જે
-અખંડિત શો રહ્યા કરીને ! બધાંની સાથ ખેલે છે.

છતાં તેને અવરજન તો જગતનો માનવી માને,
અનુભવીને કશું એમાં ન ઓછુંવત્તું લાગે છે.

હરિઃૐ

## અનુભવીને પૂરી રીતે

અનુભવીને પૂરી રીતે નજીકમાંના નજીક પણ જે,
બરાબર ને યથાયોગ્ય રીતે કોઈ સમજી ના શકશે.

સમજવાને જીવન ભૂમિકા હૃદયની કેળવાયેલી
-પૂરેપૂરી ઘટે હોવી જરૂરની યોગ્ય રીતિની.

'રિલેટિવિટીની થિયરી' બધાં તે સમજી ના શકશે,
સમજવા પાત્ર કોઈ માત્ર, અનુભવીનુંય તેવું છે.

છતાં પણ લોક લઈ મંડે, કરે શી જ્ઞાનની વાતો
-અધિકાર જ વિનાની તે ! નવાઈ તે પમાડે છે.

* Theory of Relativity

હરિઃૐ

# બધું અંતરનું દૈવત તે

ગમે તે ક્ષેત્રમાં પ્રતિભા ખરે ! ઉત્તમ ને મૌલિક જે,
-બધું અંતરનું દૈવત તે ન દર્શાવ્યા વિના રહેશે.

જીવન કારકિર્દી નિજની તે કરી કરી કર્મ નક્કર તે,
કરી પુરવાર દે નિજને, પ્રતિભા એવી મૌલિક છે.

પ્રતિભા એવીનો જીવને જીવનમાં સ્પર્શ જ્યાં જ્યાં છે,
વહીવટ યોગ્ય વ્યવસ્થિતિ કરી દે ગૌરવાંકિત તે.

પ્રતિભા કેવી ધસમસતી જીવનમાં સર્જનાત્મક છે !
ગમે તેવા પ્રસંગે પણ ન ગૂંગળાઈ મરે છે તે.

કુશાગ્ર બુદ્ધિ કુશળ શી પ્રતિભાની જીવનમાં છે !
પ્રચંડ જ આંજી દે એવી ગજબ શક્તિ સ્મરણની છે.

**॥ હરિઃૐ ॥**

॥ હરિઃૐ ॥

# પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૨૦ :** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૦:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૦ :** ગૂજરાત વિદ્યાપીઠ પ્રવેશ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૨ :** 'મનને'ની રચના.

**૧૯૨૩ :** 'તુજ ચરણે'ની રચના તથા પ્રકાશન.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૪ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭ :** સાકુરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકુરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૨૮ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

**૧૯૩૪થી ૧૯૩૯** દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં છાણાંની ૬૩ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને ૨૮ દિવસની સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪**થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

## આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા ટેપવાણી | ૧૨ |
| ૪. | પ્રવચન વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનંસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હૃદયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |

| | |
|---|---|
| ૧૩. આર્તપોકાર | ૧૯૫૪ |
| ૧૪. અભ્યાસીને | ૧૯૬૭ |
| ૧૫. જિજ્ઞાસા | ૧૯૭૦ |
| ૧૬. ભાવ | ૧૯૭૧ |
| ૧૭. જીવનઝલક | ૧૯૭૧ |
| ૧૮. જીવનસૌરભ | ૧૯૭૧ |
| ૧૯. જીવનઅનુભવગીત | ૧૯૭૧ |
| ૨૦. જીવનસ્મરણ | ૧૯૭૧ |
| ૨૧. શ્રદ્ધા | ૧૯૭૧ |
| ૨૨. જીવનલહરી | ૧૯૭૧ |
| ૨૩. જીવનતપ | ૧૯૭૨ |
| ૨૪. જીવનરસાયણ | ૧૯૭૨ |
| ૨૫. જીવનઆહ્‌લાદ | ૧૯૭૨ |
| ૨૬. રાગદ્વેષ | ૧૯૭૨ |
| ૨૭. નિમિત્ત | ૧૯૭૨ |
| ૨૮. ગુણવિમર્શ | ૧૯૭૨ |
| ૨૯. જીવનસ્પંદન | ૧૯૭૩ |
| ૩૦. જીવનરંગત | ૧૯૭૩ |
| ૩૧. જીવનકથની | ૧૯૭૩ |
| ૩૨. જીવનસ્મરણસાધના | ૧૯૭૩ |
| ૩૩. જીવનમથામણ | ૧૯૭૩ |
| ૩૪. પ્રેમ | ૧૯૭૩ |
| ૩૫. મોહ | ૧૯૭૩ |
| ૩૬. કૃપા | ૧૯૭૩ |
| ૩૭. સ્વાર્થ | ૧૯૭૩ |
| ૩૮. શ્રીસદ્‌ગુરુ | ૧૯૭૩ |
| ૩૯. કર્મઉપાસના | ૧૯૭૩ |
| ૪૦. જીવનચણતર | ૧૯૭૪ |
| ૪૧. જીવનઘડતર | ૧૯૭૪ |
| ૪૨. જીવનપગદંડી | ૧૯૭૪ |
| ૪૩. જીવનકેડી | ૧૯૭૪ |
| ૪૪. ભાવકણિકા | ૧૯૭૪ |
| ૪૫. ભાવરેણુ | ૧૯૭૪ |
| ૪૬. ભાવજ્યોતિ | ૧૯૭૪ |
| ૪૭. ભાવપુષ્પ | ૧૯૭૪ |
| ૪૮. ભાવહર્ષા | ૧૯૭૫ |
| ૪૯. જીવનપ્રભાત | ૧૯૭૫ |
| ૫૦. જીવનપ્રવાહ | ૧૯૭૫ |
| ૫૧. મૌનાર્થીને માર્ગદર્શન | ૨૦૦૩ |

●

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| **નં.** | **પુસ્તક** | **પ્ર.આ.** |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

●

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | દાંપત્ય ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહૃદય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કેન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

•

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |
| ૩. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા | ૧૯૯૪ |
| ૪. | શ્રીમોટાની મહત્તા | ૧૯૯૫ |
| ૫. | મળાયું પણ ભળાયું નહિ | ૧૯૯૫ |
| ૬. | મળ્યા ફળ્યાની કેડી | ૨૦૦૧ |
| ૭. | મોટા - મારી મા | ૨૦૦૩ |

•

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

•

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મમૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |

| | | |
|---|---|---|
| ૧૭. | દુર્લભ દેહ મનુષ્યનો | ૨૦૦૭ |
| ૧૮. | દૈવાસુર સંગ્રામ | ૨૦૦૭ |
| ૧૯. | પ્રસાદી (ગુજરાતી) | ૨૦૦૮ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટાના બે બોલ (તમામ પુસ્તકોમાંથી લેખકના બે બોલનું સ્વતંત્ર પુસ્તક) | ૨૦૧૪ |
| ૨૧. | જીવનયોગ ભાગ ૧ અને ૨ | ૨૦૧૬ |
| ૨૨. | બુદ્ધિ | ૨૦૧૭ |

•

## જીવનકવન

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવન અને કાર્ય ભાગ-૧,૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૬ |
| ૪. | વિદ્યાર્થી મોટાનો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ પૂજ્ય શ્રીમોટાના વહાલા ‘ભાઈ’ શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | ૨૦૨૦ |

•

## અન્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના મોટા | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |
| ૮. | ચિદાકાશ | ૨૦૦૦ |
| ૯. | પ્રાર્થના પોથી | ૨૦૧૦ |
| ૧૦. | શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ | ૨૦૧૪ |
| ૧૧. | શ્રીમોટા ચરણે આંતર પ્રવેશ | ૨૦૧૬ |
| ૧૨. | શ્રીમોટા ચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) | ૨૦૧૮ |
| ૧૩. | બધું આપણામાં જ છે | ૨૦૧૮ |
| ૧૪. | સમર્થ સદ્ગુરુ પૂજ્ય શ્રીમોટા | ૨૦૧૮ |

•

## हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तिका का लिस्ट

| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरि:ॐ आश्रम – श्रीभगवान के अनुभव का स्थान | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के मोटा | २०१२ |
| ११. | विद्यार्थी मोटा का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |

●

## હરિઃૐ આશ્રમમાં ઉપલબ્ધ અંગ્રેજી પુસ્તકોની યાદી. જાન્યુઆરી - ૨૦૨૦

**English books available at Hariom Ashram Surat.**
**January - 2020**

| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet (Tuj Charane) | 1948 |
| 2. | To The Mind (Man ne) | 1950 |
| 3. | Life's Struggle (Jeevan Sangram) | 1955 |
| 4. | The Fragrance of a Saint (Paraslila) | 1982 |
| 5. | Vision of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-interest (Swarth) | 2005 |
| 9. | Inquisitiveness (Jignasa) | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals (Vidhi-Vidhan) | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for Children (Balako na Mota) | 2008 |
| 14. | Against Cancer (Cancer ni Same) | 2008 |
| 15. | Faith (Shraddha) | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human to Divine (Bhagat ma Bhagwan) | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace (Krupa) | 2012 |
| 20. | I Bow at Thy Feet (Tuj Charane) | 2013 |
| 21. | Attachment and Aversion (Raag Dhwesh) | 2015 |
| 22. | The Undending Odyssey - My Experience of Sadguru Sri Mota's Grace | 2019 |

●

॥ હરિઃૐ ॥

(ગઝલ)

સ્મરણની ભાવ ચિનગારી હૃદય લાગી ગયેલી જે,
હૃદય સળગાવી મૂકીને, હૃદય ચેતાવી દીધું છે.

હૃદય ગાંડું કરી મૂકી સ્મરણમાં થનગનાવ્યું છે,
સ્મરણના ભાવ ઉલ્લાસે થયું છે નાચતું દિલ તે.

સ્મરણનું દિલ ઉત્સાહે ચઢેલું પૂર કેવું તે !
સ્મરણમાં વેગ પ્રેરાવા સ્મરણને ધસમસાવે છે.

સ્મરણમાં બાદબાકી કે ન ભાગાકાર પણ કંઈ છે,
સ્મરણમાં માત્ર સરવાળો, ગુણાકાર જ થતો રહે છે.

- શ્રીમોટા

'જીવનસ્મરણસાધના', બી. આ., પૃ. ૯૦

કિંમત : રૂ. ૩૦/-